Bk-3117

યોગસાધનાના પાયા

[*Bases of Yoga*]

· ભાગ પહેલો ·

3
596

શ્રીઅરવિંદ

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. B
133.65
.Y6
BK-3117

યોગસાધનાના પાયા

[*Bases of Yoga*]

· ભાગ પહેલો ·

શ્રીઅરવિંદ

· અનુવાદક ·

અંબાલાલ પુરાણી

· પ્રકાશક ·

શ્રી અરવિંદ કાર્યાલય · આણંદ

Gift
BK-3117
B
133.6
.G5Y6

પહેલી આવૃત્તિ • મે, ૧૯૩૮
કીમત દસ આના

મુદ્રક • ચિમનલાલ કીશીભાઇ પટેલ • દેશબન્ધુ પ્રિન્ટિંગ પ્રેસ • આણંદ
પ્રકાશક • મૂળજીભાઇ તલાટી • શ્રીઅરવિંદ કાર્યાલય • આણંદ

પ્રકાશકનું નિવેદન

*

આ લખાણો શ્રીઅરવિંદે તેમના શિષ્યોને પ્રશ્નોના ઉત્તરો આપેલા તેમાંથી અવતરણો લઇને તૈયાર કરવામાં આવ્યાં છે. યોગની સમજૂતી મેળવવામાં અને તેના અભ્યાસમાં સાધકને સહાયભૂત થાય એ હેતુથી એમને અહીં એકત્ર કરીને ક્રમવાર ગોઠવ્યાં છે.

*

આ પુસ્તકમાં 'Bases of Yoga'નાં ત્રણ પ્રકરણોનો અનુવાદ પ્રકટ કરવામાં આવ્યો છે. બાકીનાં બે પ્રકરણ બીજા ભાગમાં પ્રકટ થશે.

અ નુ ક્ર મ ણિ કા

*

સ્થિરતા, શાંતિ, સમતા	...	...	૧
શ્રદ્ધા, અભીપ્સા, સમર્પણ	...	...	૪૧
મુશ્કેલીમાં —	...	...	૭૫

યોગસાધનાના પાયા

સ્થિરતા
શાંતિ
સમતા

મન જો ચંચળ હોય તો યોગમાં સ્થિર થવું શક્ય નથી. મનની અચંચળતા એ સાધનાની પહેલી જરૂરિયાત છે. વ્યક્તિતાનો લય કરવો એ યોગનું મુખ્ય લક્ષ નથી. એનો મુખ્ય ઉદ્દેશ તો વ્યક્તિની ચેતનાને ઊર્ધ્વ આધ્યાત્મિક–ચેતના પ્રત્યે ઉન્મુખ કરવાનો છે. આને માટે પણ અચંચળ મન એ પહેલી જરૂરિયાત છે.

*

મનમાં શાંતિ અને નિશ્ચલ નીરવતાની પ્રતિષ્ઠા કરવી એ સાધકનું પ્રથમ કર્તવ્ય, સાધનાનું પ્રથમ પગલું. તેમ કર્યા વિના, એ પગલું ભર્યા વિના, સાધકને આધ્યાત્મિક અનુભવો થઇ શકે ખરા; પણ તે મુદ્દલે ચિરસ્થાયી નીવડે નહિ. શુદ્ધ ચેતનાના નિર્માણ માટે કોઇ લાયક સ્થાન હોય તો તે અચંચળ મન.

અચંચળ મનમાં વિચાર કે મનોવૃત્તિઓનો અભાવ હોય

એમ કહેવાનો મારો આશય નથી; કહેવાનો આશય એ છે કે વિચાર અને મનોવૃત્તિઓ અચંચળ મનની સપાટી પર તરવરતાં હશે, મનને પોતાના પ્રવાહમાં તે તાણી જતાં નહિ હોય. કહેવાનો આશય એ છે કે તેમનાથી ભિન્ન, તેમના પ્રવાહમાં નહિ તણાતાં તેમને સાક્ષીરૂપે જોનાર, તેમના સાવધાન અધ્યક્ષ બની શુદ્ધ ચેતના અને સત્ય અનુભવો અંગીકાર કરી સર્વ અસ્વીકાર્ય વિચારવૃત્તિનો સદંતર બહિષ્કાર કરનાર તમારા શુદ્ધ સ્વરૂપનો ત્યાં, તમારા અચંચળ મનની ગહનતામાં, તમે અનુભવ કરશો.

મન નિષ્ક્રિય રહે એ સારી વાત છે. પણ પરમ સત્ય અને મહાશક્તિના સંપર્ક પુરતું જ એ નિષ્ક્રિય રહે એ બાબત સાવધ રહેજો. અવિદ્યામય પ્રકૃતિના પ્રભાવ અને સૂચનોને અધીન બનવાની બાબતમાં જો મન નિષ્ક્રિય રહેશે તો તમે પ્રગતિ કરી શકશો નહિ. અથવા તમને યોગભ્રષ્ટ કરવાનું, યોગમાર્ગથી દૂર ફેંકી દેવાનું, જે આસુરી સત્તાઓમાં બળ છે તેના આક્રમણના તમે ભોગ બનશો.

ઉપર કહેલી મનની નિશ્ચલ અચંચળતા અને સ્થિરતા માટે તથા તમારો અંતરાત્મા તમારી બાહ્ય પ્રકૃતિથી જુદો છે, એનો સાક્ષી છે, પરમ જ્યોતિ અને પરમ સત્યનો એકનિષ્ઠ આશક છે એવું સદા તમને સ્મરણ રહે તે માટે

આત્માના આર્ત પુકાર સાથે ભગવતી માતાજીને યાદ કરજો.

જે સત્તાઓ સાધનામાં આડે આવે છે તે અવિદ્યામય પ્રાણ, મન અને શરીરની પ્રકૃતિમાંથી આવે છે. એ સત્તાઓની પાછળ રહી મન, પ્રાણ અને સૂક્ષ્મ શરીરની વિરોધી સત્તાઓ ટેકો આપતી હોય છે. પરમાત્મપ્રાપ્તિ માટેની અનન્ય અભીપ્સામાં મન અને હૃદય એકચિત્ત થઇ જોડાય ત્યાર પછી જ એ સત્તાઓને ઠેકાણે લાવવાનું કામ સુગમ થાય.

*

નિશ્ચલ નીરવતા સદા શ્રેયસ્કર છે. પરંતુ મનની અચંચળતાનો મેં જે ઉલ્લેખ કર્યો છે તે તેની સંપૂર્ણ નીરવતાના અર્થમાં નહિ. અચંચળ મન એટલે જે મન ક્ષોભ અને અશાંતિથી મુક્ત તથા ધીરજ, આરામ અને પ્રસાદથી યુક્ત હોઇ પરિણામે પ્રકૃતિનું રૂપાંતર કરનાર મહાશક્તિ પ્રત્યે ઉન્મુખ હોય તે મન.

દુઃખકર વિચારો, અસમ્યક્ ચિત્તવૃત્તિઓ, વિચારોની અવ્યવસ્થા તથા અસુખકર ચેષ્ટાઓમાંથી મુક્તિ મેળવવી અતિ આવશ્યક છે. એ વસ્તુઓ પ્રકૃતિના કાર્યમાં વિક્ષેપ ઊભા કરે છે; પ્રકૃતિને તિમિરથી છાઇ દે છે; અને શક્તિના

કામમાં મુશ્કેલી ઊભી કરે છે. સ્થિર અને શાંત મનમાં કામ કરવું મહાશક્તિને સુગમ પડે છે. તમારી અંદર જે જે વસ્તુઓનું રૂપાંતર કરવાનું છે તેમને, નિરુત્સાહી થયા વિના કે ક્ષોભ પામ્યા વિના, જોતાં તમારે શીખવું જોઇએ. એ રીતે જોતાં આવડે તો રૂપાંતર વધારે સહેલાઇથી થાય છે.

*

'નિસ્પંદ' મન અને 'સ્થિર' મન વચ્ચે તફાવત એ છે કે મન જ્યારે નિસ્પંદ હોય છે ત્યારે તેમાં જેણે વિચાર-રૂપે મૂર્ત સ્વરૂપ લીધું નથી એવા તાત્ત્વિક સારબોધ સિવાય એકકે વિચાર, એકકે મનોમય સર્જક-બીજ કે બીજી કોઇ પણ માનસિક ક્રિયા હોતી નથી. એથી ઉલટું મન જ્યારે સ્થિર હોય છે ત્યારે તેમાં મનોમય સત્ત્વ એટલું સ્થિર હોય છે કે એની સ્થિરતાનો કોઇ ભંગ કરી શકે નહિ. જો મનમાં વિચારો કે સંકલ્પો ઊભા થતા લાગે તોપણ તે સાધકના પોતાના મનમાંથી તો નથી જ થતા, તેઓ બહારથી આવે છે. અને જેમ એક પંખીવૃંદ સ્તબ્ધ વાતાવરણમાં પગલી પાડ્યા વિના તથા કશાને ક્ષુબ્ધ કર્યા વિના આકાશને વટાવી જાય તેમ તેઓ સાધકના મનોમય આકાશને વટાવી જાય છે : ભલેને વિચારનાં હજારો સ્વરૂપો અગર અતિ ઉગ્ર ઘટનાઓ તેની આગળ પસાર થાય પણ જાણે કે મનનું આખું પોત

કોઇ અક્ષય શાશ્વત શાંતિમય તત્ત્વનું જ બનાવેલું ન હોય તેમ, તેની સ્થિર પ્રશાંતિ એવી ને એવી રહે છે. જે મનમાં આવી પ્રશાંતિ સ્થાપન થઇ હોય તે મન પોતાનો અતિ ઘન પ્રભાવ, અતિ સામર્થ્ય યુક્ત પ્રભાવ, ફેલાવી શકશે છતાં એની મૌલિક સ્થિરતા તો બની જ રહેશે. એ મન પોતે કાર્યારંભ નહિ કરે. પરંતુ ઉપરની ભૂમિકામાંથી આવનાર વસ્તુને પોતે સ્વીકારશે અને તેને મનોમય રૂપ આપશે. પોતાના તરફથી એમાં કશું ઉમેરશે નહિ. અને છતાં, આ બધી ક્રિયા શાંતિ અને અનાસક્તિપૂર્વક કર્યા છતાં, સત્યના આનંદનો તથા તેના અવતરણને પરિણામે મળતી સુખદ શક્તિનો તથા જ્યોતિનો પણ અનુભવ કરશે.

*

મન તદ્દન નિસ્પંદ અને નીરવ થઇ જાય, વિચારોથી મુક્ત બની પ્રશાંત થાય એમાં નહિ ઇચ્છવા જેવું કાંઇ નથી, કારણ કે મન જ્યારે નીરવ થાય છે ત્યારે ઘણી વખત ઊર્ધ્વ લોકમાંથી વિશાળ શાંતિ અવતરણ કરી શકે છે, તથા એ વ્યાપક શાંતિની અંદર મનોમય ચેતનાથી ઉપર આવી રહેલ, સર્વવ્યાપી વિરાટ, નીરવ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. પરંતુ જ્યારે ચેતનામાં એવી શાંતિ અને મનમાં એવી નીરવતા હોય છે ત્યારે પ્રાણમય મન તેમાં ઘસી જઇને તે જગો રોકી

લેવા પ્રયત્ન કરે છે, યા તો યાંત્રિક પુનરાવૃત્તિ કરનાર મન પોતાના રોજના નિર્જીવ વિચારોની ઘટમાળ ચલાવવા માટે તેની અંદર પ્રવેશ કરવા મથે છે. એ બહારથી ઘુસી જવા પ્રયત્ન કરનાર તત્ત્વોનો ઇન્કાર કરવાને તથા તેમને ચૂપ કરી દેવા માટે સાધકે કાળજી રાખવાની છે જેથી કરીને, ધ્યાનના સમય પૂરતી, મનની તથા પ્રાણની સ્થિરતા અને શાંતિ પૂરેપૂરી જળવાઇ રહે. એ પ્રમાણે કરવા માટે નીરવ અને બળવાન તપઃશક્તિ જાગ્રત રાખવી એ સારામાં સારો ઉપાય છે. એ નીરવ તપઃશક્તિ, ખરૂં જોતાં, મનની પાછળ રહેલા પુરુષની તપઃશક્તિ છે. મન જ્યારે પ્રશાંત હોય છે, નીરવ હોય છે, ત્યારે સાધકને પુરુષની ચેતનાનો સાક્ષાત્કાર થાય છે: એ પુરુષ પણ નીરવ તથા પ્રકૃતિની ક્રિયાથી જુદો હોય છે.

શાંત, ધીર અને સ્થિર થવું, મનમાં શાંતિ રાખવી, બહારની પ્રકૃતિથી અંતરના પુરુષની જુદાઇ અનુભવવી એ અનુભવ ઘણો જ સહાયક અને લગભગ અપરિહાર્ય છે. જ્યાં સુધી માનવ વિચારના ઝંઝાવાતોને, યા તો પ્રાણની ક્રિયાની અશાંતિને વશ હોય છે ત્યાં સુધી તે એ પ્રમાણે ધીર અને સ્થિર બની શકતો નથી. પોતાની જાતને જુદી પાડવી, એ ક્રિયાઓથી છૂટા પડી જુદા ઊભા રહેવું, 'પોતે' એ વસ્તુઓથી જુદો છે એમ જાણવું અપરિહાર્ય છે.

સાચા વ્યક્તિત્વને શોધી કાઢવા માટે, તથા પ્રકૃતિમાં

ક્રમેક્રમે તેનું ચણતર કરવા માટે બે વસ્તુની જરૂર છે: ૧. હૃદયની પાછળ આવી રહેલ ચૈત્ય–પુરુષને વિષે સચેતન થવાની, અને ૨. પુરુષને પ્રકૃતિથી છૂટો પાડવાની. કારણ કે બાહ્યપ્રકૃતિની પ્રવૃત્તિઓની પાછળ સાચું વ્યક્તિત્વ ઢંકાઇ ગયેલું છે.

*

અફાટ અને જ્યોતિર્મય વાસ્તવિકતાની સતત જાગ્રત ચેતના, સ્થિરતાનો મહાતરંગ (અથવા તો ઉદધિ) જાણે આવી રહ્યાં હોય — જ્યારે મનની ચેતનાને અને માનવઆત્માને પરમ સત્યનો પ્રથમ સ્પર્શ થાય છે ત્યારે તેનો મૌલિક સાક્ષાત્કાર બરાબર એ જ પ્રકારનો હોય છે. સાધનામાં વધારે સારા આરંભની કે પાયાની માગણી પણ ન કરી શકાય — એ સાક્ષાત્કાર ખડકના જેવો છે, એના પાયા ઉપર બાકીનું સઘળું બાંધી શકાય. એ સાક્ષાત્કાર એટલે ફક્ત એક પ્રકારની હાજરી એટલું જ નહિ પરંતુ એકમાત્ર પ્રભુની હાજરી છે. એ અનુભૂતિનો અસ્વીકાર કરીને યા તો એના વિષે શંકા ઉઠાવીને એને નિર્બળ કરી મૂકવી એ તો મોટી ભૂલ જ ગણાય.

એની વ્યાખ્યા આપવાની જરૂર નથી, અને એમાંથી કોઇ પ્રકારની મૂર્તિ બનાવી લેવાનો પ્રયત્ન પણ કરવો જોઇએ

નહિ; કારણ કે એ હાજરીની પોતાની પ્રકૃતિ અનંત છે. જો સાધક એનો સતત સ્વીકાર કરવાનું ચાલુ રાખે તો તેનું પોતાનું જે સત્ય હશે, યા તો તેની પોતાની અંદરથી જે કાંઇ પ્રગટ કરવાનું હશે તે તેની પોતાની અંદર રહેલી અમોઘ શક્તિને પ્રતાપે તે જરૂર કરશે.

એ અનુભૂતિ એટલે પ્રભુએ મોકલેલી કૃપા જ હોય છે. અને તેનો સ્વીકાર કરવો, તેને માટે આભારની લાગણી હોવી, અને આપણી ચેતનાનો સ્પર્શ કરનાર દિવ્ય શક્તિ આપણામાં જેનો જેનો વિકાસ કરવા માગતી હોય તેનો તેનો વિકાસ કરવાને તેને છૂટ આપવી—એટલે કે પોતાની જાતને તેના પ્રત્યે ખુલ્લી રાખીને—એ જ એ કૃપાનો એક માત્ર બદલો હોઇ શકે. પ્રકૃતિનું સમગ્ર રૂપાંતર એક ક્ષણમાં થઇ શકે નહિ; એને તો ઘણો વખત લાગે, અને પગલે પગલે જ તે બની શકે. હમણાં જે અનુભવ થાય છે તે તો ફક્ત આરંભની દીક્ષા છે, નવીન ચેતનાની પ્રતિષ્ઠા છે જેના વડે પ્રકૃતિનું રૂપાંતર શક્ય બનશે. એ સાક્ષાત્કાર આપોઆપ સહજ પ્રાપ્ત થયો એટલે તે યત્ન વડે, તપઃશક્તિ વડે કે લાગણી વડે બનાવી લીધેલી વસ્તુ નથી એટલું તો સ્વતઃસિદ્ધ છે; એ સાક્ષાત્કાર મન વગેરેથી પરલોકમાં જે સત્ય છે તેમાંથી આવે છે.

*

બિલકુલ સાચી વાત છે,—સંશયમાંથી મુક્ત થવું એટલે પોતાના વિચારો પર કાબૂ મેળવવો. પરંતુ પ્રાણની વાસનાઓ તથા રાગવૃત્તિઓ પર કિંવા શરીરની સર્વ ક્રિયાઓ પર કાબૂ મેળવવાની જેમ અગત્ય છે તેમ યોગમાં વિચારો પર કાબૂ મેળવવાની પણ તેટલી જ અગત્ય છે. પણ યોગમાં શું કામ? જીવનમાં સર્વત્ર તેની અગત્ય છે જ. જેનો પોતાના વિચાર ઉપર કાબૂ નથી, જે પોતાના વિચારોનો સાક્ષી, અનુમંતા, ઇશ્વર નથી થઈ શકતો તે પૂર્ણ માનવ કેમ કરીને થઇ શકશે? જેમ વાસના અને રાગવૃત્તિઓના કે જડતાના દાસ થવું ઉચિત નથી તેમ મનોમય પુરુષે ઉચ્છૃંખલ, અદમ્ય વિચારોની અથડાઅથડીમાં ટેનીસના દડાની માફક આમથી તેમ ફેંકાવું પણ ઉચિત નથી. માણસ મુખ્યત્વે કરીને માનસિક પ્રકૃતિનું બાળક હોઇ પોતાના મનની ક્રિયાઓ જોડે સહેલાઇથી એક થઈ જાય છે. અને પોતાના વિચારવમળની ઘુમરી ભમરીમાંથી એકદમ મુક્ત થવા જેટલી એનામાં તાકાત નથી હોતી. તેથી એ કામ એને વિશેષ કઠણ લાગે છે. શરીર ઉપર, કમમાં કમ શરીરની અમુક ક્રિયાઓ ઉપર, કાબૂ મેળવવો એને સરખામણીમાં વિશેષ સહેલો પડે છે. થોડા કષ્ટને અંતે પ્રાણના છંદ અને વાસનાઓ પર મનનો દાબ મૂકવો એને જો કે શરીર જેટલો સહેલો નથી લાગતો તો પણ શક્ય તો લાગે જ છે. પરંતુ વિચારની નદીના પ્રવાહ ઉપર નિર્લેપ બેઠેલા તાંત્રિક યોગીની પેઠે પોતાના વિચારવમળથી

તટસ્થ રહેવું એને દુષ્કર લાગે છે. અને છતાં તે શક્ય છે. જે માણસોનું મન વિકાસ પામ્યું છે, જે સામાન્ય માનવની કોટિ કરતાં ઉંચી કોટિના છે, તેમને એક નહિ તો બીજી રીતે, અગર ક્રમમાં ક્રમ કોઇ વખતે કોઈ હેતુ પાર પાડવા, પોતાના મનને બે ભાગમાં વહેંચાયલું અનુભવવાની ફરજ પડે છે, એક સક્રિય ભાગ, — જે વિચારો ઉત્પન્ન કરવાનું કારખાનું છે — તથા બીજો સ્થિર પ્રભુત્વવાળો ભાગ. એ ભાગ બધી માનસિક ક્રિયાઓ પર દેખરેખ રાખી ઇષ્ટનો સ્વીકાર, અનિષ્ટનો ઇન્કાર કરી, ભૂલ સુધારનાર તટસ્થ ઇશ્વર છે, મનરૂપી ગૃહનો ગૃહપતિ છે; સમ્રાટ થવાનો અધિકારી છે.

પણ યોગી કેવળ ગૃહપતિ નથી. એનું કામ એથી વિશેષ છે. યોગી એક રીતે મનમાં રહેવા છતાં તેમાંથી જાણે કે બહાર નીકળી જાય છે અને મનની ઉપર, અગર એની અત્યંત પાછળ, મુક્ત થઈ તટસ્થ રહે છે. એના સંબંધમાં મનને વિચારોના કારખાનાની ઉપમા આપવી બિલકુલ બંધબેસતી નથી. કારણ કે યોગી જાણે છે કે વિચારો બહારથી, વિરાટ મન કિંવા વિશ્વ પ્રકૃતિમાંથી, પક્વ અને સ્પષ્ટરૂપે અથવા અપક્વ અને અસ્પષ્ટરૂપે તેના મનમાં આવે છે અને પછી તેનું મન તો તેમને માત્ર નિશ્ચિત રૂપ જ આપે છે. આ વિચારોર્મિઓનો (તેમજ પ્રાણોર્મિઓનો તથા સૂક્ષ્મ ભૌતિક શક્તિની ઊર્મિઓનો) અંગીકાર કરવો કે અસ્વીકાર

કરવો, અગર આજુબાજુની પ્રકૃતિમાંથી આવેલા વિચારતત્ત્વને (કિંવા પ્રાણવૃત્તિઓને) વૈયક્તિક મનોમય રૂપ આપવું એ મનનો મુખ્ય વ્યવસાય છે.

મનોમય પુરુષના વિકાસની શક્યતાના ક્ષેત્રને મર્યાદા નથી. મનોમય પુરુષમાં નિરંકુશ સાક્ષી અને પોતાના ઘરના સ્વામી બનવાનું બળ છે. શ્રદ્ધા અને દૃઢ સંકલ્પબળ હોય તો ધીરે ધીરે કોઇ પણ માણસ પોતાના મનને મુક્ત કરી શકે અને તેના પર ઐશ્વર્ય જમાવી શકે.

*

સ્થિર – અક્ષુબ્ધ – મન, એ પ્રથમ પગલું છે. – નિશ્ચલ નીરવતા આગળ આવે છે પરંતુ શરૂઆતમાં એ સ્થિરતા તો હોવી જોઇએ. સ્થિર મન એટલે એવી આંતર મનોમય ચેતના જે વિચારોને પોતાનામાં આવતા જતા, હાલતા ચાલતા, જોઇ શકે છે ખરી, પરંતુ "હું વિચાર કરૂં છું" એમ જેને લાગતું નથી, યા તો જે વિચાર જોડે એકતા કરી દેતું નથી, યા તો તેમને "પોતાના" ગણતું નથી. નીરવ પ્રદેશમાં થઇને જેમ વટેમાર્ગુઓ પસાર થાય છે તે પ્રમાણે વિચારો અને મનની ક્રિયાઓ એવા અક્ષુબ્ધ મનમાં થઇને પસાર થતી હોય છે, અક્ષુબ્ધ મન તે સર્વેને નિહાળે છે, યા તો તેમને જોવાની પરવા કરતું નથી – પરંતુ બંને ક્રિયા કરતાં પોતે સક્રિય બની

જતું નથી, યા તો પોતાની સ્થિરતા ગુમાવી બેસતું નથી. નિશ્ચલ નીરવતા સ્થિરતા કરતાં વધારે છે. અંતરની સૂક્ષ્મ માનસિક ચેતનામાંથી વિચારને સમૂળો દેશવટો દેવાથી, તથા એ આંતર મનને નીરવ કરી નાંખવાથી, યા તો વિચારોને મનથી તદ્દન બહાર જ રાખવાથી એવી સ્થિતિ પ્રાપ્ત થઇ શકે છે. પરંતુ ઊર્ધ્વ લોકમાંથી દિવ્ય ચેતનાનું અવતરણ થાય તો એ નીરવતા વધારે સહેલાઇથી સ્થાપન કરી શકાય છે. સાધક એ ઊર્ધ્વ ચેતનાને પોતાની અંદર પ્રવેશ કરતી અનુભવે છે તથા પોતાની વૈયક્તિક ચેતનાની આજુબાજુ યા તો તેની અંદર પ્રવેશ કરી તેનો કબજો લેતી તેને જણાશે. ત્યાર પછી એની વૈયક્તિક ચેતનાનું વલણ એ નીરવ, અપૌરુષેય, વિરાટ બ્રહ્મમાં લય પામવા તરફ હોય છે.

*

મારાં અંગ્રેજી લખાણમાં હું જે Peace, Calm, Quiet અને Silence શબ્દનો ઉપયોગ કરૂં છું તે દરેકના અર્થની છાયા જુદી છે. પણ તેની વ્યાખ્યા બાંધવી સહેલી નથી.

Peace = શાંતિ
Calm = સ્થિરતા
Quiet = અચંચલતા
Silence = નિશ્ચલ નીરવતા

જે સ્થિતિમાં ચંચલતાનો કિંવા ક્ષોભનો અભાવ હોય તે સ્થિતિનું નામ (Quiet) અચંચલતા.

કોઇ પણ ક્ષોભની જેના પર અસર ન થાય એવી અડગ પ્રશાંત સ્થિતિ એનું નામ (Calm) સ્થિરતા. (Calm) સ્થિરતા શબ્દ (Quiet) અચંચલતા કરતાં ઓછી અભાવાત્મક સ્થિતિનો દ્યોતક છે.

(Peace) શાંતિ શબ્દ (Calm) સ્થિરતા કરતાં વધારે ભાવાત્મક સ્થિતિનો દ્યોતક છે; સ્થિર અંતર આરામ અને બંધનમાંથી છુટકારાના ભાવનો દ્યોતક છે.

(Silenee) નિશ્ચલ નીરવતામાં આ બે અર્થનો સમાવેશ થાય છે : (૧) એવી સ્થિતિ કે જેમાં મન ગતિહીન હોય, (૨) જેમાં ગહન પ્રશાંતિ હોય પરંતુ જેને ચેતનાની સપાટી પરની ગતિ ન તો વીંધી શકે, ન તો વિકૃત કરી શકે.

*

સ્થિરતાને જાળવી રાખો અને થોડા સમય માટે એ સ્થિરતા તદ્દન ખાલી જણાય તો પણ ગભરાવાની જરૂર નથી. ચેતના એક વહાણના જેવી છે. તેની અંદર જે

ખીચડો યા તો અનિષ્ટ વસ્તુઓ ભરેલી છે તે બધીને એક વાર ખાલી કરવાની હોય છે. થોડા સમય માટે, મનને ખાલી, અવકાશવાળું-મોકળું કરવું જોઇએ, જેથી કરીને નવીન, વધારે સાચી ઋત અને વિશુદ્ધ વસ્તુઓ તેમાં પ્રવેશ કરીને તેને ભરી દઇ શકે. જૂનાં, કચરાવાળાં, તત્ત્વો વડે મન પાછું ભરાઇ ન જાય તેની ખાસ સાવચેતી રાખવી જોઇએ. એ પ્રમાણે થઇ શકે તે પહેલાં વાટ જુવો; ઊર્ધ્વ ચેતના પ્રત્યે ચેતનાને ઉન્મીલિત કરો, ખૂબ સ્થિરતાપૂર્વક, ધીરતાપૂર્વક — અશાંત આતુરતા સાથે નહિ — એ નીરવતામાં શાંતિ આવે તેને માટે સાદ કરો; અને એક વાર શાંતિ આવે એટલે પછી આનંદને માટે અને પ્રભુની હાજરીને માટે સાદ કરો.

*

ભલે શરૂઆતમાં સ્થિરતા (Calm) એક અભાવાત્મક વસ્તુ છે એમ ભાસે; છતાં એની પ્રાપ્તિ કરવાનું કામ એટલું તો મુશ્કેલ છે કે એની અલ્પ પ્રાપ્તિ થાય તો પણ પ્રગતિની એક મોટી મજલ કપાઇ એમ સમજવું જોઇએ.

વસ્તુતઃ સ્થિરતા એક અભાવાત્મક તત્ત્વ નથી. સ્થિરતા છે સત્પુરુષનો સ્વભાવ, દિવ્ય શક્તિની ભાવાત્મક પ્રતિષ્ઠા. અન્ય ગમે તે વસ્તુઓ માટે અભીપ્સા કરો, ગમે તે વસ્તુની

પ્રાપ્તિ કરો, પણ તે બધામાં સ્થિરતા તો જોઇએ જ. જ્ઞાન, વીર્ય, આનંદ માનવ પ્રકૃતિમાં નીચે આવે ત્યારે જો પ્રકૃતિમાં સ્થિરતાનો એ પાયો જામ્યો ન હોય તો ત્યાં તે ટકી શકતાં નથી. પણ દિવ્ય શુદ્ધિ અને સત્પુરુષની શાંતિ ત્યાં ચિરસ્થાયી થાય નહિ ત્યાં સુધી પોતાનાં પગલાં પાછાં વાળ્યા વિના તેમનો પણ છૂટકો થતો નથી.

શુદ્ધ ભાગવત ચેતનાનાં અન્ય તત્ત્વો માટે અભીપ્સા કરો, પણ સ્થિરતા સાચવીને હૃદયના ઊંડાણમાંથી કરજો. અભીપ્સા ભાવોદ્રેકભરી તેમજ સ્થિર હોઇ શકે છે, પણ એમાં અધીરાઇ, અચંચલતા કે રાજસી ઉત્સુકતા હોવી ન જોઇએ.

વિજ્ઞાનની સત્યસૃષ્ટિના નિર્માણ માટે જો કોઇ લાયક સ્થાન હોય તો તે ફક્ત અચંચળ મન, અચંચળ આધાર છે.

*

સાધનામાં સાક્ષાત્કાર થવાની શરૂઆત મનોમય ચેતનાથી થવી જોઇએ — મુખ્ય વાત એ છે કે એ સાક્ષાત્કાર સાચો અને સંગીન હોવો જોઇએ. બુદ્ધિનું અને તપઃશક્તિનું મનમાં દબાણ તથા હૃદયના ભાવોની ઊર્ધ્વ ગતિ એ બે યોગસાધનામાં શરૂઆતનાં પ્રેરક બળો હોય છે, અને શાંતિ, શુદ્ધિ અને અક્ષુબ્ધતા – સ્થિરતાની – (નિમ્ન ભૂમિકાની અશાંતિને દૂર કરીને) સ્થાપના કરવી એ યોગનો પ્રાથમિક પાયો છે. ઇન્દ્રિયાતીત

સૂક્ષ્મ લોકની ઝાંખી થાય, યા તો દશ્યો દેખાય, નાદો સંભળાય, અને સિદ્ધિઓ મળે તેના કરતાં, શરૂઆતમાં, એ પાયામાં રહેલા સાક્ષાત્કારો પ્રાપ્ત કરવા એ ઘણું વધારે અગત્યનું છે. શુદ્ધિ અને સ્થિરતા (ચેતનાની) એ બે યોગની આરંભની જરૂરિયાતો છે. કોઈ સાધકને એ જાતના (દર્શનના, નાદ-શ્રવણના વગેરે) અનુભવોની સમૃદ્ધિ પ્રાપ્ત થઇ હોય – અને સાધનાની પાયારૂપ શાંતિ વગેરે ન પણ હોય – પરંતુ શુદ્ધિ વગરની, અશાંત ચેતનામાં એવા સાક્ષાત્કારો ઘણું ખરૂં અવ્યવસ્થા અને મિશ્રણથી દુષિત થયેલા જોવામાં આવે છે.

શરૂઆતમાં શાંતિ અને સ્થિરતા કાયમ ટકતાં નથી, પરંતુ આવે છે ને જાય છે. તેમને પ્રકૃતિમાં સ્થાપન કરતાં સામાન્ય રીતે ઘણો લાંબો સમય લાગે છે એટલે અધીરાઇને દૂર કરીને જે કાર્ય થતું હોય તેમાં ધીમી પરંતુ દૃઢ પ્રગતિ કરવી એ વધારે સારૂં છે. શાંતિ અને સ્થિરતા કરતાં પણ પેલી તરફની કોઇ વસ્તુ તમારે જોઇતી હોય તો અંદરની તમારી ચેતનાનું ઉન્મીલન અને ભગવાનની દિવ્ય શક્તિ તમારામાં કાર્ય કરે છે એનું ભાન એ બે તમારી અંદર જાગ્રત કરશો તો બસ છે. સાચા દિલથી અને પુષ્કળ લાગણીપૂર્વક – પરંતુ અધિરાઇ વિના – તેમને માટે અભીપ્સા કરો એટલે તે વસ્તુઓ આવશે.

*

ચાલો, આખરે સાધનાની સત્ય પ્રતિષ્ઠામાં તમે સ્થિર થયા લાગો છો. અન્ય સઘળાં તત્ત્વોનું – જ્ઞાન, બલ અને આનંદનું – તમારામાં અવતરણ થાય તે માટે સ્થિરતા, શાંતિ અને સમર્પણનું વાતાવરણ અતિ યોગ્ય વાતાવરણ છે. તમારામાં એ તત્ત્વોને પૂરાં જામવા દો.

તમે કામમાં રોકાએલા હો છો ત્યારે એ સ્થિરતા ટકતી નથી તેનું કારણ નિશ્ચલ નીરવતાની થોડી ઘણી જે બક્ષિશ તમારા મનને હજુ હમણાં જ મળી છે તેનો પ્રભાવ હજુ મનની શુદ્ધ ભૂમિકાની બહાર જઇ શક્યો નથી. જ્યારે નવ-ચેતનાનું પૂર્ણ નિર્માણ થશે અને એ ચેતના સમગ્ર પ્રાણની પ્રકૃતિનો અને સમગ્ર સ્થૂલ આધારનો પૂર્ણ કબ્જો લેશે – નિશ્ચલ નીરવતાએ હજુ સુધી પ્રાણપ્રકૃતિને આછો સ્પર્શ માત્ર કર્યો છે, એણે પ્રાણનો પૂરેપૂરો કબ્જો લીધો નથી – ત્યારે એ દોષ ટળી જશે.

શાંતિની જે અચંચલ ચેતનાને તમે હવે મનની ભૂમિકા પર પ્રાપ્ત કરી છે તે ચેતના સ્થિર થવા ઉપરાંત વિશાળ થવાની પણ જરૂર છે. તમને એનો સર્વત્ર, – તમે તથા આખું જગત એ ચેતનામાં રહો છો એવો, – અનુભવ થવો જોઇએ. વિશેષમાં, સ્થિરતાને કર્મનો આધારસ્તંભ બનાવવામાં એ ચેતના બહુ મદદગાર થઇ પડશે.

જેમ જેમ તમારી ચેતના વિશાળ થતી જશે તેમ તેમ ઊર્ધ્વ ચેતનાના કાર્યને ધારણ કરવાને વધારે ને વધારે શક્તિમાન બનતા જશો. એ પ્રમાણે થતાં મહા શક્તિ તમારા આધારમાં અવતરણ કરી શકશે તથા તેમાં સામર્થ્ય, જ્ઞાનજ્યોતિ અને શાંતિ પણ સ્થાપન કરશે. જે ક્ષુદ્ર, સંકુચિત, પરિમિત વસ્તુ તમે અનુભવો છો તે તમારૂં ઇંદ્રિયાધિષ્ઠિત મન છે. એને ઉદાર અને વિશાળ બનાવવાની એક માત્ર શકયતા એ વિશાળ ચેતના નીચે આવી પ્રકૃતિનો પોતે કબજો લે એમાં રહેલી છે. જ્યારે પરાશક્તિનો પ્રવાહ નીચે, આધારમાં, ઉતરશે ત્યારે તમે જે શારીરિક જડતાથી આવિષ્ટ થાઓ છો તે સમૂળી જતી રહેશે.

અચંચળ રહો. અંતરાત્માને ભગવતી શક્તિ તરફ ઉન્મુખી કરી, સ્થિરતા અને શાંતિ કાયમ કરવા, ચેતનાને વિશાળ કરવા અને અત્યારે આધાર ધારણ કરી શકે એટલા પ્રમાણમાં શક્તિ અને જ્ઞાનજ્યોતિને તેમાં સ્થાપિત કરવા ભગવતી શક્તિને પ્રાર્થના કરો.

સાવધાની રાખજો કે અતિ ઉત્સુક ન થવાય. કારણ કે એમ કરવાથી અત્યાર અગાઉ પ્રાણ પ્રકૃતિમાં જામેલી અચંચળતા અને સમતામાં વિક્ષેપ થાય.

આખર પરિણામ આવશે જ એવો વિશ્વાસ રાખો અને શક્તિને કામ કરવા માટે જોઇતો વખત આપો.

*

અભીપ્સાને જાગ્રત કરો, સાચી ભાવનાપૂર્વક એકાગ્રતા કરો – એટલે ગમે તેવી મુશ્કેલીઓ હશે છતાં જે પક્ષ તમારી નજર આગળ તમે રાખ્યો છે તેને તમે ખાત્રીથી પ્રાપ્ત કરી શકશો.

ચેતનાની સપાટી પાછળ જે શાંતિ રહેલી છે તેને, તથા તમારી પોતાની અંદર "કાંઇ વધારે સાચા વાસ્તવિક તત્ત્વ"નું ભાન તમને થાય છે તેને જ વધારે જાગ્રત રાખી તેમાં રહેતાં શીખવું જોઇએ. તમે તે ઉચ્ચ તત્ત્વ છો એવું તમારે અનુભવવું જોઇએ. એ સિવાયનું જે કાંઇ તમારી અંદર છે તે તમારૂં સાચું સ્વરૂપ નહિ, પરંતુ બદલાયા કરતી યા તો ફરી ફરીને આવતી એની એ ક્રિયાઓની, સપાટી ઉપર થતી ઉથલપાથલ છે, તથા વાસ્તવિક સ્વરૂપ બહાર પડતાં વાર એ બધું જરૂર દૂર થઇ જનાર છે એ તમારે સમજવું જોઇએ.

સાચો ઉપાય શાંતિ છે; સખત મહેનત કરવામાં મનને રોકવું એ તો ફક્ત તાત્કાલિક છૂટકારો છે — જો કે ચેતનાના

જુદા જુદા ભાગોનું સમતોલપણું જાળવવા માટે થોડુંક કાર્ય કરવું આવશ્યક તો છે જ. તમારી ઉપર અને મસ્તકની આસપાસ શાંતિ લાગે એ પ્રથમ પગલું છે; તમારે તેની સાથે સંબંધ સ્થાપન કરવો જોઈએ, તથા એ શાંતિ તમારામાં અવતરણ કરે, તથા તમારાં મન, પ્રાણ અને દેહને તે છલોછલ ભરી દઈને આજુબાજુ વ્યાપી રહે એવું થવું જોઈએ. એટલે તમે સતત એ શાંતિમાં રહી શકશો. આ શાંતિની સ્થાપના એ તમારી અંદર ભગવાનની હાજરીની એક નિશાની છે. અને એક વાર તમને એ શાંતિ પ્રાપ્ત થશે એટલે બાકીની વસ્તુઓ આવવા માંડશે.

વાચામાં અને વિચારમાં સત્યનું પાલન ઘણું જ અગત્યનું છે. અસત્ય તમારો પોતાનો—સ્વરૂપનો—ભાગ નથી, પરંતુ તમારી અંદર બહારથી આવે છે એમ તમે જેમ જેમ વધારે ને વધારે અનુભવતા જશો તેમ તેમ તેનો ઇન્કાર કરવો, તેને 'ના' વાસવી વધારે સહેલ થઈ પડશે.

ખંતપૂર્વક મંડ્યા રહો એટલે તમારી અંદર જે કાંઈ વક્ર છે તે સઘળાને ઋજુ કરવામાં આવશે અને ભગવાનની હાજરીની વાસ્તવિકતા તમે વધારે સતત અનુભવશો, અને પ્રત્યક્ષ સાક્ષાત્કારને લઈને તમારી શ્રદ્ધા સાર્થક થશે.

*

પ્રથમ આસ્પૃહા રાખો, અને મનની અક્ષુબ્ધતા માટે, શુદ્ધિ, સ્થિરતા અને શાંતિને માટે, ચેતનાની જાગ્રતિને માટે, ભક્તિની ઉત્કટતાને માટે, તથા અંતરની અને બહારની સર્વે મુશ્કેલીઓનો સામનો કરીને પાર ઉતરવા માટે સામર્થ્ય તથા આધ્યાત્મિક યોગ્યતા મેળવવા સારૂ ભગવતી 'મા'ની પ્રાર્થના કરો. જો ચેતના જાગ્રત થશે, તમારામાં ભક્તિ હશે, અને અભીપ્સામાં ઉત્કટતા – સામર્થ્ય – હશે અને મન જો સ્થિરતા અને શાંતિનો પાઠ ભણશે તો મનમાં જ્ઞાનનો વિકાસ થશે.

*

સ્થૂલ આધારની, ખાસ કરીને, સ્થૂલ પ્રાણ યાને નાડીતંત્રની સંવેદનશક્તિ પ્રમાણ બહાર વધી જવાથી તમે જણાવી તે સ્થિતિ ઉત્પન્ન થઈ છે. શરીર ધીરે ધીરે વધારે ને વધારે સચેતન બનતું જાય તે સારૂં છે. પણ માનવજીવનની જે સામાન્ય પ્રતિક્રિયાઓનું તેને ભાન થવા માંડયું છે તે પ્રતિક્રિયાઓ એને માથે ચડી ન બેસે કે એને અતિ આકુળ-વ્યાકુળ ન કરી મૂકે એ જોતા રહેવું આવશ્યક છે. શરીર પોતે ક્ષોભ પામ્યા વગર એ વસ્તુઓને જાણે અને તેમના સંબંધમાં આવી શકે તે માટે મનની જ પેઠે પ્રાણમાં તેમજ શરીરમાં સમતા, પ્રભુતા અને અનાસક્તિ સુદૃઢ થવાની

જરૂર છે. શરીરે સચેતન બની, વાતાવરણનાં વિધવિધ અનિષ્ટ બળોનો ઇન્કાર કરી તેમને દૂર ફેંકી દેવાનાં છે, નહિ કે સચેતન બનીને તેમના ભોગ બનવું.

*

પોતાની નિર્બળતાઓ તથા કુવૃત્તિઓને પારખી તેમાંથી નિવૃત્ત થવું એ મુક્તિધામે પહોંચવાનો રસ્તો છે. મન અને પ્રાણને સ્થિર કરી ન્યાય તોળતાં આવડે નહિ ત્યાં સુધી પોતાની જાત સિવાય અન્ય કોઇના ન્યાયાધીશ ન બનવું એ સુવર્ણ માર્ગ છે. વળી કેટલાક બાહ્ય આભાસો પરથી મન ઉતાવળા અભિપ્રાય ન બાંધી બેસે તેમજ પ્રાણ એ અભિપ્રાયોના આધાર પર કાર્ય ન કરી બેસે એ જોતા રહેજો.

તમારા અંતઃકરણમાં એક એવી જગ્યા છે કે જ્યાં તમે સદા સ્થિર રહી શકો છો. વળી ત્યાં રહી સમતોલપણું જાળવી ચેતનાની સપાટી પરના વિક્ષેપોનો ન્યાય તોળી, તેના પર તમે તમારી સત્તા ચલાવી શકો છો. અંતઃકરણમાં રહેલી એ સ્થિરતામાં વાસ કરવાની કલા જો તમે પ્રાપ્ત કરી શકો તો તમે સાધનામાં દૃઢપ્રતિષ્ઠ થયા કહેવાઓ.

*

આ વસ્તુઓથી હાલી જાઓ નહિ યા તો અશાંત થાઓ નહિ. ભગવાનની પ્રાપ્તિ માટેની અભીપ્સામાં દૃઢ રહેવું, તથા સર્વે મુશ્કેલીઓ અને વિરોધો પ્રત્યે સમતા અને અનાસક્તિ રાખવી; એ સદા કર્તવ્ય છે. આધ્યાત્મિક જીવન ગાળવા માગનારા સાધકોને તો સઘળી બાબતમાં ભગવાન સૌથી પ્રથમ જ આવે અને બીજું બધું ગૌણ જ હોય.

તમારી જાતને અનાસક્ત રાખો અને અંદરથી ભગવાનને સમર્પિત થઇ ગયેલ આત્માની શાંત, અક્ષુબ્ધ આંતર દૃષ્ટિ વડે આ વસ્તુઓ તરફ જોતાં શીખો.

*

હમણાં તમને જે અનુભવો થાય છે તે મનોમય લોકના છે – પરંતુ એ જ સાચો ક્રમ છે. ઘણા સાધકો પ્રગતિ કરી શકતા નથી કારણ કે તેમની મનોમય અને ચૈત્ય પ્રકૃતિ તૈયાર થાય તે પહેલાં જ તેઓ પ્રાણમય ચેતનાને ઉન્મીલિત કરે છે. મનોમય ચેતનામાં સાચા આધ્યાત્મિક સાક્ષાત્કારો થવાની કાંઇક શરૂઆત થયા પછી, યોગ્ય સમય થયા પૂર્વે, – અકાળે, – પ્રાણમાં અવરોહણ કરવામાં આવે છે અને ઘણી જ અવ્યવસ્થા તથા અશાંતિ ઉત્પન્ન થઇ જાય છે. એની સામે સાવચેતી રાખવાની જરૂર છે. સાચી આધ્યાત્મિક વાસ્તવિકતાઓ

મનની ચેતનાનો સ્પર્શ કરે તે પહેલાં પ્રાણનો કામનામય પુરુષ જો ઉન્મીલિત થઇ જાય તો એથી પણ વધારે ખરાબ ગણાય.

મનમાં તથા ચૈત્ય પુરુષમાં સત્ય ચેતના તથા અનુભૂતિઓ રેલાય અને એ બન્ને – કરણો – વધારે તૈયાર બને એવી અભીપ્સા સેવો. અક્ષુબ્ધતા, શાંતિ, સ્થિર – શ્રદ્ધા, ક્રમે ક્રમે વધતી દૃઢ વિશાળતા, વધારે ને વધારે જ્ઞાનજ્યોતિ, ઊંડી અને ઉત્કટ, પરંતુ સ્થિર, ભક્તિ – એ વસ્તુઓને માટે તમારે ખાસ પ્રાર્થના કરવી જોઇએ.

તમારી પરિસ્થિતિથી અને તેના વિરોધીપણાથી અશાંત થાઓ નહિ. એ સ્થિતિ શરૂઆતમાં ઘણી વાર કસોટી તરીકે મૂકાયલી હોય છે. તેની વચ્ચે તમે પ્રશાંત અને અક્ષુબ્ધ રહી શકો અને એ સંજોગોને લીધે અંતરમાં જરા પણ ક્ષોભ પામ્યા વિના સાધના કરવી ચાલુ રાખી શકો તો જે સામર્થ્યની તમને ઘણી જરૂર છે તે પ્રાપ્ત કરવામાં એ કસોટી ઘણી સહાયભૂત નીવડશે. સાધનાનો પંથ તો અંદરની અને બહારની મુશ્કેલીઓથી ભરેલો છે અને તેમનો સામનો કરવા માટે સાધકે સ્થિર, દૃઢ અને સંગીન સામર્થ્ય પ્રાપ્ત કરવું જોઇએ.

*

અંતરની આધ્યાત્મિક પ્રગતિનો આધાર બહારના સંજોગો ઉપર નહિ પરંતુ સંજોગો પ્રત્યે આપણે અંદરથી કેવી રીતે પ્રતિકાર્ય કરીએ છીએ તેના ઉપર છે – એ સિદ્ધાંત આધ્યાત્મિક અનુભવવાળા લોકોનો છેવટનો નિર્ણય છે. એ કારણથી અમે અંતરથી સાચું વલણ લેવા ઉપર અને તેને સતત જાળવી રાખવા ઉપર, એટલે કે બહારના સંજોગોથી સ્વતંત્ર એવી અંતરની સ્થિતિ જાળવી રાખવા ઉપર, આટલો બધો ભાર મૂકીએ છીએ. એકદમ આંતર સુખની કે આનંદની સ્થિતિ ન મેળવી શકાય તો પણ સ્થિરતા અને સમતાની સ્થિતિમાં રહેવા ઉપર, તથા જીવનના આઘાતો અને સપાટાઓના હાથમાં રમકડા જેવી ચેતનાની સપાટીમાં જ સંપૂર્ણપણે પૂરાયલા રહેવાને બદલે અંદરની ચેતનામાં સ્થિર થઇને બહાર દૃષ્ટિ કરવા ઉપર, તથા અંતરમાં વધારે ને વધારે ઊંડા ઊતરવા ઉપર આ યોગ સાધનામાં ભાર દેવામાં આવે છે તેનું પણ એ જ કારણ છે. એવી આંતર સ્થિતિમાંથી જ સાધક જીવન અને તેમાં રહેલી અશાંતિ – જનક શક્તિઓ કરતાં વધારે બળવાન બની શકે, તથા જીવનના ઉપર વિજય મેળવવાની આશા રાખી શકે.

અંતરમાં સ્થિર રહેવું, સાધનાના અંત સુધી પહોંચવાની તપઃશક્તિને દૃઢ રાખવી, મુશ્કેલીઓથી કે બદલાની તડકાછાંયડીથી બિલકુલ ક્ષુબ્ધ કે નિરાશ થવું નહિ એ સઘળાં તો

સાધનાના સૌથી પહેલા પાઠ છે. એ સિવાય અન્યથા વર્તન કરવું એટલે તો ચેતનાની અસ્થિરતાને તથા સાક્ષાત્કારોને ધારણ કરવાની અશક્તિ – જેની તમે ફરિયાદ કરો છો તે – ને ઉત્તેજન આપવા બરાબર ગણાય. અંતરમાં તમે સ્થિર, અક્ષુબ્ધ, રહો તો જ સાક્ષાત્કારની ગતિ પણ સ્થિરતાપૂર્વક આગળ વધે – તેમાં પણ, અલબત્ત, તડકાછાંયડી આવે છે અને વચમાં વચમાં ભંગાણ પણ પડે છે. એવા અંતરાલના કાળનો પણ જો બરાબર ઉપયોગ કરવામાં આવે તો સાધના-ના અભાવને બદલે તે જ સમયમાં થયેલા સાક્ષાત્કારોને પાચન કરવાની – આત્મસાત્ કરવાની ક્રિયા, – તથા મુશ્કેલી-ઓનો ક્ષય, સાધી શકાય.

બહારના સંજોગો કરતાં આધ્યાત્મિક વાતાવરણ વધારે અગત્યનું છે; જો સાધકને એવું વાતાવરણ મળી શકે, અને સાધક પોતે પોતાની આજુબાજુ એવું વાતાવરણ સર્જીને તેમાં રહી શકે તો તેની પ્રગતિને માટે સાચી પરિસ્થિતિ પ્રાપ્ત થઇ ગણાય.

*

ભગવતી દિવ્ય શક્તિને તમારામાં ગ્રહણ કરવા માટે તથા બાહ્ય જીવનને લગતી વસ્તુઓ ઉપર તમારી મારફત તેને

કાર્ય કરવા દેવા માટે ક્ષમતા મેળવવી હોય તો તેને માટે ત્રણ શરતોનું પાલન આવશ્યક છે.

૧. અચંચલતા, સમતા – કાંઇ પણ બને તેનાથી વિચલિત થવું નહિ, મનને શાંત અને દૃઢ રાખવું, શક્તિઓના ખેલ ભલે મન જોયા કરે, પરંતુ પોતે તો પ્રશાંત જ રહે.

૨. નિરપેક્ષ – નરી શ્રદ્ધા. એટલે એવી શ્રદ્ધા કે "જે સૌથી કલ્યાણકારક હશે તે જ બનશે." વળી એવી શ્રદ્ધા પણ હોવી જોઇએ કે આપણે પોતાની જાતને ભગવાનનું સાચું કરણ બનાવી શકીએ તો ભગવાનની દિવ્ય જ્યોતિની દોરવણી વડે આપણી પોતાની તપઃશક્તિને જે કાર્ય "કર્તવ્ય કર્મ" તરીકે જણાશે તે જ ફળ તરીકે પ્રાપ્ત થશે.

૩. ગ્રહણ – સામર્થ્ય યાને ગ્રહણ – ક્ષમતા. એટલે દિવ્ય શક્તિને ગ્રહણ કરવાની શક્તિ અને તેની હાજરી પોતાની અંદર જોવી તથા તે શક્તિની અંદર માની હાજરી અનુભવવી તથા પોતાની દૃષ્ટિની, તપઃશક્તિની તથા કર્મની દોરવણી કરતી માને કાર્ય કરવા દેવું એનું નામ ગ્રહણ – સામર્થ્ય. જો આ શક્તિ તથા માની હાજરી સાધક અનુભવી શકે તથા કર્મ કરતાં કરતાં પણ ઉપર જણાવી તેવી સંસ્કાર ગ્રાહકતાને પોતાની ચેતનાના એક અભ્યાસ તરીકે બનાવી દઇ શકે —

પરંતુ બીજું કોઇ પણ વિજાતીય તત્ત્વ લાવ્યા સિવાય કેવળ ભગવાનની શક્તિ પ્રત્યે જ એવી સંસ્કાર ગ્રાહકતા હોવી જોઇએ —તો અંતિમ પરિણામ વિષે ખાત્રી રાખવી.

*

સમતા આ યોગનું એક અગત્યનું અંગ છે. સુખમાં તેમ જ દુઃખમાં સમતા રાખવી જરૂરની છે. સુખમાં તેમ જ દુઃખમાં સમતા રાખવી એટલે સ્થિરતા અને દૃઢતાપૂર્વક સહન કરવું; ચંચળ, દુઃખી, નિરુત્સાહી તથા નિરાશ ન થવું; ઇશ્વરેચ્છામાં એક ધારી શ્રદ્ધા રાખી આગળ ધપવું. પણ સમતા એટલે જે આવે તેનો તમોગુણને વશ થઇને સ્વીકાર કરી લેવો એમ સમજવાનું નથી. દાખલા તરીકે, ધારો કે કોઇ એક પ્રયત્નમાં તમને તાત્કાળિક નિષ્ફળતા સાંપડે તો તમારે સમતા રાખવી, હાય હાય ન કરવી, નિરુત્સાહી ન થવું. પરંતુ એ નિષ્ફળતાને ભગવદિચ્છા તરીકે કદિ ન સ્વીકારવી અને પ્રયત્નને ત્યજવો નહિ. બલકે, તમારે નિષ્ફળ થવાનાં કારણ તથા અર્થ શોધી કાઢવાં તથા શ્રદ્ધાપૂર્વક વિજય કરવા ફરીથી કૂચ કરવી. એ જ પ્રમાણે માંદગીના પ્રસંગે હાય હાય ન કરવી, હાલી ન જવું, સ્થિરતા ન ગુમાવવી. પરંતુ માંદગીને ભગવદિચ્છા ન માની લેવી, તેનો અંગીકાર ન કરવો. જેમ પ્રાણની અપૂર્ણતાઓમાંથી અગર મનનાં

સ્ખલનોમાંથી છૂટવા તમે પ્રયત્ન કરો છો તેમ માંદગીને શરીરની એક અપૂર્ણતા સમજી તેમાંથી છૂટવા પ્રયત્ન કરવો.

*

સમતા વગર સાધનામાં દૃઢ પાયો જામી શકે નહિ. સંજોગો ગમે તેવા અનિષ્ટ હોય, બીજાઓનું વર્તન ગમે તેવું કંટાળો ઉપજાવે તેવું હોય તો પણ સંપૂર્ણ સ્થિરતા સહિત તથા જાતને અશાંત કરે એવું પ્રતિકાર્ય કર્યા વિના તેમને ગ્રહણ કરતાં તમારે શીખવું જોઇએ. એ વસ્તુઓ સમતાની કસોટી રૂપ છે. જ્યારે બધું બરાબર ચાલતું હોય અને લોકો તથા સંજોગો મનગમતા હોય ત્યારે સ્થિર રહેવું અને સમતા જાળવવી સહેલ છે; જ્યારે એ બધાં અન્યથા—વિપરીત—હોય ત્યારે સ્થિરતા, શાંતિ, સમતા વગેરેની પૂર્ણતાની કસોટી કરી શકાય, તેને વધારે દૃઢ બનાવી શકાય, અને તેને સંપૂર્ણ કરી શકાય.

*

પ્રભુની દિવ્ય શક્તિ સાધકના 'અહં'નું સ્થાન લે, તથા મન, પ્રાણ અને શરીરને પોતાનું કરણ બનાવીને તેની પ્રવૃત્તિને દોરે એવી સ્થિતિ પ્રાપ્ત કરવાની શરતો કઇ છે તે તમને થયેલ અનુભૂતિ બતાવે છે. મનની ગ્રહણશીલ નીરવતા મનોમય અહંતાનું વિલોપન, તથા મનોમય સત્‌ને સાક્ષીની

સ્થિતિમાં લાવી મૂકવું, દિવ્ય શક્તિ સાથે ગાઢ સંપર્ક, અને તે શક્તિના પ્રભાવ પ્રત્યે જ — બીજા કોઇના પ્રત્યે નહિ — સમગ્ર ચેતનાનું ઉન્મીલન એ ભગવાનથી, – કેવળ તેના વડે જ – સંચાલિત એવા કરણ થઇ રહેવા માટેની શરતો છે.

મનની નિશ્ચલ નીરવતા આપોઆપ વિજ્ઞાનમય ચેતનાને લાવી શકતી નથી; માનવ મન અને અતિમાનસની ભૂમિકા એ એની વચ્ચે ચેતનાની ઘણી અવસ્થાઓ યા તો લોકો યાને ભૂમિકાઓ આવી રહેલી છે. એવી નિશ્ચલ નીરવતા મનને તથા ચેતનાના બીજા ભાગોને મહત્તર વસ્તુઓ પ્રત્યે – જેમ કે, કોઇ વાર વિરાટ – ચેતના પ્રત્યે, કોઇ વાર નીરવ બ્રહ્મના સાક્ષાત્કાર પ્રત્યે, કોઇ વાર ભગવાનની હાજરી યા તો તેની શક્તિ પ્રત્યે, કોઇ વાર માનવ મનના કરતાં ઉચ્ચતર ચેતના પ્રત્યે, – ઉન્મીલિત કરે છે. આમાંની કોઇ પણ અનુભૂતિ થવા માટે મનની નીરવતા સૌથી વધારે અનુકૂળ સ્થિતિ છે, આ યોગસાધનામાં દિવ્ય શક્તિ પ્રથમ વ્યક્તિની ચેતના ઉપર, અને ત્યાર પછી વ્યક્તિની ચેતનાની અંદર, અવતરણ કરે તેને માટે, તથા વ્યક્તિની ચેતનાનું રૂપાંતર કરવાનું કાર્ય કરે, જરૂરી સાક્ષાત્કાર આપીને, તેના દૃષ્ટિબિંદુને તથા તેની ક્રિયા માત્રને ઉલટાવી નાખે, તથા એકથી બીજી એમ ઉચ્ચતર સ્થિતિએ ક્રમે ક્રમે તેને દોરી જાય અને આખરે છેવટના રૂપાંતર માટે – વિજ્ઞાનમય રૂપાંતર માટે – તે લાયક થાય તેને

માટે એવી નીરવતા સૌથી વધારે અનુકૂળ – એક માત્ર નહિ – સ્થિતિ છે.

*

"નક્કર પાટ"ના જેવી લાગણીનો જે અનુભવ તમને થયો તે બહિર્મુખ ચેતનામાં ઉપરના ઘન સામર્થ્યનું તથા શાંતિનું અવતરણ સૂચવે છે — પરંતુ અન્નમય પ્રાણમાં સૌથી વધારે. આ તત્ત્વો હમેશાં પાયા તરીકે હોય છે, – ભવિષ્યમાં, આનંદ, જ્યોતિ, જ્ઞાન, ભક્તિ વગેરે, બાકીની વસ્તુઓ જેમાં અવતરણ કરી શકે અને સ્થિર થઇ શકે યા તો સલામતપણે ખેલી શકે એવો ખાત્રીભર્યો યોગનો – અચૂક – પાયો એ વસ્તુઓ પૂરો પાડે છે. પહેલાંના અનુભવમાં તમને અંગો જૂદાં પડી જવાની લાગણી થઇ હતી કારણ કે એમાં ચેતનાની ગતિ અંતર્મુખ હતી; પરંતુ આ અનુભવમાં સંપૂર્ણ-પણે સચેતન એવી બહિર્મુખ પ્રકૃતિમાં યોગશક્તિ બહાર પડે છે – અલબત્ત, બાહ્યપ્રકૃતિમાં યોગ પ્રતિષ્ઠાના અને અનુભૂતિના પ્રથમ પગલા તરીકે આ પ્રમાણે હોવાથી બહિ-ર્મુખ ભાગોમાંથી જાતને પાછી ખેંચી લેવાની વૃત્તિની નિશાની તરીકે પૂર્વે જે જડતા – નિશ્ચેષ્ટતા હતી તે આ અનુભૂતિમાં નથી.

*

પ્રથમ તો યાદ રાખો કે ચંચળ મનની તથા પ્રાણની વિશુદ્ધિને લઇને અંતરની જે શાંતિ – quietude આવે છે તે સુરક્ષિત – સલામત સાધનાની પ્રતિષ્ઠા માટેની પ્રથમ શરત છે. વળી એ પણ યાદ રાખો કે બાહ્ય કર્મો કરતાં કરતાં માતાજીની હાજરી અનુભવવી એ બહુ આગળનું પગલું છે અને અંતરમાં સારી જેવી – ઘણા સારા પ્રમાણમાં – પ્રગતિ કર્યા વિના એ સ્થિતિ પ્રાપ્ત કરી શકાય નહિ. તમે જેનો ચોક્કસ ખ્યાલ આપી શકતા નથી પરંતુ છતાં જે એક વસ્તુની ઘણી જરૂર તમને જણાયા કરે છે તે, ઘણું ખરૂં, માતાજીની શક્તિ તમારી અંદર કાર્ય કરે છે તેની, ઉપરની ભૂમિકામાંથી તે ઉતરે છે તેની, તથા તમારા આધારના જૂદા જૂદા ભાગોનો તે કાબુ લે છે તેની હુબહૂ પ્રતીતિની છે. ચેતનાના આરોહણ અને અવરોહણની બેવડી ક્રિયા શરૂ થતાં પૂર્વે એવી સ્થિતિ ઘણી વાર આવે છે; યોગ્ય સમયે તે આવશે એ નક્કી છે. સ્પષ્ટપણે જણાઇ આવે એવી રીતે કાર્ય શરૂ કરતાં પહેલાં આ વસ્તુઓ ઘણો લાંબો સમય લે છે – ખાસ કરીને મનને વધારે પ્રવૃત્તિવાળા રહેવાનો અભ્યાસ હોય, અને માનસિક નીરવતાનો તેને અભ્યાસ ન હોય તો. જ્યારે મૂળ વસ્તુને ઢાંકી દેનારી એ પ્રવૃત્તિ ચાલુ હોય છે ત્યારે મનના ચલનશીલ પડદાની પાછળ ઘણું કાર્ય કરવું પડે છે. અને સાધક જ્યારે કાંઇ જ થતું નથી એમ માનતો હોય છે ત્યારે ખરૂં જોતાં ઘણી તૈયારી – પડદા પાછળ

– થઇ રહી હોય છે. જો તમારે વધારે ત્વરિત અને વધારે પ્રત્યક્ષ પ્રગતિ જોવી હોય તો આત્મસમર્પણની સતત ક્રિયા દ્વારા તમારા અંતરાત્માને આગળ લાવવો જોઇએ. ખૂબ તીવ્રતાપૂર્વક અભીપ્સા કરો પરંતુ અધીરાઇ વિના.

*

બળવાન મન, શરીર અને પ્રાણની યોગસાધનામાં આવશ્યકતા છે. ખાસ કરીને તમોગુણને દૂર ફેંકી દેવાને તથા પ્રકૃતિના ચોકઠામાં બળ અને શક્તિનો સંચય કરવા માટે ઉપાયો લેવા જોઇએ.

યોગસાધનાનો માર્ગ જીવંત હોવો જોઇએ, – જરૂરી ફેરફારની સામે થઇને કોઇ પણ ભોગે વળગી રહેવાલાયક મનનો બાંધેલો કોઇ સિદ્ધાંત કે નિશ્ચિત પદ્ધતિ નહિ.

*

વિક્ષેપગ્રસ્ત ન થવું, અચંચળ બનવું, શ્રદ્ધાવાન થવું એનું નામ ચેતનાની સમ્યક વ્યવસ્થિતિ. તેમ છતાં, આવી સ્થિતિ પ્રાપ્ત થયા છતાં, માતાજીની સહાય મેળવવી જરૂરની છે અને કોઇ પણ બહાના નીચે માતાજીની પ્રેમમય કાળજીનો ઇન્કાર

ન કરીએ એ જોતા રહેવાની અત્યંત જરૂર છે. 'હું નિર્બળ છું, માતાજી પ્રત્યે યોગ્ય પ્રતિકાર્ય કરવાની મારામાં અશક્તિ છે' એવા વિચારમાં ગુંથાયલા ન રહેવું; ભૂલો અને નિષ્ફળતાઓનો અતિશય વિચાર કર્યા કરી તે બાબતે મનને દુઃખમાં અને શરમમાં ન નાખવું; કારણ કે એવા ભાવો અને વિચારો અંતે આપણામાં ખરેખર નિર્બળતા ઘુસાડી દે છે. મુશ્કેલીઓ, સ્ખલનો અને નિષ્ફતાઓ આવે તો અસ્થિર થયા વગર તેમના તરફ જુવો તથા તેમને દૂર કરવા માટે શાંતિ અને ખંતપૂર્વક માતાજીને પ્રાર્થના કરો. પરંતુ ગભરાઇ જાઓ નહિ, દુઃખપીડિત થાઓ નહિ, નાહિમ્મત બનો નહિ. યોગસાધના બચ્ચાંનો ખેલ નથી. પ્રકૃતિનું પૂર્ણ રૂપાંતર એક દિવસમાં થઇ જાય એ શક્ય નથી.

*

મુશ્કેલીઓ, સ્ખલનો કે નિષ્ફળતાઓ દેખાદે તેથી ડોલી ન જતા; દુઃખી ન થતા. નિત્યકર્મ તરીકે ભગવાનપ્રાપ્તિ માટે સુદૃઢ અભીપ્સા સેવજો; સમતા અને અનાસક્તિપૂર્વક સર્વ મુશ્કેલીઓ અને વિરોધોનો સામનો કરજો. આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરવા ઇચ્છનાર ભગવત્પ્રાપ્તિના હેતુને શિરોમાન્ય ગણે અને અન્ય સઘળું તેનાથી ગૌણ ગણે એ જરૂરનું છે.

અનાસક્ત બનો અને ભગવાનને અંતરથી સમર્પિત

થએલા ભક્તની સ્થિર અંતરદૃષ્ટિ વડે આ બધી મુશ્કેલીઓ તરફ જોતા થાઓ.

તમે પ્રાણમાં જે ખિન્નતા તથા અંતરકલહ અત્યારે અનુભવો છો તેના કારણમાં અત્યાર પહેલાંની સાધનામાં પરિણામ લાવવા માટે તમે કરેલાં અતિ પ્રયત્ન અને અતિ ઉત્સુકતા હોવાં જોઇએ. એને લઇને ચેતના જ્યારે નિમ્ન ભૂમિકામાં આવી પડી ત્યારે ખિન્ન, નિરાશ, મૂઢ પ્રાણચેતનાની સપાટી પર તરી આવ્યો. અને પરિણામે વિરોધી શક્તિઓ તરફથી આવતી શંકાઓ, નિરાશાઓ અને મૂઢતાનાં સૂચનોનો તમે તમારામાં પૂર્ણ પ્રવેશ થવા દીધો. તમારા પ્રાણમાં તેમજ શરીરમાં, મનના જેટલા જ પ્રમાણમાં, સ્થિરતા અને સમતાનો પાયો નાખવા માટે તમારે પ્રયત્ન કરવાનો છે. શક્તિ અને આનંદનું પૂર્ણ અવતરણ ભલે થાય; પરંતુ એ સ્રોતોને ધારણ કરી શકે એવા સુદૃઢ આધારમાં તે થવું જોઇએ. એવું ધારણ સામર્થ્ય, એવી દૃઢતા, સંપૂર્ણ સમતા જ આપી શકે.

*

વિશાળતા અને સ્થિરતા એ બન્ને યોગચેતનાના પાયા છે. અને અંતરના વિકાસ માટે તથા સાક્ષાત્કાર થવા માટે સારામાં સારી અવસ્થા છે. જો એ વિશાળ સ્થિરતાને

અન્નમય ચેતનામાં સ્થાપન કરી શકાય એટલે કે સ્થૂલ દેહમાં અને તેના સર્વે પુટોમાં—સર્વે સજીવ અણુઓમાં તે વ્યાપી રહે અને તેને છલોછલ ભરી દે,—તો તેના રૂપાંતરના પાયા તરીકે તે કામ લાગે; ખરૂં જોતાં, એ વિશાળતા અને સ્થિરતા વગર રૂપાંતર થવું લગભગ અશક્ય છે.

*

ચેતના શરીરમાંથી ઊર્ધ્વ ગતિ કરે અને શરીરની બહાર—તેનાથી ઉપર - પોતાનું દૃઢ આસન જમાવે, વિશાળતામાં સર્વત્ર પ્રસરી રહે—અને શરીરમાં મર્યાદિત રહે નહિ, એ સાધનાનો ઉદ્દેશ છે. આ રીતે મુક્ત થતાં, સામાન્ય માનસિક ભૂમિકાની ઉપર જે કાંઇ આવી રહેલું છે તેના પ્રત્યે સાધક ખુલ્લો થાય છે, ત્યાં, ઊર્ધ્વમાં, સ્થિર થઇને ઉપરથી જે કાંઇ અવતરણ કરતું હોય તેને ગ્રહણ કરી શકે છે, તથા અધોલોકમાં જે કાંઇ હોય છે તેનું અવલોકન કરી શકે છે. આ રીતે સાક્ષી તરીકે, સંપૂર્ણ યુક્તિપૂર્વક સઘળું જોઇ શકાય છે, તથા નીચેની ચેતનામાં જે કાંઇ હોય તેના ઉપર સંયમ રાખી શકાય છે, તથા ઊર્ધ્વમાંથી અવતરણ કરનાર અને શરીરના ઉપર દબાણ કરનાર તત્ત્વના ગ્રાહક યા તો વાહક પણ બની શકાય છે. સ્થૂલ શરીરને ઉચ્ચ તત્ત્વોનો આવિર્ભાવ કરવાના કરણ તરીકે, ઉચ્ચ ચેતનામાં અને

પ્રકૃતિમાં રૂપાંતરિત થયેલ, ઉચ્ચ આવિર્ભાવ માટેના કરણ તરીકે એ ચેતના શરીરને તૈયાર કરશે.

તમારી અંદર રહેલી ચેતના આ મુક્ત દશામાં સ્થિર પ્રતિષ્ઠા કરવા પ્રયત્ન કરી રહી છે. જ્યારે સાધક એ ઊર્ધ્વ ભૂમિકામાં હોય છે ત્યારે આત્માની મુક્તિનો અનુભવ તેને થાય છે,—અફાટ નીરવતા અને અક્ષર સ્થિરતા તે અનુભવે છે—પરંતુ એ સ્થિરતાને છેક સ્થૂલ દેહની અંદર લાવવી જોઇએ, બધાય નિમ્ન સ્તરોમાં પહોંચાડવી જોઇએ, તથા સઘળી ક્રિયાઓને ધારણ કરનાર અને તેમની પાછળ ટેકા તરીકે આવી રહેલ તત્ત્વ તરીકે તે નિમ્નમાં નિમ્ન સ્તરમાં દૃઢપણે સ્થાપન થવી જોઇએ.

*

જો તમારી ચેતના મસ્તક ઉપર આરોહણ કરતી હોય તો એનો અર્થ એ છે કે સામાન્ય મનની ભૂમિકાની ઉપર ઉચ્ચતર ચેતનાને ગ્રહણ કરનાર જે કેન્દ્ર છે તેમાં તે ઊંચે ચઢે છે, અથવા તો ઉચ્ચતર ચેતનાના પોતાના કેન્દ્રો તરફ તે ગતિ કરે છે. એમ થવાનું પ્રથમ પરિણામ ઉચ્ચતર ચેતનાના પાયાની અર્થાત્ આત્માની નીરવતાની અને શાંતિની પ્રાપ્તિ છે. નિમ્ન ભૂમિકાઓમાં અને છેક સ્થૂલ દેહમાં પણ, એ બન્ને

પછીથી અવતરણ કરી શકે છે જ્યોતિ પણ અવતરણ કરે અને શક્તિ પણ. નાભિ અને તેની નીચેનાં કેન્દ્રો પ્રાણનાં અને સ્થૂલ અન્નમયચેતનાનાં કેન્દ્રો છે; ઉચ્ચતર શક્તિનો કાંઇક અંશ ત્યાં પણ ઉતરીને પહોંચી ગયો હોય એમ પણ બને.

શ્રદ્ધા
અભીપ્સા
સમર્પણ

દિવ્ય સત્યની પ્રાપ્તિ માટેની તથા જીવનમાં તેને પ્રગટ કરવાની અભીપ્સાને સિદ્ધ કરવા ખાતર – બીજા કશાને માટે નહિ – પોતાનું જીવન સંપૂર્ણપણે અર્પણ કરવું જોઈએ એવી આ યોગની માગણી છે. પ્રભુપ્રાપ્તિ અને સત્યની શોધ સાથે જેને કશો પણ સંબંધ નથી એવા બાહ્ય હેતુઓ અને પ્રવૃત્તિઓ એ બેની વચ્ચે જીવનને વિભક્ત કરવું આ યોગ માટે અસ્વીકાર્ય છે. એવી જાતની લેશ પણ પ્રવૃત્તિથી યોગસાધનામાં સફળતા મળવી અશક્ય બની જાય છે.

તમારે તમારી અંદર ઊંડા ઉતરવું જોઇએ, તથા આધ્યાત્મિક જીવનને સંપૂર્ણપણે સમર્પિત થઇ જવું જોઇએ. યોગસાધનામાં સફળતા મેળવવી હોય તો મનની પક્ષપાતી પસંદગીઓ માટેની સઘળી આસક્તિ તમારામાંથી દૂર થઇ જવી જોઈએ, પ્રાણના હેતુઓ, તેના રસો તથા તેની આસક્તિઓ માટેનો આગ્રહ સદંતર દૂર કરી દેવો જોઇએ. તથા કુટુંબ, મિત્રો, દેશ વગેરે પ્રત્યેની અહંપ્રધાન આસક્તિનો

લોપ થઇ જવો જોઇએ. શક્તિના બહિર્મુખ પ્રવાહ તરીકે યાને કર્મ તરીકે જે કાંઇ કરવાનું હોય તે સઘળું જે સત્યની શોધ કરી હોય તે સત્યમાંથી – નહિ કે મનના કે પ્રાણના નિમ્ન હેતુઓમાંથી – ઉદ્ભવવું જોઇએ, – ભગવાનની દિવ્ય તપઃશક્તિમાંથી, નહિ કે અહંની પસંદગીમાંથી પ્રગટવું જોઇએ.

*

માનસિક તર્કવાદોમાં કશી મૌલિક અગત્ય હોતી નથી, કારણ કે વ્યક્તિના બંધારણની વિશિષ્ટતાને ટેકો આપે એવા વાદોને માનવનું મન બનાવી લે છે યા તો સ્વીકારી લે છે. વ્યક્તિનું વિશિષ્ટ બંધારણ તથા તમારી અંદર રહેલો અંતરનો સાદ એ અગત્યની વસ્તુઓ છે.

કેવળ અભાવાત્મક નિર્વાણસ્વરૂપ યા તો નિષ્ક્રિય, અનિર્દેશ્ય, નિરપેક્ષ બ્રહ્મસ્વરૂપજ નહિ પરંતુ સક્રિય, એવી કોઇ પરમ સત્તા, કોઇ પરમ ચેતના અને પરમ આનંદ આવી રહેલ છે એવું જ્ઞાન, તથા કોઇ પરલોકમાં નહિ પરંતુ અહીં પાર્થિવ લોકમાં એ દિવ્ય ચેતનાનો સાક્ષાત્કાર થઇ શકે તેમ છે એવી પ્રતીતિ, – તથા પરિણામે, યોગસાધનાના હેતુ તરીકે દિવ્ય જીવનનો સ્વીકાર, – એ બધું માનવની બુદ્ધિના ક્ષેત્રમાં આવતું નથી. આમાં મનના બનાવેલા તર્કવાદનો

સવાલ નથી — જો કે, બીજા કોઇ દૃષ્ટિબિંદુ કરતાં વધારે સારી રીતે નહિ તો પણ તેના જેટલી જ સારી રીતે તો આ દૃષ્ટિકોણને પણ મન વડે આપણે સકારણ ઠરાવી શકીએ — પરંતુ અનુભૂતિનો છે, — અને અનુભૂતિ થાય તે પૂર્વે મનને અને પ્રાણને એ પ્રયત્નમાં સામેલ કરી શકે – જોતરી શકે – એવી અંતરાત્માની શ્રદ્ધાનો પ્રશ્ન છે. જે વ્યક્તિ – ઉચ્ચતર જ્યોતિના સંપર્કમાં હોય તથા જેને અનુભૂતિ થઇ હોય તે આ માર્ગે જઇ શકે છે – નિમ્ન પ્રકૃતિનાં કરણો માટે એનું અનુશીલન ભલે ગમે તેટલું મુશ્કેલીભર્યું હોય તો પણ જેને એ ઉચ્ચતર જ્યોતિનો સ્પર્શ થયો હોય, – પરંતુ જેને તેની અનુભૂતિ ન થઇ હોય, છતાં જેને એના પ્રત્યે જવાનો અંતરમાં સાદ થયો હોય, મક્કમ માન્યતા બંધાઇ હોય, તથા અંતરાત્માના સતત અનુશીલનને પરિણામે એક પ્રકારનું દબાણ થતું હોય, તે પણ એ માર્ગે જઇ શકે છે.

*

પ્રભુની ગતિ માનવના મનની ગતિના જેવી, યા તો માનવના નમૂનાને યાને ઘાટને અનુસાર નથી હોતી અને તેની ગતિને વિષે અભિપ્રાય બાંધવો, યા તો પ્રભુએ શું કરવું અને શું ન કરવું જોઇએ એ વિષે નિર્ણય કરવો અશક્ય છે, કારણ કે આપણે જાણી શકીએ તે કરતાં ભગવાન વધારે

સારી રીતે જાણે છે. જો આપણે "ભગવાન છે" એવો લેશ પણ સ્વીકાર કરતા હોઇએ તો સંપૂર્ણ – અડગ – શ્રદ્ધાની અને સમર્પણની માગણી કરવામાં સાચી તર્કબુદ્ધિ અને ભક્તિ બન્ને એકમત છે એમ મને લાગે છે.

*

પોતાના મનની તથા પ્રાણની તપઃશક્તિવડે ભગવાનના ઉપર દબાણ કરવું નહિ પરંતુ પ્રભુની તપઃશક્તિનો સ્વીકાર કરવો, તેનું અનુસરણ કરવું, – એ સાધનાનું સાચું વલણ છે. "આ મારો હક છે, આ મારે જોઇએ છે, આ જરૂરિયાત છે, દાવો છે, દરકાર છે, મને તે શા માટે નથી મળતી?" એમ કહેવાનું નથી પરંતુ જાતને સમર્પણ કરી દેવી અને પ્રભુ જે કાંઇ આપે તે આનંદપૂર્વક — નહિ કે દુઃખિત થઇને યા તો વિરોધ કરીને — સ્વીકારી લેવું એ વધારે સારો રસ્તો છે. ત્યાર પછી તમને જે મળશે તે તમારે માટે બંધબેસતી, સાચી વસ્તુ હશે.

*

શ્રદ્ધા, પ્રભુ ઉપર નિર્ભરતા, પ્રભુની શક્તિને આત્મસમર્પણ અને આત્મોત્સર્ગ એ સાધનો જરૂરનાં છે, અનિવાર્ય છે. પરંતુ પ્રભુ ઉપરની નિર્ભરતા પ્રમાદના, નિર્બળતાના

તથા નિમ્નપ્રકૃતિના આવેશોના ભોગ થઇ પડવાના બહાનારૂપ થવી જોઇએ નહિ; એની સાથે સાથે અક્ષુણ્ણ અભીપ્સા હોવી જોઇએ, તથા ભગવાનના દિવ્ય સત્યના માર્ગમાં જે કાંઇ અંતરાય રૂપ હોય તે સઘળાનો સતત ઇન્કાર થયા જ કરવો જોઇએ. પ્રભુને આત્મસમર્પણ કરવાનો ભાવ પોતાની કામનાઓને, નિમ્ન વૃત્તિઓને, યા તો પોતાની અહંતાને, કિંવા ભગવાનનો ખોટો વેશ ધારણ કરનાર અવિદ્યાની અને અંધકારની કોઇ શક્તિને વશ થવાના બુરખારૂપ કે બહાનારૂપ કે તકરૂપ ન બને એ વિષે સાધકે સદા જાગ્રત રહેવું જોઇએ.

*

તમારે તો ફક્ત અભીપ્સા કરવાની છે, મા તરફ તમારી જાતને ખુલ્લી કરવાની છે, માની તપઃશક્તિથી વિરૂદ્ધ હોય તે સઘળાનો ત્યાગ કરવાનો છે, તમારી અંદર માને કાર્ય કરવા દેવાનું છે — તમે જે કામો કરતા હો તે સર્વે માને ખાતર કરવાં, અને એવી શ્રદ્ધાપૂર્વક કે માની શક્તિના પ્રતાપેજ તમે તે કરી શકો છો. આ રીતે જો તમે ખુલ્લા રહેશો તો જ્ઞાન અને સાક્ષાત્કાર યોગ્ય સમયે આપોઆપ તમારી પાસે આવશે.

*

આ યોગમાં તો દિવ્ય શક્તિનો જે પ્રભાવ કાર્ય કરી રહ્યો છે તેના પ્રત્યે સાધક ખુલ્લો થઈ શકે છે કે નહિ એના ઉપર સઘળો આધાર છે. આધ્યાત્મિક જીવન માટેની અભીપ્સાની પાછળ દિલની સચ્ચાઇ હોય અને સર્વે વાંધાઓ છતાં પણ ઉચ્ચતર ચેતનાની પ્રાપ્તિ કરવા માટે ધીર તપઃ-શક્તિ હોય તો એક કે બીજા રૂપમાં એવું ઉન્મીલન ખાત્રી-પૂર્વક થવાનું છે એમ માનવું. પરંતુ મન, હૃદય અને શરીર-રૂપી કરણોની તૈયારી, – કે તૈયારીની ખામી, – પ્રમાણે ઓછો કે વધારે સમય લાગે એ બનવાજોગ છે. એટલે જો સાધકમાં જરૂરી ધીરજ ન હોય તો આરંભની મુશ્કેલીને લઇને સાધનાનો પ્રયત્ન તે છોડી દે એમ પણ બને. એકાગ્રતા — વધારે પસંદ કરવા લાયક તો હૃદયના કેન્દ્રમાં એકાગ્રતા — કરવી, તથા સાધકનો સમસ્ત આધાર માની હાજરી અને તેની શક્તિ પોતાના હાથમાં લઇ લે તથા પોતાની દિવ્ય શક્તિના કાર્ય વડે ચેતનાનું રૂપાંતર કરે તે માટે સાદ કરવો એ સિવાય આ યોગમાં બીજી રીત નથી. મસ્તકમાં અથવા તો ભ્રુકુટિમાં પણ એકાગ્રતા કરી શકાય છે, પરંતુ ઘણા ખરા સાધકોને માટે એ કેન્દ્રોનું ઉન્મીલન અતિશય મુશ્કેલ હોય છે. જ્યારે મન સ્થિર થઈ જાય, એકાગ્રતા – ધ્યાન – સમર્થ બને, તથા અભીપ્સા તીવ્ર થાય ત્યાર પછી અનુભૂતિની શરૂઆત થાય છે શ્રદ્ધા જેટલી વધારે તેટલું ત્વરિત પરિણામ આવવાની શક્યતા સમજવી. આ ઉપરાંતની વસ્તુઓ માટે સાધકે પોતાના

અંગત પ્રયાસ ઉપર જ આધાર ન રાખતાં પ્રભુ સાથે સંબંધ સ્થાપન કરવામાં, તથા માની શક્તિ તથા તેની હાજરીનો સ્વીકાર કરે એવી ગ્રહણશીલતા પોતાનામાં સ્થાપન કરવામાં, સફળતા મેળવવી જોઇએ.

*

તમારી પ્રકૃતિમાં કઇ ત્રુટિઓ છે એ બાબત મહત્વની નથી. તમે તમારી જાતને દિવ્ય શક્તિ પ્રત્યે અનાવૃત – ઉન્મુખ – રાખો એ જરૂરની બાબત છે. વિના સહાય કેવળ સ્વપ્રયત્નથી કોઇ પણ માનવ પોતાની ચેતનાનું રૂપાંતર સાધી શકતો નથી; પ્રભુની મહાશક્તિજ માનવનું રૂપાંતર કરી શકે. જો તમે તમારી ચેતનાને અનાવરિત રાખશો તો બાકીનું બધું તમને કરી આપવામાં આવશે.

*

કોઇ પણ પ્રકારની સહાય વિનાની નરી અભીપ્સાના તથા તપઃશક્તિના બળ વડે નિમ્ન પ્રકૃતિની શક્તિઓનો સામનો કરીને તેમને જેર કરવા જેટલી સમર્થ કોઇ વ્યક્તિ ભાગ્યે જ મળી આવે છે. વળી જેઓ એ કાર્ય સાધી શકે છે તેઓ પણ ફક્ત એક પ્રકારનો સંયમ પ્રાપ્ત કરે છે, – સંપૂર્ણ પ્રભુત્વ

નહિ. ભગવાનની દિવ્ય શક્તિની મદદ માનવપ્રકૃતિમાં આવી શકે તે માટે, તથા નિમ્ન પ્રકૃતિ સાથેની લડતમાં માનવનાં સર્વે કરણો પ્રભુના પક્ષમાં ઢળે તેટલા માટે સાધકમાં તપઃ-શક્તિ અને અભીપ્સા જરૂરનાં છે. આધ્યાત્મિક તપઃશક્તિને તથા અંતરાત્માની ઊંડી અભીપ્સાને સાર્થક – કૃતકૃત્ય – કરનાર ભગવાનની દિવ્ય શક્તિ જ નિમ્ન પ્રકૃતિ ઉપર સંપૂર્ણ વિજય મેળવી શકે.

*

આપણા અંગત સ્વભાવની કે સામાન્ય માનવપ્રકૃતિની સામે થઈને કામ કરવાનું હોય તો કેવળ માનસિક સંયમ વડે તે કરવું હમેશાં મુશ્કેલ થઇ પડે છે. તપઃશક્તિ સમર્થ હોય અને પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે તે ધૈર્યથી અને ખંતથી લાગી રહે તો ફેરફાર જરૂર કરી શકે. પરંતુ સામાન્ય રીતે, એમ થતાં ઘણો લાંબો સમય લાગે છે અને આરંભમાં સફળતા મળે તે પણ થોડીઘણી હોઇ અનેક નિષ્ફળતાઓના લાંબા પટમાં ભાત પાડવા જેટલી જ હોય છે.

સઘળાં કર્મો આપોઆપ પ્રભુભક્તિરૂપ બની રહે એ રીતે કરવાં હોય તો માત્ર વિચાર-સંયમથી એ કાર્ય બની શકે નહિ. એને માટે તો જે પ્રભુને ભક્તિની અંજલિ

અર્પણ કરવામાં આવે છે તે પ્રભુના સાન્નિધ્યની કાંઇક પ્રત્યક્ષ લાગણી, યા તો એક પ્રકારની તેની અનુભૂતિ જાગ્રત કરે એવી સમર્થ અભીપ્સા સાધકના હૃદયમાં હોવી જોઇએ. કેવળ સ્વપ્રયત્ન ઉપર જ ભક્ત નિર્ભર નથી રહેતો, પરંતુ ભક્તિભાજન પ્રભુની કૃપા ઉપર તથા તેની મહાશક્તિ ઉપર તે મદાર બાંધે છે.

*

તમે હમેશાં તમારા પોતાના મનના અને તપઃશક્તિના પ્રયત્ન ઉપર વધારે પડતો આધાર રાખતા આવ્યા છો, એ કારણથી તમે પ્રગતિ કરી શકતા નથી. તમારા અંગત પ્રયત્નમાં માતાજીને ફક્ત સહાય કરવા માટે સાદ કરવો એટલું બસ નથી, પરંતુ એક વાર તેના ઉપર તમે સંપૂર્ણ અને મૂગી નિર્ભરતા પ્રાપ્ત કરશો તો અંતરાયો અનાયાસે ઓછા થઇ જશે અને આખરે સમૂળા દૂર થઈ જશે.

*

સાચા દિલની સર્વે અભીપ્સાઓ અસરકારક નીવડે છે; તમે જો સાચા દિલના હશો તો દિવ્ય જીવનમાં તમે વિકાસ પામશો.

પૂરેપૂરા સાચા દિલના થવું એટલે દિવ્ય સત્યને જ માટે કામના કરવી, દિવ્ય માને વધારે ને વધારે તમારી જાતને

સમર્પિત કરવી, અને એ એક માત્ર અભીપ્સા સિવાયની બીજી અંગત કામનાઓનો અને દાવાઓનો સદંતર ત્યાગ કરવો, તથા જીવનનું એકેએક કાર્ય ભગવાનને અર્પણ કરવું, અને અહંતાને વચમાં લાવ્યા વિના પોતાને સોંપાયલા કાર્ય તરીકે તેને કરવું. દિવ્ય જીવનનો આ પાયો છે.

કોઇ પણ માણસ એકે સપાટે ઉપર જણાવેલી સ્થિતિને પહોંચી જઇ શકતો નથી. પરંતુ બધો વખત જો સાધક એ અભીપ્સાને સેવે અને સાચા હૃદયથી અને ઋજુ તપઃશક્તિ વડે હમેશાં જો દિવ્ય શક્તિની મદદ માટે પ્રાર્થના કરે, તો ધીમે ધીમે એ ઊર્ધ્વ ચેતનામાં તે વધારે ને વધારે વિકાસ પામે છે.

*

આટલા થોડા સમયમાં સંપૂર્ણ આત્મસમર્પણ થઇ જાય એ શક્ય નથી; કારણ કે સંપૂર્ણ સમર્પણ એટલે પ્રકૃતિના એકેએક અંગમાં રહેલી 'અહં'ની ગ્રંથિને કાપીને તે તે મુક્ત અંગને સમગ્રભાવે પ્રભુને અર્પણ કરવું. મનોમય, પ્રાણમય અને અન્નમય ચેતનાએ અને એ દરેક ભાગની એકેએક પ્રવૃત્તિએ પણ એક પછી એક, છૂટું છૂટું, પોતપોતાનું સમર્પણ કરવાનું છે. દરેક કરણે પોતાની અત્યારની કાર્ય-

પ્રણાલી છોડી દેવાની છે અને ભગવાન બતાવે તે માર્ગ સ્વીકારવાનો છે. આ બધું એકી વખતે થઇ શકે નહિ જ. પરંતુ શરૂઆતથી સાધક પોતાની ચેતનામાં તેમ કરવાનો પ્રધાન સંકલ્પ અને આત્મ-નિવેદન દૃઢ કરી શકે છે, અને પછીથી ડગલે ને પગલે, પોતાને જે રીત શક્ય જણાય તે દરેક રીતે, એ સંકલ્પનો અમલ કરી શકે છે. અને એવો પ્રત્યેક પ્રસંગ પ્રાપ્ત થતાં પોતાનું સમર્પણ સંપૂર્ણ કરવા માટે તેનો લાભ લઇ શકે છે. એક દિશામાં એટલે કે, પ્રકૃતિના એક કરણમાં, – આત્મસમર્પણ કરવામાં આવે તો તેથી બીજામાં તે કરવું વધારે સરળ થઇ જાય છે, અને અનિવાર્ય બને છે. પરંતુ પ્રકૃતિના એક ભાગમાં કરેલું સમર્પણ અન્ય ભાગની બંધનની ગ્રંથિઓને તોડી કે નરમ કરી શકતું નથી. સાધકનો પ્રધાન સંકલ્પ સુદૃઢપણે સ્થાપિત થયા પછી, એ સંકલ્પને વ્યવહારમાં ઉતારી શરૂઆતની બહાલી આપવામાં આવે ત્યાર પછી, પણ સાધકની વર્તમાન વ્યક્તિની સાથે ઘણા જ ગાઢ સંબંધથી જકડાયેલી ગ્રંથિઓને તથા તેના પોતાના મનપસંદ ઘડતરોને દૂર કરતાં, ખાસ કરીને, વધારે મુશ્કેલીઓ નડે છે.

*

તમે ભૂલ કરી જણાય છે તે વિષે "હવે શું કરવાથી

તે ધોવાય" એમ તમે પૂછો છો. તમે ભૂલ કરી માનો છો તે સાચું છે એમ સ્વીકારીએ તો પણ તેનું નુકસાન ભરપાઇ કરવાનું કામ તમે ભગવાનના દિવ્ય સત્યના અને તેના દિવ્ય પ્રેમના વાહક થઇ રહો એમાં સમાયલું છે. અને પ્રભુના એવા કરણ થઇ રહેવા માટે સંપૂર્ણ આત્મસમર્પણ અને આત્મશુદ્ધિ, :પ્રભુ પ્રત્યે સંપૂર્ણપણે ઉન્મીલિત અંતઃકરણ, અને પોતાની આધ્યાત્મિક સાર્થકતાની આડે આવનાર સર્વે અંતરાયોનો સદંતર ત્યાગ, એ પ્રાથમિક ઉપાયો છે. આધ્યાત્મિક જીવનમાં થયેલી ભૂલ સુધારવા માટે, સંપૂર્ણપણે અસરકારક હોય એવો, આના સિવાય બીજો ભરપાઇ કરવાનો ઉપાય નથી. શરૂઆતમાં સાધકે ઉપર જણાવેલા આંતર-વિકાસ અને રૂપાંતર સિવાય બીજા કશા પરિણામની કે ફળની માગણી કરવી જોઇએ નહિ — નહિ તો, સખ્ત નિરાશાઓનો તે ભોગ થઇ પડે છે. પોતે જ્યારે મુક્ત થાય ત્યારે જ માનવ બીજાઓને મુક્ત કરી શકે અને યોગ-સાધનામાં તો આંતર પ્રકૃતિના વિજયો ઉપરથી બહારની પ્રકૃતિ ઉપર જીત મેળવાય છે.

*

સાધનામાં અંગત પ્રયત્નની લાગણીને – ચેષ્ટાને – એકદમ દૂર કરી દેવી સંભવિત નથી, અને હમેશાં એમ કરવું ઇષ્ટ

પણ નથી; કારણ કે તમોગુણી જડતામાં પડી રહેવા કરતાં અંગત પ્રયત્ન કરવો વધારે સારો છે.

એવા અંગત પ્રયત્નને સાધકે ધીમેધીમે ભગવાનની શક્તિના કાર્યમાં પરિણત કરવાનો છે. તમારી અંદર દિવ્ય શક્તિનું સાન્નિધ્ય જણાય તો તમારા અંગત પ્રયત્નના ઉપર અધિશાસન કરવાને, તેને અપનાવી લેવાને, તથા તેનું રૂપાંતર કરી નાંખી "તમારો" મટાડી દઇ તેનો પોતાનો કરવાને માતાજીને વધારે ને વધારે સાદ કરો. એમ કરતાં ધીમેધીમે એક પ્રકારની ફેરબદલી થશે, તમારા આધારમાં કાર્ય કરનારી શક્તિઓને મા અપનાવી લેશે. અલબત્ત, એકદમ પરિપૂર્ણપણે એ ક્રિયા નહિ થઇ જાય પરંતુ ઉત્તરોત્તર વધતી જશે.

પરંતુ, આ બધું થતું હોય તે દરમિયાન, અંતરાત્માની પ્રતિષ્ઠા દઢ હોવી જોઇએ, – દિવ્ય શક્તિ કઇ અને અંગત ચેષ્ટાનું તત્ત્વ કયું તથા વિરાટની અધોમુખી શક્તિઓના મિશ્રણ તરીકે કઇ વસ્તુઓ આવેલી છે એ સઘળા વચ્ચે ચોકસાઇ-પૂર્વક ભેદ કરી શકે એવી સૂક્ષ્મ વિવેકશક્તિ જાગ્રત થવી જોઇએ. એવી ફેરબદલી સંપૂર્ણ થાય અને તેમ થતાં સમય હમેશાં લાગે છે – ત્યાં સુધી વ્યક્તિના અંગત ફાળા તરીકે સત્ય શક્તિને સતત અનુમતિ આપવી જોઇએ તથા નિમ્ન શક્તિઓના મિશ્રણનો સતત ત્યાગ કરવો જોઇએ.

અત્યારે તમારે અંગત પ્રયત્ન છોડી દેવાની જરૂર નથી, પરંતુ તમારા અંગત પ્રયત્નનું શાસન કરે અને તેને દોરે એટલા માટે ભગવાનની શક્તિનું વધારે ને વધારે આવાહન કરવાની જરૂર છે.

*

સાધનાની શરૂઆતની અવસ્થામાં બધું ભગવાનના ઉપર છોડી દેવું, યા તો પોતાના અંગત પ્રયત્નની જરૂર વગર ભગવાન પોતે જ બધું આપશે એવી આશા રાખવી એ સલાહ ભરેલું નથી. એ તો જ્યારે અંતરાત્મા યાને ચૈત્ય-પુરુષ પ્રકૃતિને મોખરે આવે અને પ્રકૃતિની સમગ્ર ક્રિયાઓના ઉપર પોતાનો પ્રભાવ પાડી શકતો હોય. – એમ હોય તો પણ જાગ્રત પહેરો રાખવાની અને એને સતત અનુમતિ આપવાની જરૂર તો રહે છે જ – અથવા તો, સાધનાની છેવટની અવસ્થામાં જ્યારે વિજ્ઞાનમય શક્તિ પોતે સીધેસીધી કે તેની લગભગ નજીકની શક્તિ, સમગ્ર ચેતનાને પોતાના હાથમાં લઇ લે છે ત્યારે એ પ્રમાણે થઇ શકે છે. પરંતુ અત્યારે તો એ સ્થિતિ ઘણી દૂર છે; અને એવી સ્થિતિ ન હોય તે છતાં ઉપર જણાવેલું વલણ લેવાથી બંધિયાર પાણીના કહોવાણની સ્થિતિ અને જડતા જ ઉત્પન્ન થાય.

માનવની પ્રકૃતિનાં જે કરણો વધારે યાંત્રિક અને વધારે પાર્થિવ છે તેઓ જ સાચી રીતે એમ કહી શકે કે "અમે તો કેવળ નિરાધાર છીએ." ખાસકરીને અન્નમય, જડ પાર્થિવ તત્ત્વની, ચેતના તદ્દન તમોગ્રસ્ત હોઇ મનોમય, પ્રાણમય કે પછી તેમનાથી ઉપરની શક્તિઓ વડે તે કર્મમાં પ્રેરાય છે. પરંતુ એ મનોમય તપઃશક્તિને યા તો પ્રાણના રાજસિક આવેગને પ્રભુની સેવામાં નિવેદન કરી શકાય છે. એમાં પણ તુર્તાતુર્ત ફળ મળવાની ખાત્રી રાખી શકાય નહિ, કારણ કે નિમ્ન પ્રકૃતિની બાધા યા તો વિરોધી શક્તિઓના હુમલા થોડા સમય માટે, – ઘણા લાંબા સમય માટે સુદ્ધાં — સફળતાપૂર્વક સાધકનો સામનો કરી શકે છે, અને ઇષ્ટ રૂપાંતર થતું અટકાવી શકે છે. એવું થાય ત્યારે સાધકે ખંત-પૂર્વક મંડ્યા રહેવાનું હોય છે. તેણે પોતાની તપઃશક્તિને હંમેશાં ભગવાનના પક્ષમાં રાખવી જોઇએ, જેનો ઇન્કાર થવો જોઈએ તેનો ઇન્કાર સાધકે કર્યા જ કરવો જોઇએ, સત્યની જ્યોતિ તથા સત્ય શક્તિ પ્રત્યે પોતાની ચેતનાને સતત ખુલ્લી રાખવી જોઇએ, તથા સ્થિરતાપૂર્વક, ખંત-પૂર્વક, અશ્રાંતપણે, નિરુત્સાહ થયા વિના કે અધીર થયા વિના એ સત્ય જ્યોતિને અવરોહણ કરવા સાદ કરવો જોઇએ. જ્યાં સુધી પોતાનામાં ભગવાનની શક્તિ કાર્ય કરતી અનુભવાય અને મુશ્કેલીઓ દૂર થતી જણાય ત્યાં સુધી સાધકે એ પ્રમાણે ચાલુ રાખવું જોઇએ.

તમે જણાવો છો કે તમારા અજ્ઞાનનું અને તમારી પ્રકૃતિની તમોગ્રસ્તતાનું તમને ભાન છે. એ જ્ઞાન સામાન્ય ચેતના રૂપે હોય તો તે પૂરતું નથી. પરંતુ તમે તેની એકેએક વિગત વિષે પણ જાગ્રત હો, તેની ક્રિયાને જાણી શકતા હો, પ્રત્યક્ષ કરી શકતા હો, તો શરૂઆત કરવા માટે તે પૂરતું કહી શકાય. ત્યાર પછી, જે અજ્ઞાનમય ક્રિયાઓ વિષે તમને ભાન થયું હોય તેમનો તમારે ખંતપૂર્વક સતત ત્યાગ કરવો જોઇએ, તથા તમારાં મનને અને પ્રાણને ભગવાનની શક્તિના કાર્યને માટે શાંત અને પવિત્ર ક્ષેત્રરૂપ બનાવવાં જોઇએ.

*

યંત્રની પેઠે આવ્યા કરતી વૃત્તિઓને માનસિક તપઃશક્તિ-વડે અટકાવવાનું કાર્ય હમેશાં વધારે મુશ્કેલ હોય છે, કારણ કે એ વૃત્તિઓ તર્કશક્તિ ઉપર કે કોઇ પ્રકારના માનસિક અવલંબન ઉપર બિલકુલ આધાર રાખતી નથી. તેમનો આધાર પરસ્પર સંકળાયલા એવા સંબંધના સંસ્કારો ઉપર યા તો વધારે યાંત્રિક રીતે જાગ્રત થતી સ્મરણશક્તિ ઉપર, તથા જૂના અભ્યાસ ઉપર હોય છે.

એવી આપોઆપ આવ્યા કરતી યાંત્રિક વૃત્તિઓનો અસ્વીકાર કરવાથી આખરે તેમાં સફળતા મળે છે. પરંતુ

કેવળ અંગત પ્રયત્નવડે એવી સફળતા મેળવતાં ઘણો સમય લાગી જાય. જો પ્રભુની દિવ્ય શક્તિને તમારામાં કાર્ય કરતી તમે અનુભવી શકો તો એ કાર્ય વધારે સહેલું બનવું જોઇએ.

મહાશક્તિની દોરવણીને આત્મ – સમર્પણ કરવામાં જડતા કે તામસિકતાનું એક પણ તત્ત્વ હોવું ન જોઇએ, તથા અધોગામી વાસનાઓની અને કામનાઓની સૂચનાઓનો અસ્વીકાર નહિ કરવાના બહાના તરીકે પ્રાણનો કોઇ પણ ભાગ તેનો લાભ લે નહિ એ પણ સંભાળવું જોઇએ.

યોગસાધના કરવાના બે રસ્તાઓ છે: એક છે ખડેપગે જાગ્રત એવા મન અને પ્રાણના કાર્યનો માર્ગ. એમાં દરેક પ્રસંગે સાધક અવલોકન કરે છે, વિચાર કરે છે, અને શું કરવું તથા શું ન કરવું તેનો નિર્ણય પગલેપગલે કરે છે. અલબત્ત, દિવ્ય ભગવત્શક્તિને પાછળ રાખીને તથા તેની મદદ લઇને, યા તો તેને સાદ કરીને બોલાવીને વ્યક્તિ પોતાનો એ પ્રયત્ન કરે છે, કારણ કે જો એમ ન કરે તો કશુંય ગણનાપાત્ર કાર્ય થઇ શકે પણ નહિ. છતાં આ માર્ગમાં વ્યક્તિનો અંગત પ્રયત્ન આગળ પડતો હોય છે અને સાધ-નાના ભારનો મોટો ભાગ તે વહન કરે છે.

બીજો માર્ગ છે અંતરાત્માનો યાને ચૈત્ય – પુરુષનો. એ

માર્ગે સાધકની ચેતના ભગવાન પ્રત્યે સીધેસીધી – અનાવરિત – ખુલ્લી – થઇ જાય છે, કેવળ ચૈત્ય–પુરુષ પોતે અનાવરિત થઇને પ્રકૃતિમાં મોખરે આવે છે એટલું જ નહિ પરંતુ મન, પ્રાણ તથા શરીરની ચેતનાને પણ તે અનાવરિત કરે છે. તેમના પર આવતી ઊર્ધ્વ જ્યોતિને ઝીલે છે તથા શું કરવું જોઇએ તેનું જ્ઞાન મેળવે છે, તથા જે કરવાનું હોય તે પણ ભાગવતી શક્તિ પોતે જ કરે છે એમ અનુભવે છે તથા જાણે છે. સાધક પોતે જાગ્રત અનુમતિ વડે તથા ભગવાનની શક્તિ કાર્ય કરે તેને માટે અંતરથી સાદ કરીને એ મહાશક્તિને સતત સહાય આપ્યા કરે છે.

સમગ્ર ચેતના પ્રભુ પ્રત્યે અનાવરિત થવા માટે તૈયાર થાય તથા સાધકનાં સર્વે કાર્યોનો આરંભ પ્રભુ કરે તેના પ્રત્યે તે સંપૂર્ણપણે આજ્ઞાંકિત બને ત્યાં સુધી, સામાન્ય રીતે, ઉપર જણાવેલી બન્ને પદ્ધતિઓનું મિશ્રણ થયા વિના ભાગ્યે જ રહે છે. ત્યાર પછી જ સાધકની જવાબદારી દૂર થઇ જાય છે અને સાધકના માથા પર સાધનાનો અંગત ભાર લેશ માત્ર રહેતો નથી.

*

ગમે તે પ્રકારે પણ અંતિમ લક્ષ પ્રત્યે દૃઢતાથી યાત્રા

આરંભવાનો સંકલ્પ કરી લેવો એ મુખ્ય બાબત છે, પછી તે તપસ્યાવડે હો કે સમર્પણવડે હો એ ગૌણ બાબત છે. એક વાર યાત્રાનો આરંભ કર્યા પછી એ લક્ષના કરતાં ઉતરતા પ્રકારના આદર્શને પ્રાપ્ત કરવા માટે માનવ કેવી રીતે પાછાં પગલાં ભરી શકે? લક્ષને પહોંચવાના પોતાના સંકલ્પમાં પથિક દૃઢ રહે તો માર્ગે જતાં તે પડે તેની પરવા નથી, કારણ કે તે ફરીને ઊઠી શકે છે અને આગળ જઇ શકે છે. અંતિમ લક્ષની પ્રાપ્તિ માટેનો સંકલ્પ દૃઢ હોય તો પ્રભુને પંથે જતાં અંતિમ નિષ્ફળતા છે જ નહિ. અને તમારા અંતરમાં આગળ ધપવાને ઉત્સાહપૂર્વક પ્રેરતું કોઇ તત્ત્વ જો હોય — અને છે એ નક્કી છે — તો દ્વિધાભાવોથી, કે પતનોથી, કે શ્રદ્ધાની નિષ્ફળતાથી અંતિમ પરિણામમાં કશો ફેર પડતો નથી. આખી યે લાંબી કઠિન યાત્રા પૂરી થાય અને પોતાની સામે સીધો નિષ્કંટક માર્ગ ખુલ્લો થઇ રહે ત્યાં સુધી સાધકે મંડ્યા રહેવાનું છે.

*

એ અગ્નિ અભીપ્સાનો યાને આસ્પૃહાનો તથા આંતર તપસ્યાનો દિવ્ય અગ્નિ છે. જ્યારે એ અગ્નિ ફરીફરીને માનવના અજ્ઞાનરૂપી અંધકારમાં વધારે ને વધારે સામર્થ્યપૂર્વક તથા વિશ્રામ રહિત અવરોહણ કરે છે ત્યારે આરંભમાં

તો એ અંધકાર તેને ગળી જતો હોય તથા એ અગ્નિ તેમાં સમાઇ જતો હોય એવું લાગે છે. પરંતુ એ અગ્નિનું વધારે ને વધારે અવરોહણ થતાં એ અંધકાર જ્યોતિમાં, અને માનવઅજ્ઞાન અને અચેતના આધ્યાત્મિક ચેતનામાં ફેરવાઇ જાય છે.

*

યોગસાધના કરવી એટલે સર્વે પ્રકારની આસક્તિના ઉપર વિજય મેળવવાનો તથા કેવળ ઇશ્વરાભિમુખ થઇ રહેવાનો સંકલ્પ કરવો. દરેક ડગલે પ્રભુની કરુણામાં વિશ્વાસ રાખવો, વિચારોના પ્રવાહને સતત ઈશ્વર પ્રત્યે દોરવો, તથા પોતાની ચેતના તેના પ્રત્યે ઉન્મીલિત થાય તથા માતાજીની શક્તિ આધારમાં કાર્ય કરતી જણાય ત્યાં સુધી પોતાની જાતને પ્રભુને અર્પણ કરતા રહેવી એ યોગસાધનામાં મુખ્ય બાબત છે.

*

પ્રભુના દિવ્ય પ્રભાવ પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરવી એ આ યોગનો સમગ્ર સિદ્ધાંત છે. એ પ્રભાવ તમારા મસ્તકના ઉપર આવી રહેલો છે. અને એક વાર તમે એના

વિષે સચેતન થયા પછી તમારે તેને તમારી અંદર આવવાને આવાહન કરવાનું છે. એ દિવ્ય પ્રભાવ–મનોમય ચેતનામાં તથા શરીરમાં શાંતિ તરીકે, જ્યોતિ તરીકે, કાર્ય કરનાર શક્તિ તરીકે, પ્રભુની સાકાર કે નિરાકાર હાજરી – ઉપસ્થિતિ – તરીકે, આનંદ તરીકે અવતરતો અનુભવાય છે. પરંતુ એ ચેતનાની પ્રાપ્તિ થાય તે પહેલાં સાધકે શ્રદ્ધા રાખવી જોઇએ, તથા પોતાની ચેતના એના પ્રત્યે ઉન્મીલિત થાય તે માટે અભીપ્સા કરવી જોઇએ. અભીપ્સા, આવાહન, પ્રાર્થના વગેરે એક જ વસ્તુનાં જુદાં જુદાં સ્વરૂપો છે, અને સઘળાં – પરિણામ લાવી શકે તેવાં – સચોટ છે. એમાંનું જે તમારી અંદર ઊગે યા તો જે તમને સહેલામાં સહેલું લાગે તેનો તમે ઉપયોગ કરી શકો છો. આ કાર્ય કરવાનો બીજો ઉપાય એકાગ્રતા છે; એટલે કે તમે તમારી ચેતનાને હૃદયના કેન્દ્રમાં એકાગ્ર કરો (કેટલાક મસ્તકમાં યા તો મસ્તકની ઉપર પણ એકાગ્રતા કરે છે.) અને હૃદયની અંદર માતાજીના ઉપર ધ્યાન કરો અને ત્યાં આવવાને તેનું આવાહન કરો. આ બે ઉપાયમાંથી કોઇ પણ એકનો અને બન્નેનો પ્રયોગ — જે સ્વાભાવિક રીતે પોતાનામાં આવે, યા તો અંદરથી જે કરવાની પોતાને પ્રેરણા થાય તે પ્રમાણે — જૂદે જૂદે સમયે સાધક કરી શકે છે. ખાસકરીને આરંભમાં મનને સ્થિર કરવું, તથા ધ્યાન વખતે સાધનાની બહારના સર્વે વિચારોનો તથા વૃત્તિઓનો ત્યાગ કરવો એ અતિ આવશ્યક છે. સ્થિર મનમાં અનુભૂતિને માટે

ક્રમેક્રમે વધારે ને વધારે તૈયારી થતી જશે. પરંતુ સઘળું એકદમ થઇ ન જાય તેથી તમારે અધીર ન થવું; મનની અંદર પૂરેપૂરી સ્થિરતા જમાવતાં સમય લાગે છે; એટલે તમારી ચેતના તૈયાર થાય ત્યાં સુધી તમારે તો મંડ્યા રહેવાનું છે.

*

યોગસાધનામાં તમે જે લક્ષ સાધવા માગો છો તે તો માતાજીની શક્તિ પ્રત્યે તમારી ચેતનાને ખુલ્લી કરો, સર્વ પ્રકારની "અહં" બુદ્ધિનો, માગણીઓનો, કામનાઓનો, તથા દિવ્યસત્ય માટેની અભીપ્સા સિવાયના સર્વે હેતુઓનો સતત ત્યાગ કરો તો જ સાધી શકાય. જો એ પ્રમાણે બરાબર કરવામાં આવે તો પ્રભુની શક્તિ અને જ્યોતિ તમારી અંદર કાર્ય શરૂ કરશે તથા શાંતિ અને સમતા, અંતરનું સામર્થ્ય, વિશુદ્ધ થયેલ ભક્તિ, તથા વૃદ્ધિ પામતી ચેતના અને આત્મજ્ઞાન વગેરે યોગસિદ્ધિની સ્થાપના માટે જરૂરનાં તત્ત્વો તે તમારી અંદર લાવશે.

*

તમારે માટે 'સત્ય' એટલે તમારી અંદર રહેલ પ્રભુનું ભાન થવું, માતાજી પ્રત્યે ખુલ્લા થવું, તથા તમારી સર્વે પ્રવૃત્તિમાં તમને માતાજીની હાજરીનું ભાન થાય ત્યાં સુધી

પ્રભુને ખાતર કર્મો કરવાં. તમારા હૃદયમાં પ્રભુની હાજરીની ચેતના, તથા તમારાં કાર્યોમાં પ્રભુની દોરવણીનું ભાન હોવાં જોઇએ. જો ચૈત્ય-પુરુષ પૂરેપૂરો જાગ્રત થયો હોય તો તેને એ ભાન ઘણી સહેલાઇથી, ઝડપથી અને ગંભીરતાપૂર્વક થઇ શકે છે; એક વાર ચૈત્ય-પુરુષને એ ચેતના પ્રાપ્ત થાય તો મન તથા પ્રાણ બન્નેના ઉપર તે તેનો વિસ્તાર કરી શકે છે.

*

તમને થયેલા બીજા અનુભવમાં — જે અનુભવ તમને તે વખતે તો તદ્દન વાસ્તવિક લાગે છે તેમાં — સત્ય એટલું જ છે કે અધોમુખ પ્રકૃતિની પકડમાંથી છૂટવા માટે ભગવાનની સહાય વિનાનો અંગત પ્રયત્ન કરવો એ તમારે કે બીજા કોઇને માટે તદ્દન નિરાશાજનક કાર્ય છે. એટલે જ્યારે એ અધોગામી ચેતનામાં તમે ડૂબી જાઓ છો ત્યારે તમને પોતાને ચારે બાજુએ નિરાશા જ દેખાય છે, કારણ કે સત્યચેતના, એટલા વખત પૂરતી, તમારી પકડમાંથી સરી જાય છે. પરંતુ એ સ્થિતિમાંથી તમારી અંદર જે સૂચનાઓ ઉભરાય છે તે સાચી નથી, કારણ કે તમારી ચેતનામાં ભગવાન પ્રત્યે ખુલ્લાં થયેલ દ્વાર છે. એટલે તમે એ અધોગામી ચેતનામાં પડ્યા રહેવાને બંધાયલા નથી.

જ્યારે તમારામાં સત્યચેતના જાગ્રત હોય છે ત્યારે બધું ય શક્ય છે, થઇ શકે તેવું છે એમ તમને લાગે છે,— જો કે અત્યારે તો ફક્ત નજીવી શરૂઆત માત્ર થયેલી છે. પરંતુ એક વાર ભગવાનની દિવ્ય શક્તિ તેનું સામર્થ્ય તથા તેનું સાન્નિધ્ય હોય તો એટલી શરૂઆત પણ પૂરતી છે. કારણ કે પ્રભુની મહાશક્તિ સઘળું કરી શકે છે, અને સંપૂર્ણ રૂપાંતર સિદ્ધ થવા માટે તથા અંતરાત્માની આધ્યાત્મિક સાર્થકતા સિદ્ધ થવા માટે સાધકના અંતરાત્માની અભીપ્સા તથા સમય એ બેની જ જરૂર છે.

*

દિવ્ય માની મરજીનું – તેની તપઃશક્તિનું – અનુસરણ કરવું હોય તો તેની શરતો નીચે પ્રમાણે છે: જ્યોતિ માટે, સત્ય પ્રાપ્તિ માટે, સામર્થ્ય માટે મહાશક્તિ માના પ્રત્યે નજર કરો, – બીજી કોઇ શક્તિ તમારા પર અસર ન કરે યા તો તમને દોરે નહિ એવી અભીપ્સા કરો, પ્રાણમાં કોઇ પણ પ્રકારની માગણીઓ યા તો શરતો કરો નહિ, પોતાના વિચારોનો અને ઘડતરોનો આગ્રહ ન રાખો પરંતુ સત્યનો સ્વીકાર કરવાને તત્પર હોય એવું સ્થિર મન રાખો, છેવટે, ચૈત્ય – પુરુષને જાગ્રત રાખો, અને તેને પ્રકૃતિને મોખરે રાખો, જેથી કરીને તમે માના સંબંધમાં સતત રહી શકો

અને તેની મરજી – તપઃશક્તિ – શી છે તે સાચી રીતે જાણી શકો. મન અને પ્રાણ એ બન્ને બીજા આવેગોને અને સૂચનાઓને ભગવાનની મરજી – તપઃશક્તિ – તરીકે ભૂલથી સ્વીકારે એમ બને, પરંતુ એક વાર ચૈત્ય – પુરુષ જાગ્રત થયો હોય તો તે કદી એવી ભૂલ કરતો નથી.

કાર્યમાં પૂરેપૂરી પૂર્ણતા યાને સિદ્ધિ તો વિજ્ઞાનમય રૂપાંતર થયા પછી જ આવે; પરંતુ સાધક પ્રભુ સાથે સંપર્કમાં હોય અને મન, પ્રાણ તથા શરીરમાં કાળજીવાળો, સાવધાન અને સચેત હોય તો પ્રમાણમાં નિમ્ન ભૂમિકાઓ ઉપર પણ સારૂં કામ થઇ શકે છે. વળી, પરમ મોક્ષની પ્રાપ્તિ માટે પણ એવી સ્થિતિ પ્રારંભક અને લગભગ અનિવાર્ય છે.

*

જે માણસને તદ્ – એવતાનો – એનું એ કરવાનો – કંટાળો હોય છે અને જેને કાંઇ નવીન વસ્તુ જોઇએ છીએ તે યોગસાધના ખાસ કરીને, આ યોગની સાધના – જેમાં અખૂટ ખંત અને અપાર ધીરજ આવશ્યક છે તે – નહિ કરી શકે. વળી મરણનો ભય પણ યોગ કરવાના અધિકારની વિરોધી એવી પ્રાણની નિર્બળતા સૂચવે છે. તેવી જ રીતે, જે માનવ પોતાના આવેગોને વશ હોય તેને

માટે પણ યોગસાધના મુશ્કેલ નીવડશે – અને તેના અંતરના સાચા સાદનો, અને આધ્યાત્મિક ચેતનાની પ્રાપ્તિ માટે તથા પ્રભુ સાથે એકતા કરવા માટે તેનામાં સાચી અને સમર્થ અભીપ્સાનો ટેકો નહિ હોય તો એવો સાધક ઘણી સહેલાઇથી વિનાશકારક પતનનો ભોગ થઇ પડે અને તેના પ્રયત્નનું પરિણામ શૂન્યમાં આવે એમ પણ બને.

*

કાર્ય કરવા બાબતમાં જણાવવાનું કે એ શબ્દનો શો અર્થ કરો છો તેના ઉપર બધો આધાર છે ઘણી ખરી વખત કામનાને લઇને એમાંનું એક પરિણામ આવે છે, એક, કાં તો પ્રયત્નની અતિશયતા થાય છે, યા તો ઊર્ધ્વની શક્તિને સાધક પોતાનામાં ખેંચી લાવે છે. પ્રયત્નની અતિશયતા એટલે – ઘણી વાર મહેનત ઘણી અને ફળ અલ્પ તે પણ ચેષ્ટાની અને થાકની લાગણી સાથે, અને મુશ્કેલી કે નિષ્ફળતા સામે મળે તો સાધકની પ્રકૃતિમાં નિરુત્સાહ, અશ્રદ્ધા યા તો બળવો જાગે છે. બીજું પરિણામ, ઊર્ધ્વની શક્તિને પોતાના આધારમાં ખેંચી લાવવાનું બની તો શકે છે, પરંતુ યોગની દૃષ્ટિએ સમર્થ અને અનુભવી હોય એવા સાધકો સિવાય બીજાઓને માટે એ ઉપાય હમેશાં સલામત નથી, – જો કે ઘણી વાર તે અસરકારક નીવડે એ શક્ય છે.

પ્રથમ તો એ ઉપાય સલામત નથી કારણ કે એને પરિણામે પ્રકૃતિમાં ઉગ્ર પ્રતિકાર્યો થવાનો સંભવ છે, યા તો કેટલીક વાર વિરોધી, કે અસત્યની કે સત્યાસત્યના મિશ્રણની બનેલી શક્તિઓ એવા પ્રયત્નને પરિણામે આવે છે અને ભગવાનની સત્ય શક્તિથી તેમને છૂટી પાડવાનું કાર્ય, બિનઅનુભવીપણાને લીધે, સાધક કરી શકતો નથી. અથવા તો, એમ પણ બને છે કે સાધક સાક્ષાત્કારોની પોતાની મર્યાદિત શક્તિને, યા તો એનાં પોતાનાં મનોમય અને પ્રાણમય ઘડતરોને તે ભગવાનની ભેટ તરીકે, કે પછી સાચી દોરવણી તરીકે સ્વીકારી લે છે. આમાં પણ દરેકે દરેક સાધકની બાબત જૂદી જૂદી હોય છે, દરેક વ્યક્તિનો સાધનમાર્ગ તેનો પોતાનો – વિશિષ્ટ – હોય છે. તમારે પોતાને માટે પ્રભુ પ્રત્યે અંતરનું સતત ઉન્મીલન, સ્થિર, એકધારી અભીપ્સા – અતિશય આતુરતાનો અભાવ, અને આનંદિત વિશ્વાસ અને ધીરજ એટલાની હું ભલામણ કરૂં છું.

*

અતિ – માનસ ચેતનાને – વિજ્ઞાનમય ચેતનાને – પ્રાપ્ત કરવાનો યા તો તેનો સ્પર્શ કરવાનો કોઇએ પણ અકાળે દાવો કરવો એ ઘણું જ ડહાપણ વિનાનું કાર્ય છે. એવા દાવાની સાથે સાથે ઘણુંખરૂં બૃહત – અહંભાવ ફાટી નીકળતો જણાય છે, જ્ઞાનદૃષ્ટિમાં કોઇ મૌલિક સ્ખલન થયેલું હોય

છે, યા તો કઠોર પતન, દુરિત અવસ્થા અને દુરિત ગતિ હોય છે. એક પ્રકારની આધ્યાત્મિક નમ્રતા, પોતાની જાતના પ્રત્યે ગભીર મત્સર રહિત દૃષ્ટિ, પોતાની વર્તમાન પ્રકૃતિની અપૂર્ણતાઓનું સ્થિર દર્શન અને ભાન, તથા આત્મ – બહુમાન અને અહં – પ્રતિ – પાદનને ઠેકાણે પોતાની વર્તમાન વ્યક્તિતાને વટાવીને તેનાથી પર થવાની જરૂરનું ભાન – તે પણ અહંતાભરી મહત્વાકાંક્ષાથી પ્રેરાઇને નહિ પરંતુ અંતરમાંથી પ્રભુ પ્રત્યે થતી પ્રેરણાને પરિણામે — આ તત્ત્વોની, પ્રાપ્તિ આપણો નિર્બળ પાર્થિવ અને માનવ સ્વભાવ જોતાં, વિજ્ઞાનમય રૂપાંતર પ્રત્યે પ્રગતિ કરવા માટે વધારે સારી શરતો પૂરી પાડે છે એમ મને લાગે છે.

*

અત્યારે અન્નમય ભૂમિકા ઉપર ચૈત્ય – પુરુષના સમર્પણનો અનુભવ તમારી અંદર શરૂ થયો છે.

ચેતનાના બધા ભાગો તત્વતઃ તો અર્પણ કરવામાં આવે છે એ ખરૂં, પરંતુ એ સઘળા ભાગોમાં તથા તેમની ક્રિયાઓમાં, છૂટેછૂટો તથા એકત્ર, ચૈત્ય – પુરુષના આત્મોત્સર્ગનો વિકાસ કરીને એ સમર્પણને સંપૂર્ણ કરવાનું હોય છે.

પ્રભુના ભોગ્ય બનવું એટલે પૂરેપૂરા સમર્પિત થઇ રહેવું.

એમ કરવાથી પોતાના અંગત સંતોષને ખાતર પોતે પ્રાપ્ત કરે છે એમ અનુભવવાને બદલે પ્રભુનું સાન્નિધ્ય, તેની શક્તિ, તેની જ્યોતિ, આનંદ વગેરે તત્ત્વોએ પોતાના આધાર પર અધિકાર જમાવ્યો છે અવી અનુભૂતિ સાધકને થાય છે. આવી રીતે પ્રભુને સમર્પિત થઇ રહેવું તથા પ્રભુના અધિકારમાં જઇ રહેવું એ પોતે એ અનુભૂતિના સ્વામી – ભોક્તા થવા કરતાં વધારે મહાન આનંદનું સાધન છે. વળી, સાથે સાથે આવા સમર્પણથી આત્મા તથા પ્રકૃતિ બન્નેના ઉપર સ્થિર, સુખદ પ્રભુત્વ પણ પ્રાપ્ત થાય છે.

*

અંતરાત્માને યાને ચૈત્ય – પુરુષને તમારી પ્રકૃતિને મોખરે લાવો અને તેને ત્યાં સ્થાપન કરો; તથા એની શક્તિનું દબાણ મન, પ્રાણ તથા શરીરના ઉપર મૂકો જેથી કરીને એ કરણોને પોતાની અવ્યભિચારી અભીપ્સાનું, પ્રભુ પર વિશ્વાસનું, શ્રદ્ધાનું, આત્મસમર્પણનું, પ્રકૃતિમાં જે કાંઇ દુરિત હોય તેની, તથા અહંતા પ્રત્યે, દુરિત પ્રત્યે અને જ્યોતિથી તથા સત્યથી પરાઙ્મુખ હોય તેની, સીધેસીધી અને સદ્ય સફળ શોધ કરવાનું બળ અંતરાત્મા પોતાની પાસેથી આપી શકે.

અહંનાં સર્વે રૂપોનો છેદ ઉડાવી દો; તમારી ચેતનાની પ્રત્યેક ક્રિયામાંથી અહંને બાતલ કરો.

વિરાટ-ચેતનાનો વિકાસ કરો – વિરાટ-વિભુની વ્યાપકતામાં, અપૌરુષેયતામાં અને ભાવનામાં, વિરાટ-શક્તિઓના જ્ઞાનમાં, વિરાટમાં થઇ રહેલ આવિર્ભાવના – લીલાના – સાક્ષાત્કારમાં અને સમજૂતીમાં અહં – કેન્દ્રિત દૃષ્ટિબિંદુનો લોપ કરી દો.

અહંને ઠેકાણે વાસ્તવિક વ્યક્તિતાને શોધી કાઢો, જે ભગવાનનો અંશ છે, મહાશક્તિમાંથી જે જન્મેલ છે, આવિર્ભાવનું જે એક સાધન છે. ભગવાનના અંશ હોવાનો અને પ્રભુના કરણ હોવાનો આ ભાવ સર્વ પ્રકારના અભિમાનથી, અહંના ભાન યા તો દાવાઓથી, યા તો સરસાઇના વિધાનથી, દાવાથી કે કામનાથી સદાય મુક્ત હોવો જોઇએ. કારણ કે જો આ તત્ત્વો એમાં હોય તો તે વ્યક્તિનું સાચું સ્વરૂપ નથી.

યોગસાધના કરનારા ઘણા ખરા મન, પ્રાણ અને શરીરની ચેતનામાં રહેતા હોય છે, — કોઇ કોઇ વાર યા તો થોડે ઘણે અંશે, ઉચ્ચતર આલોકિત મનોમય ચેતનાને લઇને એ સામાન્ય ચેતના ઉપર જ્યોતિનો પ્રકાશ પડતો હોય છે. પરંતુ વિજ્ઞાનમય રૂપાંતર માટે તૈયારી કરવી હોય તો – વ્યક્તિને માટે, સમય આવે કે તુરત જ — સ્મૃતિ યાને સહજ જ્ઞાનની અને અધિ – માનસની — overmindની —

ચેતના પ્રત્યે તેણે ખુલ્લા થવું જોઇએ જેથી કરીને એ ઉચ્ચ ભૂમિકાઓ સાધકની સમગ્ર સત્તાને અને સમગ્ર પ્રકૃતિને વિજ્ઞાનમય રૂપાંતરને માટે લાયક બનાવે. ચેતનાને શાંત – સ્થિર – પણે વિકાસ કરવા દો,– વિશાળ, વ્યાપક, થવા દો, એટલે આ વસ્તુઓનું જ્ઞાન ધીમેધીમે વધારે ને વધારે પ્રમાણમાં આવતું જશે.

અક્ષુબ્ધતા, વિવેક, અનાસક્તિ – પરંતુ ઉદાસીનતા નહિ – એ સઘળાં તત્ત્વો ઘણાં અગત્યનાં છે, કારણ કે એમનાં વિરોધી તત્ત્વો રૂપાંતરની ક્રિયામાં બાધા નાંખે છે. અભીપ્સાની તીવ્રતા હોવી જોઇએ. પરંતુ તે ઉપર જણાવેલાં તત્ત્વોની સાથે સાથે હોવી જોઇએ. નહિ ઉતાવળ કે નહિ તામસિક નિષ્ક્રિયતા, રાજસિક અતિ આતુરતાયે નહિ કે તામસિક નિરુત્સાહ પણ નહિ – પરંતુ એક પ્રકારનો સ્થિર, અક્ષુણ્ણ, છતાં શાંત અને સ્થિર આવાહન અને કાર્ય ચાલુ રહેવાં જોઇએ. સાક્ષાત્કારોને ખેંચવા નહિ યા તો તેમને વળગી રહેવું નહિ પરંતુ અંતરમાંથી અને ઊર્ધ્વમાંથી તેમને આવવા દેવા અને તેનું ક્ષેત્ર, તેનો પ્રકાર તથા તેની મર્યાદાઓને વગર સ્ખલને અવલોકવી.

માતાજીની શક્તિને તમારી અંદર કાર્ય કરવા દો, પરંતુ વિશાળ બનેલી અહંની ક્રિયા, યા તો સત્ય તરીકે અડી જનાર

અજ્ઞાનની કોઇ શક્તિ પરાશક્તિની જોડે ભળી જાય, યા તો તેને ઠેકાણે બેસી જાય તેનાથી દૂર રહેવા પૂરતા સાવચેત રહેજો. ખાસ કરીને ચેતનાની અંદરની સર્વે તમોગ્રસ્તતા અને અચેતનતા—ને દૂર કરવા માટે અભીપ્સા કરો.

વિજ્ઞાનમય રૂપાંતરની તૈયારી કરવા માટેની આ મુખ્ય શરતો છે; પરંતુ એમાંની એકેય સહેલી નથી. અને પ્રકૃતિ રૂપાંતર માટે "તૈયાર છે" એમ કહેતાં પહેલાં આ શરતો તો પૂરી થવી જોઇએ. જો સાચું વલણ સ્થાપન કરવામાં આવે — એટલે કે ચૈત્ય-પુરુષનું, અહંતારહિત, ફક્ત ભગવાનની મહાશક્તિ પ્રત્યે જ ઉન્મીલિત, — તો આ રૂપાંતરનુ કાર્ય વધારે ત્વરાથી આગળ ચાલે. સાચુ વલણ લેવું અને તેને ટકાવી રાખવું, પોતાની અંદર એ રૂપાંતરને આગળ ધપાવવું એ જ મદદ તમારાથી આપી શકાય તેમ છે, સર્વ-સામાન્ય રૂપાંતર થવામાં સહાય કરવા માટે ફક્ત આટલી એક જ વસ્તુની માગણી કરવામાં આવે છે.

મુશ્કેલીમાં —

સાધનાની આરંભની દશામાં હમેશાં મુશ્કેલીઓ નડે છે, અને પ્રગતિ બાધિત હોય છે, તથા આધાર તૈયાર થાય ત્યાં સુધી આંતર ચેતનાનાં દ્વારો ઉઘડતાં વાર લાગે છે. જ્યારે જ્યારે તમે ધ્યાનમાં બેસો ત્યારે ત્યારે તમને અંતઃશાંતિ લાગતી હોય, અંતર્જ્યોતિ દેખાતી હોય તથા હૃદયની પ્રેરણા એટલી તો પ્રબળ બનતી હોય કે બાહ્ય બંધનો ઢીલાં થતાં લાગે, તથા પ્રાણના ક્ષોભોમાંથી બળ ઓસરી જતું અનુભવાય – તો પણ ઘણી પ્રગતિ થઇ છે એમ સમજવું. સાધનાનો પંથ તો ઘણો ઘણો લાંબો છે. અને એ પંથનો એકેએક તસુ ઘણા વિરોધની સામે થઇને જીતવાનો છે, – અને ધૈર્યની, સર્વ મુશ્કેલીઓ, વિલંબો તથા દેખીતી નિષ્ફળતાઓ વચ્ચે અડગ રહે એવી શ્રદ્ધાયુક્ત એકનિષ્ઠ ખંતની સાધકને જેટલી જરૂર પડે છે તેટલી બીજા કોઇ પણ ગુણની પડતી નથી.

*

○ સાધનાની આરંભની દશામાં આ બાધાઓ સામાન્ય

હોય છે. તમારી પ્રકૃતિ હજુ સુધી જોઇએ તેટલી ગ્રહણશીલ થઇ નથી તેને લીધે એ બાધાઓ નડે છે. બાધા ક્યાં આવી રહી છે – મનમાં કે પ્રાણમાં – તે તમારે શોધી કાઢવું જોઇએ, અને ત્યાં આગળની ચેતનાને તમારે વિશાળ કરવી જોઇએ. તથા વધારે વિશુદ્ધિને અને વધારે શાંતિને તમારે આવાહન કરવું જોઈએ. એ વિશુદ્ધિમાં અને એ શાંતિમાં સ્થિર થઇને તમારી પ્રકૃતિનો એ બાધા કરનારો ભાગ, સહૃદયતાથી અને નિઃશેષપણે, દિવ્ય મહાશક્તિને તમારે સમર્પણ કરી દેવો જોઇએ.

*

માનવપ્રકૃતિનો દરેક ભાગ.— માનવના અંતરનું એકેએક કરણ, – પોતાની જૂની ક્રિયાઓ ચાલુ રાખવા માગે છે, અને સમૂળો ફેરફાર કે પ્રગતિ કરવાનું સ્વીકારવાની, તેનાથી બને ત્યાં સુધી, ના પાડે છે, કારણ કે એમ કરે તો પોતાનાથી વધારે ઉચ્ચ વસ્તુના તાબામાં તેને જવું પડે, તથા એના પોતાના ક્ષેત્રમાં ચાલતી એની પોતાની અખંડ સાર્વભૌમ સત્તાનો, તેના પોતાના જુદા સામ્રાજ્યનો અંત જ આવે. રૂપાંતરની ક્રિયા સાધતાં આટલો બધો લાંબો સમય થવાનું અને આટલી મુશ્કેલી નડવાનું કારણ પણ એ છે.

મન જડ જેવું બુઠ્ઠું થઇ જાય છે કારણ કે માનવ

મનના પાયામાં તમોગુણ યાને જડતાના મૌલિક ગુણવાળું સ્થૂલ – મન આવી રહેલ છે, અને સ્થૂલ – પદાર્થનો મૌલિક ગુણ જડતા છે. ઊર્ધ્વ ભૂમિકાની અનુભૂતિઓ સતત યા તો લાંબા સમય સુધી, ચાલે છે ત્યારે તેને પરિણામે સ્થૂલ મનમાં ક્લાંતિની લાગણી, યા તો, અણગમાની અથવા તો મંદતાની પ્રતિક્રિયા, થાય છે. એમાંથી છૂટવાનો એક ઉપાય સમાધિ છે:— એમાં શરીરને નિશ્ચલ – સ્થિર – કરવામાં આવે છે, સ્થૂલ – મન એક પ્રકારના ઘેનમાં પડી જાય છે, તથા આંતરચેતનાને પોતાની આધ્યાત્મિક અનુભૂતિઓ મેળવ્યે જવાની સંપૂર્ણ છૂટ મળે છે. આ રીતમાં ગેરલાભ એ છે કે પછીથી સમાધિની સ્થિતિ અનિવાર્ય બને છે અને જાગ્રત ચેતનાનો કોયડો તો અણઉકલ્યો જ રહી જાય છે; એટલે કે તે તો અપૂર્ણ જ રહી જાય છે.

*

બધી જાતના વિચારો મનમાં આવ્યા કરે છે એ જો ધ્યાનમાં નડતી મુશ્કેલી હોય તો તે વિરોધીશક્તિઓને લઇને નહિ પરંતુ માનવ મનની સામાન્ય પ્રકૃતિને આભારી છે. બધા સાધકોને એ મુશ્કેલી હોય છે, અને ઘણાંને તો એ લાંબા સમય સુધી નડ્યા કરે છે. એનાથી છૂટવાના જૂદાજૂદા ઉપાયો છે. એક ઉપાય એ છે કે વિચારોના તરફ જોયા

કરવું, અને એ વિચારો કેવા પ્રકારનું માનવ-મન દર્શાવે છે તેનું સૂક્ષ્મ અવલોકન કરવું,— પરંતુ તેમને અનુમતિ આપવી નહિ તથા તેઓ આપોઆપ અટકી જાય ત્યાં સુધી તેમને દોડાદોડ કરવા દેવી. સ્વામી વિવેકાનંદે એમના રાજ-યોગમાં આ રીતની ભલામણ કરી છે. બીજી રીત એ છે કે એ વિચારોને પોતાના તરીકે ન ગણતાં સાક્ષી પુરુષ તરીકે તેમનાથી છૂટા પડીને તેમને અનુમતિ આપવાનો ઇન્કાર કરવો. આ ઉપાયમાં વિચારોને બહારથી, એટલે કે પ્રકૃતિ-માંથી, આવતા અનુભવાય છે અને પોતાના મનોમય આકાશ-માંથી પસાર થતા, પોતાની સાથે કશા પણ સંબંધ વિનાના, પોતાને જેમનામાં કશો પણ રસ નથી એવા, પથિકોની પેઠે જ સાધકે તેમને ગણવા જોઇએ. આ પ્રમાણે કરવાથી સામાન્યરીતે એમ બને છે કે સાધકનું મન બે ભાગમાં વહેંચાઇ જાય છે: એક ભાગ મનોમય સાક્ષીરૂપ પુરુષનો બનેલો, જે પ્રકૃતિને જુવે છે, જે પૂરેપૂરો અક્ષુબ્ધ અને સ્થિર રહે છે તે, અને બીજો, એ પુરુષ ચેતનાની દૃષ્ટિના ક્ષેત્રરૂપ બનેલો, પ્રકૃતિનો ભાગ જેમાં થઇને એ વિચારો પસાર થાય છે, યા તો આડાઅવળા રસળે છે. ત્યાર પછીથી, પ્રકૃતિના ભાગને પણ નીરવ યા તો સ્થિર કરવાની શરૂઆત સાધક કરી શકે છે. ત્રીજી રીત સક્રિય છે. એમાં વિચારો ક્યાંથી આવે છે તેની સાધક શોધ કરે છે અને પોતાની અંદરથી તે આવતા નથી પરંતુ જાણે કે મસ્તકની બહારથી

આવે છે એ સત્ય તે શોધી કાઢે છે. જો સાધક એ વિચારોને પોતાની અંદર દાખલ થતાં જ પકડી શકે તો, તેઓ પ્રવેશ કરે તે પહેલાં જ, તેણે તેમને નિઃશેષપણે દૂર નાંખી દેવા જોઇએ. આ રીત કદાચ સૌથી વધારે મુશ્કેલ પડે અને બધા સાધકો એનો લાભ ન પણ લઇ શકે, પરંતુ જો કોઇ તેનો પ્રયોગ કરી શકે તો, નીરવતા પ્રાપ્ત કરવાનો એ ટૂંકામાં ટૂંકો અને સૌથી સમર્થ ઉપાય છે.

*

તમારી ચેતનામાં જે કુવૃત્તિઓ આવતી હોય તેમને જોવી અને પારખવી એ જરૂરનું છે, કારણ તમારાં સર્વ દુઃખોનું મૂળ તેઓ છે, અને મૂક્ત થવું હોય તો તમારે તેમનો ખંતપૂર્વક ઇન્કાર જ કરવો (જ) જોઇએ.

પણ હરહમેશાં તમારી ખોડખામીઓના અને અસદ્ વૃત્તિઓના જ વિચાર કર્યા ન કરો. ભાવિમાં તમે જે થવા માગતા હો તેના ઉપર, — તમારા આદર્શ ઉપર — ચિત્તને એકાગ્ર કરો; અને શ્રદ્ધા રાખો કે જે ભાવિ આદર્શ તમે નક્કી કર્યો છે તે તમે પ્રાપ્ત કરી શકશો અને પ્રાપ્ત થવો જ જોઇએ.

આખો વખત સ્વદોષોનું અને અધમ વૃત્તિઓનું નિરીક્ષણ કર્યા કરવાથી સાધકમાં નિરુત્સાહ આવે છે તથા શ્રદ્ધા ઓસરે

છે. આજુબાજુ વ્યાપી રહેલ પ્રત્યક્ષ અંધકારના તરફ જોયા કરવાને બદલે આગામી જ્યોતિના ઉપર નજરને વધારે સ્થિર કરો. શ્રદ્ધા, આનંદી સ્વભાવ, હસતું મોં, અંતિમ વિજયમાં વિશ્વાસ સાધકને સહાય કરે છે, તેમને લીધે પ્રગતિ વધારે ત્વરિત અને વધારે સહેલી બને છે.

તમને જે સારી અનુભૂતિઓ પ્રાપ્ત થઇ હોય તેમનો વધારે સદુપયોગ કરતાં શીખો. એવી એક અનુભૂતિ અનેક સ્ખલનો અને નિષ્ફળતાઓ કરતાં અનેક ગણી વધારે અગત્યની છે. જ્યારે અનુભૂતિ અદૃશ્ય થઇ જાય ત્યારે તેને બળજોરીથી પકડી રાખવા પ્રયત્ન કરો નહિ, યા તો નિરુત્સાહ થઇ જાઓ નહિ. પરંતુ અંતરમાં સ્થિર રહો, અને અંતરથી એ અનુભૂતિ વધારે સમર્થ સ્વરૂપે ફરીને જાગ્રત થાય અને ઉત્તરોત્તર વધારે ગહન અને વધારે પરિપૂર્ણ અનુભૂતિઓને જાગ્રત કરે એવી અભીપ્સા કરો.

અભીપ્સાનો અગ્નિ સદા જાગ્રત રાખો – પણ પ્રભુ પ્રત્યે વધારે સ્થિરતાપૂર્વક, સંપૂર્ણપણે અને સરળતાથી તમારા અંતરને ઉન્મુખ કરીને.

*

લગભગ બધા માણસોમાં નિમ્ન પ્રાણ ગભીર ખામીઓવાળો અને અવિદ્યાની વિરોધીશક્તિઓને પ્રત્યુત્તર આપનારી

વૃત્તિઓથી ભરેલો હોય છે. અંતરાત્માને ઊર્ધ્વ પ્રત્યે સતત ખુલ્લો રાખવાથી, નિમ્ન અસરોનો ખંતપૂર્વક ત્યાગ કરવાથી, વિરોધી – સૂચનોથી પોતાની જાતને છૂટી પાડવાથી તથા માની દિવ્ય શક્તિમાંથી સ્થિરતા, જ્યોતિ, શાંતિ, તથા શુદ્ધિનો પ્રવાહ સાધકની ચેતના ઉપર ઉતરે તેને પરિણામે આખરે સાધકનો આધાર એ નિમ્ન શક્તિઓના ઘેરાથી મુક્ત બનશે.

જરૂર છે સ્થિર થવાની,— વધારે ને વધારે સ્થિર થવાની. એ અસરો તમારી પોતાની જાતની નથી પરંતુ તે બહારથી આવેલી છે એ પ્રમાણે તેમને જોવાની,— તમારી જાતને તેમનાથી છૂટી પાડવાની, તેમને નકારવાની તથા દિવ્ય મહાશક્તિમાં સ્થિર વિશ્વાસ રાખવાની જરૂર છે. જો તમારા હૃદયમાં વસનાર અંતરાત્મા પ્રભુને માટે તલસતો હશે અને તમારૂં મન સહૃદય હોઈ નિમ્ન પ્રકૃતિથી અને સર્વે વિરોધી શક્તિઓથી મુક્ત થવા માટે પ્રાર્થના કરતું હશે, જો તમે મહાશક્તિ સ્વરૂપ માને તમારા હૃદયમાં આવાહન કરી શકશો, અને તમારા સામર્થ્યના ઉપર નિર્ભર રહેવા કરતાં તેના ઉપર વધારે નિર્ભર રહી શકશો તો તમારી આજુબાજુનો નિમ્ન પ્રકૃતિનો એ ઘેરો આખરે હઠાવી દેવામાં આવશે અને તેને ઠેકાણે સામર્થ્ય અને શાંતિ આવશે.

*

નિમ્ન પ્રકૃતિ અજ્ઞાનની ભરી અને અદિવ્ય છે. તે પોતે ભગવાનની વિરોધી નથી હોતી, પરંતુ જ્ઞાનજ્યોતિ તથા સત્ય પ્રત્યે તેનાં દ્વાર બંધ હોય છે. વિરોધી શક્તિઓ ફક્ત અદિવ્ય જ હોય છે એટલું જ નહિ પરંતુ તેઓ તો ભગવદ્-દ્વેષી હોય છે. એ શક્તિઓ માનવની નિમ્ન પ્રકૃતિનો ઉપયોગ કરે છે, તેને વિકૃત કરે છે, તેમનામાં અધર્મમય પ્રવૃત્તિઓ આરંભે છે તથા એ રીતે સાધકના ઉપર પોતાનો પ્રભાવ જમાવે છે. એટલું જ નહિ, પરંતુ સાધકની પ્રકૃતિમાં પ્રવેશ કરવા તથા તેનો કબજો લેવા, યા તો કાંઈ નહિ તો તેને સંપૂર્ણપણે પોતાના કાબુમાં લેવા પ્રયત્ન કરે છે.

જાતને હીન – હલકી ગણવાની અતિશયોક્તિ ભરેલી લાગણીથી તથા પાપના, મુશ્કેલીના યા તો નિષ્ફળતાના ખ્યાલોથી હતોત્સાહ થઈ જવાની ટેવથી તમારી જાતને મુક્ત કરો. એવી લાગણીઓ ખરી રીતે કોઈ પ્રકારની મદદ કરતી નથી. ઉલટી, તે મહાન અંતરાયરૂપ થઈ પડે છે અને પ્રગતિમાં બાધા કરે છે. એ બધી લાગણીઓ ધાર્મિક માનસની છે, યોગીના માનસને છાજતી નથી. યોગીએ તો પોતાની પ્રકૃતિની સર્વે ત્રુટિઓને સર્વ માનવને સામાન્ય એવી નિમ્ન પ્રકૃતિની ક્રિયા તરીકે જોવી જોઈએ, તથા સ્થિરતાપૂર્વક, દૃઢતાપૂર્વક અને પ્રભુની શક્તિમાં પૂરેપૂરો વિશ્વાસ રાખીને ખંતપૂર્વક તેમને નકારવી જોઈએ — વિના નિર્બળતા, યા તો નિરુત્સાહ,

વિના પ્રમાદ યા તો ઉશ્કેરણી, વિના અધીરાઈ યા તો ઉગ્રના.

*

સાધનાનો નિયમ એવો છે કે નિરુત્સાહથી નાહિંમત થવું નહિ, પરંતુ તેનાથી જુદા પડી જવું, તેના કારણનું નિરીક્ષણ કરવું તથા તેને દૂર કરવું – કારણ કે એનું કારણ હમેશાં આપણી પોતાની અંદર જ હોય છે. કોઈ સ્થળે પ્રાણનો દોષ હશે, કુવૃત્તિનું લાલન કરવામાં આવ્યું હશે, યા તો કોઈ નજીવી કામના તેની તૃપ્તિને અંતે યા તો કોઈ વાર અતૃપ્તિને લીધે,– પ્રતિકાર્ય ઉત્પન્ન કરતી હશે. સંતોષેલી કામના યા તો આચારમાં મૂકેલી દુર્વૃત્તિ ઘણી વાર નિરાશ થયેલી કામના કરતાં વધારે પ્રતિકાર્ય લાવે છે.

બહારના સ્પર્શોના ભોગ થઈ પડનાર બહિર્મુખ પ્રાણમાં તથા મનમાં રહેવા કરતાં ઊંડા ઉતરીને અંદરની ચેતનામાં વધારે સ્થિર થવાની તમારે જરૂર છે. અંતરતમ ગભીર ઊંડાણમાં રહેનાર ચૈત્ય– પુરુષના ઉપર એમનું જોર ચાલતું નથી. એ અંતરાત્મા તો પ્રભુની સહજ નિકટતામાં પ્રતિષ્ઠિત હોય છે તથા ચેતનાની સપાટી પર થતી નાની નાની વૃત્તિ-ઓને પોતાના સત્યસ્વરૂપથી તદ્દન ભિન્ન તરીકે જ તે અનુભવે છે.

*

તમારા પર હૂમલો કરનાર મુશ્કેલીઓ તથા કુવૃત્તિઓની સામે થવામાં તેમને તમારી પોતાની પ્રકૃતિનો જ ભાગ ગણીને, કદાચ, તમે તેમની સાથે જોઇએ તે કરતાં વધારે તાદાત્મ્ય યાને એકતા, કરતા હો એમ લાગે છે. વધારે સારૂં એ છે કે તમારે તેમનામાંથી જાતને પાછી ખેંચી લેવી, તેમનાથી અલગ થઇ જવું તથા તેમની સાથે સર્વ સંપર્કનો ઇન્કાર કરવો. તમારે તેમને અપૂર્ણ અને અશુદ્ધ એવી વિરાટની નિમ્ન પ્રકૃતિની વૃત્તિઓ તરીકે, બહારથી તમારી અંદર પ્રવેશ કરતી, તથા પોતાનો આવિર્ભાવ કરવાના કરણ તરીકે તમને વાપરવા પ્રયત્ન કરતી શક્તિઓ તરીકે ગણવી જોઇએ. એ રીતે એમનામાંથી વિખૂટા પડવાથી અને સંપર્કનો ઇન્કાર કરવાથી તમે તમારા પોતાના સ્વરૂપને શોધી શકશો. તથા તેમાં, અર્થાત્ તમારા ચૈત્ય–પુરુષમાં યાને અંતરાત્મામાં ચેતનાને વધારે ને વધારે ધારણ કરી શકશો. પ્રકૃતિની અંદરથી આવતી એ વૃત્તિઓ એ ભાગના–અંતરાત્માના –ઉપર નથી હૂમલો કરી શકતી યા તો નથી તેને ઉદ્વેગ કરાવી શકતી. અંતરાત્માને એ વૃત્તિઓ તદ્દન વિદેશી લાગે છે, એટલે આપોઆપ તેમને અનુમતિ આપવાનો તે ઇન્કાર કરે છે. તે પોતે તો સદાય પ્રભુપરાયણ યા તો પ્રભુની દિવ્ય શક્તિઓ જોડે તથા ચેતનાની ઊર્ધ્વ ભૂમિકાઓ જોડે સદા સંયુક્ત છે એમ અનુભવે છે. તમારી અંદર રહેલા એ અંતરાત્માને શોધી કાઢો, અને તેની અંદર

ચેતનાને ધારણ કરો. એ પ્રમાણે કરવાની શક્તિ હોવી એ સાધનાની સાચી પ્રતિષ્ઠા છે.

એ પ્રમાણે પ્રકૃતિની ક્રિયાઓમાંથી છૂટા પડી તેમની પાછળ જઇને ઊભા રહેવાથી તમારી ચેતનાની સપાટી ઉપર થતી અથડાઅથડીની પાછળ, તમારા પોતાના અંતરાત્માની અંદર, એક સ્થિર, અક્ષુબ્ધ અવસ્થા પ્રાપ્ત કરવી વધારે સહેલી થઇ પડશે – વધારે સહેલાઇથી પ્રાપ્ત કરી શકાશે. એ સ્થિર અવસ્થામાં પ્રતિષ્ઠિત થઇને – રહીને – તમને મુક્ત કરવા માટે ઊર્ધ્વની સહાયને તમે વધારે અસરકારક રીતે પ્રાર્થના કરી શકશો. પ્રભુની હાજરી, સ્થિરતા, શાંતિ, શુદ્ધિ, શક્તિ, જ્યોતિ, આનંદ, વિશાળતા વગેરે સઘળાં તમારી અંદર અવતરણ કરવાની વાટ જોતાં ઊર્ધ્વ લોકમાં આવી રહેલાં છે. પ્રકૃતિની પાછળ રહેલ એ અચંચળતાને પ્રાપ્ત કરો એટલે તમારૂં મન પણ વધારે અચંચળ – સ્થિર – બનશે. એ પ્રમાણે મન સ્થિર બનતાં તેની સહાયથી પ્રથમ શુદ્ધિ તથા શાંતિને માટે, અને ત્યાર પછી દિવ્ય શક્તિને માટે સાદ કરી શકશો. જો એ શાંતિને તથા શુદ્ધિને તમે તમારી અંદર અવરોહણ કરતી – ઉતરતી – અનુભવી શકો તો ફરીફરીને તમારે તેનું આવાહન કરવું,– આખરે તે ઠરીને તમારી ચેતનામાં સ્થિર થવા માંડે ત્યાં સુધી. વળી તમારી પ્રકૃતિની ક્રિયાઓને ફેરવવા તથા ચેતનાનું રૂપાંતર કરવા માટે દિવ્ય શક્તિ પણ તમારી અંદર

કાર્ય કરતી જણાશે. તેનાં એ કાર્યમાં તમને માતાજીની હાજરીનું તથા તેની શક્તિનું ભાન થશે. એક વાર એ પ્રમાણે થાય તો પછી બાકીનું બીજું બધું થવાનો પ્રશ્ન તો સમયનો તથા તમારી સત્ય અને દિવ્ય પ્રકૃતિનો તમારામાં વિકાસ કરવાનો – પ્રશ્ન – છે.

*

અપૂર્ણતાઓ – ઘણી અને ગભીર અપૂર્ણતાઓ પણ – હોય તેથી કાંઇ આધ્યાત્મિક પ્રગતિમાં હમેશને માટે બાધા આવતી નથી (અહીં હું પહેલાં ઊર્ધ્વ શક્તિ પ્રત્યે આધારની જે ઉન્મુખતા હતી તે પાછી મેળવવા વિષે નથી કહેતો, કારણ કે મારો અનુભવ એવો છે કે સાધનામાં બાધાઓથી પૂર્ણ યા તો અંતઃકલહનો સમય વીત્યા પછી, ઘણું ખરૂં, તો નવીન અને વધારે વિશાળ ઉન્મુખતા આવે છે, કોઈ વધારે વિશાળ અને વ્યાપક ચેતના જાગ્રત થાય છે, તથા આગળ જે કાંઇ પ્રાપ્ત કરવામાં આવેલ પરંતુ થોડા સમય માટે જે દેખીતી રીતે – પણ કેવળ દેખાવ પૂરતું જ – નષ્ટ થયેલ હતું તેનાથી સાધક વધારે આગળની પ્રગતિ હાંસલ કરે છે.) સાધનાની પ્રગતિમાં હમેશને માટે નડે — પરંતુ નડવી જોઇએ એવું કાંઇ નથી, કારણ કે એ પણ બદલાઇ જઇ શકે છે — એવી કોઈ બાધા હોય તો તે દિલની

સચ્ચાઇની યાને સહૃદયતાની ખામી છે. એવી સહૃદયતાની ખામી તમારામાં નથી. અપૂર્ણતાઓ જ જો આડખીલીરૂપ હોય તો કોઇ પણ માણસ સાધનામાં સફળ થઇ જ શકે નહિ, કારણ કે બધા જ અપૂર્ણ છે. અને મારા અનુભવ પ્રમાણે તો, યોગસાધના કરવાની સૌથી વધારે યોગ્યતા જેમનામાં હોય છે તેમનામાં જ, ઘણી વખત, સૌથી મહાન ત્રુટિઓ હોય છે યા તો એક વખત હતી. સોક્રેટીસે પોતાના ચારિત્ર ઉપર જે ટીકા કરી હતી તે હું ધારૂં છું કે તમે જાણતા હશો; ઘણાખરા મહાન યોગીઓ પોતાની પ્રારંભિક માનવ પ્રકૃતિ વિષે એનું એ કહી શકે. દિલની સચ્ચાઇ એ જ યોગસાધનમાં આખરે સૌથી અગત્યનું તત્ત્વ નીવડે છે અને તેની સાથે પોતાને માર્ગે ખંતપૂર્વક કૂચ કર્યે જવાની ધીરજ સાધકમાં હોવી જોઇએ. — ઘણાં સાધકો તો એવી ધીરજ વિના પણ પોતાની યાત્રાના અંત સુધી પહોંચી જાય છે, કારણ કે વિદ્રોહ, અધીરાઇ, નિરુત્સાહ, નિરાશા, કલાંતિ, શ્રદ્ધાનો તાત્કાલિક વિલય, – એ સઘળું હોવા છતાં સાધકની બહિર્મુખ ચેતનાના કરતાં કયાંયે પ્રબળ એવી કોઇ અંતરાત્માની શક્તિ – તેની આધ્યાત્મિક ક્ષુધા – તેને આગળ ને આગળ ધકેલી જાય છે અને અજ્ઞાનનાં તિમિરાવરણોમાંથી તથા ઘેરાં ધુમ્મસોમાંથી સલામત પાર ઉતારી અંતિમ ધામે તેને પહોંચાડી દે છે. એ સાચું છે કે અપૂર્ણતાઓને લીધે સાધક ઠોકર ખાય તથા થોડા વખત

માટે, તેનું પતન પણ થાય, પરંતુ એ કાંઇ હમેશની નડતર નથી. પ્રકૃતિના કોઇ ભાગમાં વિરોધ કરનાર અજ્ઞાનતિમિરમાં સંતાઈ રહેલા ખૂણા હોય તો તે પ્રગતિનો વેગ ધીમો પડવાનું વધારે ગભીર કારણ બને છે એ ખરૂં, પરંતુ એ પણ હમેશને માટે ટકી શકતા નથી.

વળી, તમારામાં મંદતા લાંબો સમય સુધી ટકે છે તે પણ તમારી શક્તિમાં યા તો તમારા આધ્યાત્મિક ભાવિમાં શ્રદ્ધા ગુમાવવાનું પૂરતું કારણ નથી. હું એમ માનું છું કે તિમિરમય અને જ્યોતિર્મય સમયના વારાફેરા સાધનામાં સર્વ સામાન્ય અનુભવ હોય છે, – એના અપવાદો ન જેવા જ હશે. આપણી અધીર માનવ પ્રકૃતિને અણગમતી એવી આ ઘટનાનાં કારણોની જો તપાસ કરવામાં આવે તો, હું ધારું છું કે, તેનાં બે કારણો જણાશે: પ્રથમ તો એ કે ઊર્ધ્વ ચેતનામાંથી આવતા આનંદના, શક્તિના કે જ્યોતિના સતત સ્રોતોને સહન કરવાને માનવ ચેતના અશક્ત હોય છે, યા તો તેમને ધારણ કરવાનું અને પચાવી લેવાનું કામ એકી વખતે તે કરી શકતી નથી; એવી આધ્યાત્મિક પાચનક્રિયાને સમય લાગે છે. પરંતુ એ પાચનની ક્રિયા ચેતનાની છીછરી સપાટીના પડદા પાછળ થતી હોય છે. એટલે જે અનુભૂતિ યા તો જે નવી ચેતના ઊર્ધ્વમાંથી સાધકની ચેતનામાં આવી હોય છે તે એ પડદા પાછળ જતી રહે છે તથા

બહિર્મુખ ચેતનાને, થોડો વખત, પડતર રહેવા દઈ નવીન અનુભૂતિના અવતરણને માટે યોગ્ય થવા દે છે. સાધનાની વધારે પકવ અવસ્થામાં એવા અંધકારભર્યા યા તો મંદતાના ગાળાઓ અલ્પજીવી થતા જાય છે, ઓછા કપરા લાગે છે, ઉન્નત ભાવવાળા બને છે, કારણ કે એ ગાળાઓમાં કોઇ મહત્તર ચેતના પ્રગતિ કરતી દેખાતી નથી તો પણ તે સ્થિર રહે છે તથા સાધકની બહિર્મુખ પ્રકૃતિને ટેકો આપે છે. એ મંદતાનું બીજું કારણ પ્રકૃતિમાં આવી રહેલ વિરોધ હોય છે, એટલે કે, સાધકની પ્રકૃતિમાં કોઇ એવું તત્ત્વ હોય છે જેને ઊર્ધ્વ ચેતનાના અવતરણનું ભાન થયું જ નથી, એવા અવતરણ માટે જે તૈયાર નથી, પોતાનામાં ફેરફાર કરવા માટે જે કદાચ તત્પર નથી — ઘણી વખત તો એ વિરોધ મન યા તો પ્રાણે બનાવેલ સામાન્ય ઘડતરને યા તો સ્થૂલ શરીરમાં રહેલી જડતાને આભારી હોય છે, એટલે કે, સાધકની પોતાની પ્રકૃતિનું અંગ હોતો નથી — એવો ભાગ પ્રગટ કે પ્રચ્છન્ન – રીતે મુશ્કેલીને ચેતનાની સપાટી ઉપર લાવી મૂકે છે. જો પોતાની અંદર આવી રહેલા કારણને શોધી કાઢી શકે, તેને બરાબર ઓળખી લે, તેના કાર્યને જુએ, તથા તેને દૂર કરવા માટે દિવ્ય શક્તિને સાદ કરે તો એવી મંદતાના ગાળાને ઘણો ટૂંકાવી નાંખી શકાય તથા તેની તીવ્રતા પણ ઓછી થઈ જાય છે. પરંતુ એ પ્રમાણે થાય કે ન થાય તો પણ પ્રભુની દિવ્ય શક્તિ તો પાછળ રહીને પોતાનું કાર્ય

સદા કરતી જ હોય છે, અને એક દિવસ, જ્યારે સાધક તેની આશા છોડીને બેઠો હોય તેવે વખતે, બધી બાધાઓ તૂટી જાય છે, અંધકારનાં વાદળાંઓ વીખરાઇ જાય છે, ફરીને પાછાં જ્યોતિ અને તડકો બહાર નીકળે છે. આવા ગાળામાં, જો સાધકથી થઇ શકે તો, સારામાં સારૂં તો એ છે કે બિલકુલ અકળાવું નહિ, નિરાશ થવું નહિ, પરંતુ અંતરથી સ્થિર રહીને પોતાનો સદાગ્રહ ચાલુ રાખવો, તથા પોતાની ચેતનાને પ્રભુ પ્રત્યે ઉન્મુખ રાખવી, ભગવાનની જ્યોતિમાં પોતાની જાતને પાથરી દેવી તથા શ્રદ્ધાપૂર્વક તેના આગમનની વાટ જોવી. આ પ્રમાણે કરવાથી એ ઉદ્વેગનો સમય ટુંકાય છે એવો મારો અનુભવ છે. પછીથી, જ્યારે બાધા દૂર થાય છે ત્યારે; સાધકને જણાય છે કે મહાન પ્રગતિ સધાઇ છે, તથા પોતાની ચેતના પહેલાં કરતાં ઘણા વધારે પ્રમાણમાં ઊર્ધ્વ ચેતનાને ગ્રહણ કરી શકે છે – તથા તેને ધારણ કરી શકે છે. આધ્યાત્મિક જીવનની એકેએક કસોટી તથા મુશ્કેલીનો બદલો સાધકને મળે છે જ.

*

ભગવાનની દિવ્ય શક્તિની પારખ તથા પોતાની પ્રકૃતિને તેની સાથે સંવાદિ બનાવવાની ક્રિયા પોતાની પ્રકૃતિમાં રહેલી અપૂર્ણતાઓના સ્વીકાર વગર થઇ શકે તેમ નથી એ સાચું

છે તો પણ એ અપૂર્ણતાઓ ઉપર, યા તો તેઓ જે મુશ્કેલીઓ ઊભી કરે છે તેમના ઉપર અતિશય ભાર મૂકવાની વૃત્તિ ભૂલભરેલી છે. વળી પોતાને નડતી મુશ્કેલીઓને કારણે, ભગવાનના કાર્યમાં અવિશ્વાસ લાવવો, યા તો સઘળી બાબતની કાળી બાજુ ઉપર સતત ભાર મૂક્યા કરવો એ પણ ખોટું છે. એ પ્રમાણે કરવાથી મુશ્કેલીઓના બળમાં વધારો થાય છે. તથા અપૂર્ણતાઓના સાતત્યને ટકી રહેવાનો હક વધારે પ્રમાણમાં મળે છે. ડૉ. કૂએના જેવી અતિઆશાવાદી વૃત્તિ રાખવાનો હું આગ્રહ નથી કરતો, જો કે અતિ આશાવાદ અતિ નિરાશાવાદ કરતાં સાધકને વધારે મદદગાર છે. કૂએનો અતિ આશાવાદ મુશ્કેલીઓને ઢાંકી દેવા માગે છે, દૂર નથી કરતો. વળી સઘળી બાબતમાં પ્રમાણ જાળવવાનું હોય છે. તમારી બાબતમાં મુશ્કેલીઓના ઉપર ઢાંકપીછોડો કરી અતિ આશામય સ્વપ્ન રચીને જાતને છેતરવાનો સવાલ જ નથી. તમારી બાબતમાં તો એથી ઉલટું છે; તમે તો અંધકારની છાયા ઉપર વધારે ભાર મૂકો છો. અને તેમ કરીને તેનો અંધકાર વધારે ગાઢ બનાવો છો, અને પરિણામે જ્યોતિમાં નીકળી આવવાની બારીઓને પણ તમે બંધ કરો છો. શ્રદ્ધા રાખો, વધારે ને વધારે શ્રદ્ધા રાખો, તમારી ભાવિ શક્યતાઓમાં તથા પડદા પાછળ કામ કરી રહેલી શક્તિમાં શ્રદ્ધા રાખો. તમારામાં થનારા કાર્યમાં તથા તેને માટે સ્વેચ્છાપૂર્વક આપવામાં આવેલ દોરવણીમાં શ્રદ્ધા રાખો.

સર્વે કરણોમાં ઊર્ધ્વ ચેતનાને વારંવાર સ્થાપન કરવી એ એક માત્ર ઉપાય છે.

*

દરેક સાધકને પોતાની ચેતના નીચેનાં સ્તરોમાં ખૂંપી ગયાનો અનુભવ કોઇ કોઇ વખતે તો થાય છે. એમ થવાનાં કારણો જુદાં જુદાં હોય છે – કેટલીક વખત બહારની પ્રકૃતિના સ્પર્શને, કેટલીક વાર પ્રાણમાં, અને ખાસ કરીને પ્રાણના નીચેના સ્તરમાં, હજુ સુધી જેનું રૂપાંતર થયું નથી, યા તો પૂરતા પ્રમાણમાં થયું નથી, એવું કોઇ તત્ત્વ હોય છે તેને, તે આભારી હોય છે; કેટલીક વાર સ્થૂળ, અન્નમય ચેતનામાંથી જડતા, યા તો તમોગ્રસ્તતા, ઉપર ઉભરાઇ આવે એ પણ કારણભૂત હોય છે. જ્યારે એવી તમોગુણવાળી દશા આવે ત્યારે સ્થિર રહો, માતાજી પ્રત્યે તમારી જાતને ખુલ્લી કરો, સાચી આંતર સ્થિતિને પાછી તમારી અંદર બોલાવો, તથા તમારી પોતાની અંદરના જે ભાગને ઠેકાણે લાવવાની જરૂર હોય તે ભાગની અવસ્થાનું કારણ તમારી અંદરથી જ તમને બતાવી શકે એવી વિશદ અને અક્ષુબ્ધ વિવેકશક્તિને માટે અભીપ્સા કરો.

*

સાધનાની બે અવસ્થાઓ વચ્ચે તૈયારી કરવાના અને પચાવવાના વિરામો હમેશાં આવે છે. પરંતુ એ વિરામો એટલે સાધનામાં આવી પડતાં અનિષ્ટ ગાબડાં હોય એ પ્રમાણે તમારે તેમનાથી અકળાવું ન જોઇએ, યા તો અધીર થવું ન જોઇએ. વળી મહાશક્તિ સાધકની પ્રકૃતિના અંશને લઇને ઊર્ધ્વ ચેતનામાં આરોહણ કરે છે અને ત્યાર પછી પ્રકૃતિના વધારે નિમ્ન સ્તરમાં અવરોહણ કરે છે – ઉતરે છે, – તેને પણ ઊર્ધ્વમાં લઈ જવા; આરોહણ અવરોહણની આ ગતિ ઘણી વખત અતિશય ત્રાસદાયક હોય છે. કારણ કે સીધી લીટીમાં ઊર્ધ્વ ગતિ કરવા માટે પક્ષપાતી માનવ મન, તથા ત્વરિત સાર્થકતાને માટે અતિ આતુર માનવ પ્રાણ, એ અટપટી ગતિને સમજી, યા તો અનુસરી, શકતા નથી. તેથી તે શોકાતુર બને યા તો અકળાઇને ગુસ્સે થાય એ બનવાજોગ છે. પરંતુ પ્રકૃતિ સમગ્રનું રૂપાંતર સાધવું એ કાંઇ સહેલી વાત નથી અને જે શક્તિ એ કાર્ય કરે છે તે, આપણી બુદ્ધિના અજ્ઞાન અને પ્રાણની અધીરાઇ કરતાં, એ કાર્યને વધારે સારી રીતે જાણે છે.

*

માતાજીની સાથે હમેશાં સંબંધમાં હોય, પ્રકૃતિ પાસે પોતાના પ્રધાન આશયનો અને અભીપ્સાનો સ્વીકાર કરાવી

શકે તથા પ્રકૃતિની શક્તિઓનાં મોજાંથી હમેશાં પર એવી કેન્દ્રસ્થ તપઃશક્તિની ગેરહાજરી એ યોગસાધનામાં એક ઘણી જ ગભીર મુશ્કેલી છે. એ પ્રમાણે થવાનું કારણ એ છે કે તમે તમારી કેન્દ્રસ્થ વ્યક્તિતામાં હજી તમારી ચેતનાને ધારણ કરવાનું શીખ્યા નથી. જે કોઇ જાતની શક્તિનું મોજું – પછી તે ગમે તેવું હોય – તમારી ઉપર ધસી જાય છે તેની સાથે ઘસડાઇ જવાનો અને, તેટલા વખત પૂરતું, તેની સાથે તાદાત્મ્ય સાધવાનો તમને અભ્યાસ પડી ગયો છે. યોગસાધનામાં સાધકે ભૂલી જવાની વસ્તુઓમાં એ અભ્યાસ એક ભૂલવાની વસ્તુ છે. અંતરાત્માને તમારા પાયા તરીકે કાયમ રાખીને તમારી કેન્દ્રસ્થ સત્તાને તમારે શોધી કાઢવાની છે અને તેમાં તમારે જીવન ધારણ કરવાનું છે.

*

ગમે તેટલી મુશ્કેલીભરેલી લડાઇ હોય પરંતુ હાલ ને હાલ આખર સુધી લડી લેવું એ જ ઉપાય છે.

મુશ્કેલી એ છે કે તમારી ખરેખરી બાધાની સામે તમે પૂરેપૂરી નજર માંડી નથી અને તેના પર વિજય મેળવ્યો નથી. તમારી પ્રકૃતિના એક ઘણા જ આગળ પડતા મૌલિક ભાગમાં અહંપ્રધાન વ્યક્તિતાનું એક મજબુત ચોકઠું આવી રહેલું છે. તમારી આધ્યાત્મિક અભીપ્સામાં એ ઘડતરે અભિ-

માનનું અને આધ્યાત્મિક મહત્વાકાંક્ષાનું તત્ત્વ ભેળવ્યું છે. પોતાનાથી કોઇ વધારે સાચી અને વધારે દિવ્ય વસ્તુને સ્થાન આપવા માટે પોતાનો લય કરવાની અનુમતિ એ ઘડતરે કદી આપી નથી. એટલે, જ્યારે માતાજી તમારા ઉપર પોતાની દિવ્ય શક્તિનું દબાણ મૂકે છે, યા તો જ્યારે તમે પોતે એ મહાશક્તિને તમારી અંદર ખેંચો છો ત્યારે એ ઘડતરે મહાશક્તિને તમારી અંદર પોતાનું કાર્ય પોતાની રીતે કરતાં અટકાવી છે. મનના વિચારો પ્રમાણે, યા તો અહંની કોઇ માગણીને અનુસાર, તમારા એ ભાગે પોતે જ કાર્ય શરૂ કર્યું છે, અને પોતાને ફાવે તે રીતે પોતાની સૃષ્ટિ રચવા, પોતાની સાધના સાધવા, પોતાની તપસ્યા કરવા તે પ્રયત્ન કરે છે. એ ભાગમાં તમે કદી પણ સાચું સમર્પણ કર્યું જ નથી, ભગવતી માના હાથમાં તમારી જાતને, છૂટથી અને સરળભાવે, તમે કદી મૂકી જ નથી. અને છતાં, વિજ્ઞાનયોગમાં સફળતા મેળવવાનો એ એક માત્ર ઉપાય છે. અહીં 'યોગી,' 'સંન્યાસી' કે 'તપસ્વી' બનવાનો ઉદ્દેશ નથી. અહીં તો રૂપાંતર સાધવાનો હેતુ છે. અને એ રૂપાંતર તમારી શક્તિના કરતાં અનંતગુણ મહાન શક્તિ વડે જ સાધી શકાય તેમ છે; ભગવતી માના હાથમાં સાચેસાચી રીતે બાળક જેવા થઇ રહેવાથી જ તે કાર્ય થઇ શકે તેમ છે.

*

યોગસાધનામાં સફળતા મેળવવાની આશા છોડી દેવાનું તમારે કશું કારણ નથી. અત્યારે નિરુત્સાહની જે અવસ્થા તમે અનુભવી રહ્યા છો તે આગંતુક છે, થોડા સમય માટેની છે, અને સમર્થમાં સમર્થ સાધક પણ એક યા બીજી વાર તેના હાથમાં જઇ પડે છે, યા તો ઘણી વાર તે ફરીફરીને પણ આવે છે. આવી અવસ્થામાં તમારી અંદર જે ભાગ જાગ્રત થયેલો હોય તેની મદદ વડે ધૃતિ રાખવી, વિરોધી સૂચનોનો ત્યાગ કરવો, અને વાટ જોવી તથા ભગવાનની સત્ય શક્તિ પ્રત્યે તમારી જાતને જેટલી ખુલ્લી કરી શકો તેટલી કરવા પ્રયત્ન કરવો, અને મંદોત્સાહની દશા જેની અંતરાવસ્થા છે તે અણિનો યા તો ફેરફારનો અંત આવે ત્યાં સુધી મંડ્યા રહેવું,– એટલું જ કરવાની જરૂર છે. તમે લાયક નથી અને તમારે સામાન્ય જીવનમાં પાછા પડવું જોઇએ એવાં જે સૂચનો તમારા મનમાં આવે છે તે વિરોધી શક્તિઓની ઉશ્કેરણી છે. એ જાતના વિચારોને નિમ્ન પ્રકૃતિની શોધ તરીકે જ ગણીને તેમનો હમેશાં અનાદર કરવો જોઇએ; એ વિચારો આપણા અજ્ઞાની મનની ખાત્રી કરી આપે એવા દેખીતા આભાસો ઉપરથી, સકારણ લાગતા હોય તો પણ તે જૂઠા હોય છે, કારણ કે એક તાત્કાલિક ગતિની અતિશયોક્તિ કરીને તેને નિશ્ચયાત્મક અને આખરી સત્ય તરીકે તે રજુ કરે છે. તમારી અંદર એક જ સત્ય છે જેને તમારે વારેવારે પકડી રાખવાનું છે. એ સત્ય તમારી અંદર રહેલ

દિવ્ય શક્યતાઓનું તથા ઊર્ધ્વ જ્યોતિનો તમારી પ્રકૃતિને સાદ થયો છે તેનું સત્ય છે. એ સત્યને જો તમે હમેશાં પકડી રાખશો, વળગી રહેશો, યા તો કદાચ થોડા સમય માટે તેમાંથી વિચલિત થઇ જવાય તો પણ વારે વારે તેને જ પાછા વળગી રહેશો, તો બધી મુશ્કેલીઓ, બાધાઓ અને સ્ખલનો છતાં, આખરે તે સત્ય સફળ નીવડશે. તમારી આધ્યાત્મિક પ્રકૃતિનો ક્રમે ક્રમે વિકાસ થતાં જે કાંઇ વિરોધ કરે છે તેનો, યોગ્ય સમયે, લોપ થઇ જશે.

જરૂર છે તે પ્રાણમય પ્રકૃતિના પરિવર્તનની અને તેના સમર્પણની. પ્રાણમય પ્રકૃતિએ ઉચ્ચતમ સત્યને જ માટે માગણી કરતાં શીખવું જોઇએ અને પોતાના ઉતરતા પ્રકારના આવેગોને અને કામનાઓને સંતોષવાનો આગ્રહ તેણે છોડી દેવો જોઇએ. આધ્યાત્મિક જીવનમાં સંપૂર્ણ તૃપ્તિ અને સમગ્ર પ્રકૃતિનો આનંદ પ્રાણની એ વફાદાર ભાગીદારીને પરિણામે આવે છે. જ્યારે એ સ્થિતિ હશે ત્યારે સામાન્ય જીવનમાં પાછા જવાનો વિચાર સુદ્ધાં અશક્ય થઈ પડશે. એવું બને ત્યાં સુધીમાં માનસિક તપઃશક્તિ અને અંતરાત્માની અભીપ્સા એ બે તમારા ટેકારૂપ થઈ રહેવાં જોઇએ. તમે આગ્રહ ચાલુ રાખશો તો પ્રાણ આખરે શરણે આવશે, પરિવર્તન પામશે અને સમર્પણ કરશે.

તમારા મનમાં અને હૃદયમાં દિવ્ય સત્યને ખાતર, – કેવળ તેને જ ખાતર – જીવવાનો દૃઢ સંકલ્પ કરો; એ સંકલ્પથી વિરુદ્ધ હોય, તેની સાથે બંધબેસતું ન હોય, તે સર્વેનો ત્યાગ કરો, તથા નિમ્ન કામનાઓથી પરાઙ્મુખ થઇ જાઓ; તમારી જાતને પ્રભુની મહાશક્તિ પ્રત્યે જ ખુલ્લા કરવાની – બીજા કોઈ પ્રત્યે નહિ – અભીપ્સા કરો. પૂરેપૂરી સહૃદયતાથી આ પ્રમાણે કરી જુઓ, અને જે પ્રત્યક્ષ અને જીવંત સહાયની તમારે જરૂર છે તે મળ્યા વિના નહિ રહે.

*

તમે જે ભાવ ધારણ કર્યો છે તે બરાબર છે. કેટલીક વાર તમારા ઉપર હૂમલાઓ આવે છે અને ઋત – ચેતનામાંથી તમને હઠાવી દે છે. તેમનો આટલી બધી ઝડપથી પરાજય કરવામાં તમને એ ભાવ અને એ વલણ મદદ કરે છે. તમારા કહેવા મુજબ મુશ્કેલીઓને એ ભાવે સ્વીકારતાં તેઓ તકના રૂપમાં ફેરવાઇ જાય છે. જ્યારે મુશ્કેલીનો સામનો સાચા વલણથી કરવામાં આવે છે તથા તેનો પરાજય કરવામાં આવે છે ત્યારે સાધકને માલમ પડે છે કે એક બાધા દૂર થઇ ગઇ છે અને પોતે એક ડગલું આગળ ધપ્યો છે. આવી સ્થિતિમાં પ્રશ્નો કરવાથી, કોઇ ભાગમાં વિરોધ કરવાથી, ઉલટું અડચણો અને મુશ્કેલીઓ વધે છે. એ કારણથી પ્રાચીન

યોગશાસ્ત્રોમાં ગુરુની આજ્ઞાઓનો વગર પ્રશ્ન કર્યે સ્વીકાર અને તેમનું અચુક પાલન એ સાધનાની અનિવાર્ય શરતો તરીકે મૂકવામાં આવ્યાં છે. એ માગણી ગુરુના લાભને ખાતર નહિ પરંતુ શિષ્યના હિતને ખાતર કરવામાં આવી હતી.

*

વસ્તુઓના દૃષ્ટા તરીકે તેમને જોવી એ એક વાત છે અને તેમને તમારી અંદર પ્રવેશ કરવા દેવો એ તદ્દન જુદી જ વાત છે. સાધકે ઘણી વસ્તુઓને અનુભવવાની, જોવાની, અવલોકવાની હોય છે, તેમને પોતાની ચેતનાના ક્ષેત્રમાં લાવવાની હોય છે તથા તેમને વિષે જ્ઞાન મેળવવાનું હોય છે. પરંતુ તેથી કરીને તમારી અંદર તેમને પ્રવેશ કરવા દેવો અને તમારા પર તેમને અધિકાર જમાવવા દેવો એવું કાંઇ નથી. ફક્ત પ્રભુ, યા તો પ્રભુના તરફથી જે કાંઇ આવતું હોય તેજ તમારી અંદર પ્રવેશ કરી શકે.

સર્વ પ્રકારની જ્યોતિ સારી છે, હિતકારક છે એમ કહેવું એ તો સઘળા પ્રકારનાં પાણી ઉત્તમ છે – અથવા તો, સર્વ પ્રકારનાં સ્વચ્છ અને નીતર્યાં પાણી સારાં છે એમ કહેવા બરાબર જ ગણાય, એમ કહેવું સાચું નથી. જ્યોતિ કયા પ્રકારની છે, યા તો તે ક્યાંથી આવે છે, તેની અંદર

શું રહેલું છે, વગેરે સાધકે જોવું અને જાણવું જોઇએ. ત્યાર પછી જ તે સત્ય જ્યોતિ છે એમ કહી શકાય. અસત્ય પ્રભાઓ અને આડે માર્ગે દોરનારા ચમકારાઓ પણ હોય છે; વળી ચેતનાના નિમ્ન ભાગોનાં નિમ્ન તેજ પણ હોય છે. એટલે જ સાધકે સાવચેત રહેવું જોઇએ અને વિવેક કરવો જોઇએ. અંતરાત્માની લાગણીના, વિશુદ્ધ મનના તથા અનુભવના વિકાસને પરિણામે એવી સાચી વિવેકશક્તિ પ્રાપ્ત થાય છે.

*

તમે જે બૂમ સાંભળી તે તમારા સ્થૂલ હૃદયમાં નહિ પરંતુ ભાવના સૂક્ષ્મ હૃદયકેન્દ્રમાં હતી. કોઇ ભીંત તૂટવાનો જે અનુભવ થયો તે તમારી બાધાના, અથવા તો, કાંઇ નહિ તો, તમારી આંતર અને બહિર્મુખ સત્તાની – ચેતનાની – વચ્ચે આવી રહેલો કોઇ અંતરાયના, તૂટવાનો સૂચક હતો. ઘણા ખરા માણસો ભગવાન પ્રત્યે સહેલાઇથી ખુલી શકે નહિ એવી સામાન્ય, બહિર્મુખ, અજ્ઞાની વ્યક્તિતામાં જીવતા હોય છે; પરંતુ તેમની અંદર, તેમને અજ્ઞાત, અંતર્મુખ ચેતના હોય છે. એ અંતર્મુખ ચેતના સત્ય પ્રત્યે તથા જ્યોતિ પ્રત્યે સહેલાઇથી ખુલ્લી થઇ શકે છે. પરંતુ એ અંતર ચેતના અને સાધકની જાગ્રત ચેતના વચ્ચે તમોગ્રસ્તતાની અને અચેતનતાની ભીંત આડી આવેલી હોય છે. જ્યારે એ ભીંત

તૂટે છે ત્યારે મુક્તિ મળે છે. અનુભૂતિ થયા પછી તરત જ સ્થિરતાની, આનંદની તથા હર્ષની લાગણીઓ તમને થઇ હતી તે એવી મુક્તિને આભારી હતી. અને તમે જે બૂમ સાંભળી તે તો અંતરાયની દીવાલ ઓચિંતી તૂટી ગઇ અને મોકળાશ થઇ તેથી તમારા પ્રાણનો એક ભાગ ચમકી ગયો તેની એ બૂમ હતી.

*

સામાન્ય રીતે ચેતના અન્નમય દેહમાં બદ્ધ થયેલી હોય છે, મસ્તકની અંદર આવેલા મગજના ભાગમાં, હૃદયમાં, અને નાભિમાં તે કેન્દ્રિત થયેલી હોય છે — (મનોમય, ભાવમય, અને ઇન્દ્રિયાધિષ્ઠિત ક્રિયાઓ પૂરતી); જ્યારે એ ચેતના, યા તો તેનો કોઇક અંશ આરોહણ કરતો તમે અનુભવો અને તે મસ્તકની ઉપર પોતાનું સ્થાન જમાવે ત્યારે દેહના બંધનમાં પડેલી ચેતનાની મુક્તિની એ નિશાની સમજવી. તમારી મનોમય ચેતના ઊર્ધ્વમાં આરોહણ કરે છે તથા ત્યાં આગળ સામાન્ય માનસિક ચેતના કરતાં ઉચ્ચતર વસ્તુ જોડે તે સંબંધમાં આવે છે અને ત્યાં રહીને તે રૂપાંતર કરવા માટેની તપઃશક્તિને તમારી પ્રકૃતિના બીજા ભાગો પર મૂકે છે. કંપ, અને ઉષ્ણતાની લાગણી વિરોધને પરિણામે, – આ મુક્તિનો અને એ માગણીને પૂરી કરવાનો દેહને અને

પ્રાણને અભ્યાસ ન હતો તેને પરિણામે, થતાં હતાં. જ્યારે મનોમય સત્તા હમેશને માટે, યા તો ધારે ત્યારે, ઊર્ધ્વ ચેતનામાં આ પ્રમાણે પોતાની સ્થાપના કરી શકે ત્યારે એ આરંભની મુક્તિ સિદ્ધ થાય છે. ત્યાં સ્થિર થઇને મનોમય સત્તા ઉચ્ચતર ભૂમિકાઓ પ્રત્યે, યા તો વિરાટ ચેતના તથા તેની શક્તિઓ પ્રત્યે, છૂટથી ખુલ્લી થઈ શકે છે તથા નિમ્ન પ્રકૃતિના ઉપર વધારે મુક્તપણે અને સામર્થ્યસહિત કાર્ય કરી શકે છે.

*

આવિર્ભાવ કરવાની ભગવાનની પદ્ધતિ સ્થિરતા અને સુમેળ યાને સુરતા મારફત, નહિ કે વિનાશકારક વિપ્લવો મારફત કાર્ય કરે છે. વિનાશક વિપ્લવો એ તો અથડામણની —સામાન્ય રીતે પરસ્પર આથડતી પ્રાણની શક્તિઓની— નિશાની છે, પરંતુ એ અથડામણ નિમ્ન ભૂમિકા ઉપર થતી હોય છે.

તમે વિરોધી શક્તિઓના ઉપર જોઇએ તે કરતાં વધારે વિચાર કરો છો. એ જાતનો મિથ્યા વ્યવસાય નકામી એવી ઘણી અથડામણ ઉભી કરે છે. ભાવાત્મક બાજુના ઉપર તમારા મનને એકાગ્ર કરો. માની શક્તિ પ્રત્યે ખુલ્લા થાઓ, મહાશક્તિના રક્ષણ ઉપર એકાગ્રતા રાખો, જ્યોતિને માટે,

સ્થિરતાને માટે, શાંતિ તથા શુદ્ધિને માટે અને દિવ્ય ચેતનામાં તથા દિવ્ય જ્ઞાનમાં ચેતનાનો વિકાસ થાય તે માટે અંતરથી સાદ કરો.

કસોટી થવાનો વિચાર છે તે પણ બળપ્રદ નથી, અને એ વિચારને તાણીને અતિ દૂર લઇ જવો જોઇએ નહિ. કસોટીઓ પ્રભુ તરફથી નહિ પરંતુ મનોમય, પ્રાણમય, અન્નમય વગેરે નિમ્ન ભૂમિકાઓની શક્તિઓ તરફથી આવે છે. અને પ્રભુ એવી કસોટીઓ થવા દે છે, તેમને પરવાનગી આપે છે, કારણ કે અંતરાત્માની કેળવણીનો એ એક ભાગ છે તથા આત્મજ્ઞાન મેળવવામાં, પોતાની શક્તિઓનું અને પોતાને વટાવવાની મર્યાદાઓનું જ્ઞાન મેળવવામાં એવી કસોટીઓ મદદ કરે છે. પ્રત્યેક ક્ષણે માતાજી તમારી કસોટી નથી કરતાં, પરંતુ નિમ્ન પ્રકૃતિના ભાગ તરીકે કસોટીઓની અને મુશ્કેલીઓની જે જરૂરિયાત હોય છે તેનાથી ઉપર આરોહણ કરવા માટે – ઉપર ચઢવા માટે – તમને તે પ્રત્યેક ક્ષણે મદદ કરી રહ્યાં છે. માતાજીની એ સતત સહાય વિષે હમેશાં સચેતન થવું એ વિરોધી શક્તિઓના કે તમારી પોતાની નિમ્ન પ્રકૃતિના, સર્વે હૂમલાઓ સામે સારામાં સારૂં સંરક્ષણ છે.

*

વિરોધી શક્તિઓએ પોતાને માથે લઇ લીધેલું એવું

વિશિષ્ટ કાર્ય છે: એ કાર્ય એટલે વ્યક્તિની, કાર્યની, પાર્થિવ ભૂમિકાની સ્થિતિની તથા આધ્યાત્મિક અવરોહણ તથા સાર્થકતા સિદ્ધ કરવા માટેની તૈયારીની, કસોટી કરવાનું કાર્ય. સાધનાને ડગલે ને પગલે તેઓ ઉગ્રતાપૂર્વક હૂમલાઓ કરે છે, ટીકા કરે છે, નિરુત્સાહનાં સૂચનો કરે છે, તેમને સાધકના ઉપર લાદે છે, યા તો બળવો કરવા ઉશ્કેરે છે, અશ્રદ્ધાને જાગ્રત કરે છે, મુશ્કેલીઓને વધારે છે. એમના એ કાર્યને અંગે જે હક્કો આપવામાં આવ્યા છે તેમનો તેઓ અતિશયોક્તિ ભરેલો અર્થ કરે છે, — અમને જે અણુ જેટલું દેખાય છે તેમાંથી તેઓ પર્વતો બનાવે છે. નજીવું, સહેજ ખોટું પગલું ભરાયું, યા તો સ્ખલન થયું કે તરત જ તેઓ સાધકને દેખા દે છે અને તેની આગળ આખો હિમાલય રજુ કરી રસ્તો રોકે છે. પરંતુ પ્રાચીન કાળથી આ વિરોધને પરવાનગી આપવામાં આવી છે તે કેવળ કસોટી, યા તો પરીક્ષા કરવા માટે નહિ પરંતુ મહત્તર સામર્થ્ય, વધારે સંપૂર્ણ જ્ઞાન, વધારે સૂક્ષ્મ વિશુદ્ધિ અને અભીપ્સા, કશાથી પણ ડગે નહિ એવી શ્રદ્ધા, તથા પ્રભુની કરુણાનું વધારે સમર્થ અવતરણ વગેરેને માટે શોધ કરવાની આપણને ફરજ પડે તેટલા માટે છે.

*

નિમ્ન શક્તિઓને જાગ્રત કરવાના હેતુથી મહાશક્તિ સાધકમાં કાર્ય નથી કરતી. પરંતુ અત્યારે જે રીતે કાર્ય કરવું પડે છે તે કરતાં એના કાર્યના પ્રતિકાર્ય તરીકે એવી શક્તિઓ જાગ્રત થઇ જાય છે. સમગ્ર પ્રકૃતિના પાયામાં સ્થિર અને વિશાળ ચેતનાની સ્થાપના કરવાની જરૂર છે. એમ કરવાથી જ્યારે નિમ્નપ્રકૃતિ જાગ્રત થશે ત્યારે તે એક હૂમલા તરીકે, યા તો એક લડત તરીકે, નહિ દેખાય પરંતુ વર્તમાન પ્રકૃતિરૂપી યંત્રની ખામીઓને સર્વ શક્તિઓનો પ્રભુ સ્વયં જુવે છે અને તેને સમારવા માટે અને બદલવા માટે જે કાંઇ કરવાની જરૂર હોય તે તે કાર્ય એક પછી એક, રીતસર, કરે છે એવું તમને દેખાશે.

*

અવિદ્યાની શક્તિઓ પ્રથમ બહારથી ઘેરો નાખવાનો — ઘાલવાનો આરંભ કરે છે, — અને ત્યાર પછી સાધકને હરાવવા માટે તથા તેને કેદ કરવા માટે એક સામટો હલ્લો કરે છે. આવા હૂમલાને જ્યારે જ્યારે પાછા હઠાવી તેમનો પરાજય કરવામાં આવે છે ત્યારે ત્યારે ચેતનામાં વિશુદ્ધિ અને મુક્તિ પ્રાપ્ત થાય છે, અને મનમાં, પ્રાણમાં યા તો સ્થૂલ ચેતનામાં, કે પછી તેમની નજીકના પ્રકૃતિના કોઇ વિભાગમાં, મહા-શક્તિને માટે નવું ક્ષેત્ર સર થાય છે. પ્રાણની ભૂમિકામાં

માતાજીએ સર કરેલું ક્ષેત્ર વધવા માંડ્યું છે તે તો પહેલાં તમને સંપૂર્ણપણે હરાવી નાંખનારા હૂમલાઓ સામે તમે વધારે સમર્થ વિરોધ કરો છો એ હકીકત ઉપરથી સ્પષ્ટ જણાય છે.

આવે સમયે માતાજીની હાજરીને યા તો તેમની શક્તિને આવાહન કરીને પોતાની અંદર બોલાવવાની શક્તિ હોવી એ આ મુશ્કેલીનો સામનો કરવાનો સારામાં સારો ઉપાય છે.

તમે અંતરમાં જે વાર્તાલાપ કરો છો તે તમારી સાથે અને તમારી અંદર માતાજી હાજર છે તેની સાથે થાય છે. પરંતુ એવો વાર્તાલાપ કરતાં સાચી રીતે શ્રવણ કરવું જરૂરનું છે, જેથી કરીને અન્ય કોઇ અવાજ માતાજીના અવાજનું અનુકરણ કરી તમને છેતરી ન શકે, યા તો તમારી તથા તેની વચ્ચે આવી ન શકે.

*

તમારી મનોમય ચેતના અને ચૈત્ય-પુરુષ બન્ને આધ્યાત્મિક ઉદ્દેશના ઉપર એકાગ્ર છે અને પ્રભુ પ્રત્યે ઉન્મીલિત છે એ કારણને લીધે મહાશક્તિનો પ્રભાવ તમારા મસ્તકમાં અને હૃદય સુધી ઉતરે છે. પરંતુ તમારી પ્રાણમય સત્તા,

પ્રાણમય પ્રકૃતિ તથા અન્નમય ચેતના નિમ્ન પ્રકૃતિની અસર નીચે છે. જ્યાં સુધી પ્રાણમય તથા અન્નમય ચેતના સમર્પણ કરશે નહિ, યા તો પોતે પોતાની મેળે ઊર્ધ્વ જીવનને માટે માગણી કરશે નહિ ત્યાં સુધી અંતરનો ઝઘડો ચાલુ રહેવાનો સંભવ છે.

સર્વસ્વ સમર્પણ કરી દો, બીજી બધી કામનાઓને તથા હેતુઓને નકારો, પ્રાણની પ્રકૃતિને ઉન્મીલિત કરવા માટે તથા ચેતનાનાં સર્વે કેન્દ્રોમાં સ્થિરતા, શાંતિ, જ્યોતિ, આનંદ વગેરે ઉતારવા માટે દિવ્ય મહાશક્તિને સાદ કરો. અભીપ્સા કરો, પરિણામને માટે વાટ જુઓ-શ્રદ્ધા અને ધીરજ સાથે. સંપૂર્ણ સહૃદયતા ઉપર અને સમર્પણની તથા અભીપ્સાની સમગ્રતા ઉપર સઘળો આધાર છે.

જ્યાં સુધી તમારો કોઇ ભાગ સંસારનો હશે ત્યાં સુધી સંસાર તમને તકલીફ આપશે. જ્યારે તમે નિઃશેષપણે પ્રભુના થઇ રહેશો ત્યારે જ તમે મુક્ત થઇ શકશો.

*

જે માણસમાં જીવન અને તેની મુશ્કેલીઓનો દૃઢતાપૂર્વક અને ધૈર્ય સાથે સામનો કરવાની હિંમત નથી તે યોગસાધનાની

એથી યે મહાન મુશ્કેલીઓમાંથી કદી પસાર નહિ થઇ શકે. જીવનનો અને તેની કસોટીઓનો મન સ્થિર રાખીને, દૃઢ હિંમતથી અને દિવ્ય મહાશક્તિ ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખીને સામનો કરવો એ આ યોગસાધનાનો સૌથી પહેલો પાઠ છે.

*

આપઘાત કરવાનો ઉકેલ અર્થ વગરનો છે: એનાથી તેને શાંતિ મળશે એમ તે ધારતો હોય તો એ મોટી ભૂલ કરે છે. પરલોકમાં, વધારે દુ:ખી અવસ્થામાં તે પોતાની અત્યારની મુશ્કેલીઓ ફક્ત સાથે લઇ જશે અને પૃથ્વી ઉપર બીજા જન્મમાં તેમને પાછી લઇ આવશે. આવા વ્યાધિ-ગ્રસ્ત વિચારોને ખંખેરી નાંખવા અને જીવનના હેતુ તરીકે કોઇ નિશ્ચિત કાર્યનો સ્વીકાર કરીને તે સાધવા માટે વિશદ તપઃશક્તિ; તથા સ્થિર અને સક્રિય હિંમત સહિત જીવનનો સામનો કરવો એ એક માત્ર ઉપાય છે.

*

સ્થૂલ કાયામાં રહીને સાધના કરવાની છે, દેહ વિનાના અંતરાત્માથી તે થઇ શકે નહિ. જ્યારે દેહ પડી જાય છે

ત્યારે અંતરાત્મા અન્ય લોકોમાં ભ્રમણ કરે છે અને આખરે અન્ય જીવન અને અન્ય દેહને તે ધારણ કરે છે. ત્યાર પછી તેણે પૂર્વજીવનમાં નહિ ઉકેલેલી સર્વે મુશ્કેલીઓ તેને નવ-જીવનમાં આવી મળે છે. એટલે, દેહનો ત્યાગ કરવાનો શો ઉપયોગ છે?

વધારામાં, જો કોઇ માણસ રિસાઇને દેહનો ત્યાગ કરે છે તો મરણ પછી અન્ય લોકોમાં તેને ઘણું સહન કરવું પડે છે અને જ્યારે તે ફરીને જન્મ લે છે ત્યારે તેની સ્થિતિ ઉલટી વધારે ખરાબ — વધારે સારી નહિ — હોય છે.

એટલે આ જીવનમાં અને આ શરીરમાં રહીને મુશ્કેલી-ઓનો સામનો કરવો તથા તેમના પર જીત મેળવવી એ જ ડહાપણ ભરેલું છે.

*

યોગનું અંતિમ લક્ષ સિદ્ધ કરવું હમેશાં મુશ્કેલ હોય છે. પરંતુ આ યોગ બીજા કરતાં વધારે કષ્ટસાધ્ય છે. એટલે જેમને આ યોગને માટે અંતરમાં સાદ થયો હોય, જેમનામાં શક્તિ હોય તથા સર્વ પ્રકારનાં જોખમો ખેડવાની — નિષ્ફળ જવાની પણ — જેમની તૈયારી હોય, સંપૂર્ણ

નિઃસ્વાર્થતા, નિષ્કામતા અને સમર્પણ સાધવામાં આગળ વધવાનો જેમનો સંકલ્પ હોય તેમને માટે આ યોગ છે.

*

તમારી અને મહાશક્તિ માની વચ્ચે કોઇ પણ વસ્તુને કે કોઇ પણ વ્યક્તિને આવવા દો નહિ. એ શક્તિને તમારી અંદર પ્રવેશ કરવા દેવા ઉપર તમારી અંદર તેને ધારણ કરી રાખવા ઉપર તથા સાચી પ્રેરણાને પ્રત્યુત્તર આપવા ઉપર — મને ઘડેલા વિચારો ઉપર નહિ — સફળતાનો આધાર રહેશે. બીજી રીતે ઉપયોગી એવા વિચારો યા તો યોજનાઓ પણ નિષ્ફળ જશે, — જો તેમની પાછળ સાચી ભાવના, સાચી શક્તિ અને સાચી અસર-પ્રભાવ નહિ હોય તો.

*

તમારી મુશ્કેલી અવિશ્વાસ અને આજ્ઞાભંગને લઇને ઊભી થયેલી હોવી જોઇએ. કારણ કે અવિશ્વાસ અને આજ્ઞાભંગ બન્ને જૂઠાણાંના જેવા છે, — તે પોતે જ અસત્ય વિચારો અને અસત્ય આવેગો ઉપર ઊભેલાં જૂઠાણાં છે — તેઓ મહાશક્તિના કામમાં દખલ કરે છે, તેની અસરનું જ્ઞાન થતું અટકાવે છે, યા તો તેને પૂરેપૂરું કામ કરતાં અટકાવે છે તથા મહાશક્તિના સંરક્ષણની શક્તિ ઘટાડે છે.

કેવળ અંતરની એકાગ્રતામાં જ નહિ પરંતુ બાહ્ય કર્મોમાં તથા ગતિમાં તમારે સાચું વલણ ધારણ કરવું જોઇએ. જો એ પ્રમાણે કરશો અને માતાજીની દોરવણી નીચે સઘળું મૂકી દેશો તો તમને જણાશે કે મુશ્કેલીઓ ઓછી થતી જાય છે, યા તો તેમને ઘણી વધારે સરળતાથી ઉલ્લંઘવાનું બને છે, તથા સઘળી ક્રિયા મક્કમપણે સરળ બનતી જાય છે.

જે પ્રમાણે ધ્યાનમાં તમે કરો છો તે જ પ્રમાણે કામમાં તથા સર્વે કર્મોમાં તમારે કરવું જોઇએ. માતાજી પ્રત્યે ખુલ્લા થાઓ, તમારાં કાર્યને તેની દોરવણી તળે મૂકો, શાંતિને માટે, ટેકો આપનારી શક્તિને માટે, રક્ષાને માટે સાદ કરો, પ્રાર્થના કરો; એ વસ્તુઓ કાર્ય કરી શકે તે માટે, ખોટી, બેદરકાર યા તો અચેતન ક્રિયાઓ ઉત્પન્ન કરીને તેમના માર્ગમાં આડે આવે એવી સર્વ પ્રકારની અસમ્યક્ અસરોનો - પ્રભાવનો - ત્યાગ કરો.

આ સિદ્ધાંતનું પાલન કરો એટલે તમારી સમગ્ર ચેતના શાંતિમાં, આશ્રય આપનારી શક્તિમાં અને જ્યોતિમાં એક - અવિભક્ત, - બનશે અને એક - છત્ર તળે આવી જશે.

અંતરાત્મામાં ઝળહળતી દિવ્ય જ્યોતિ પ્રત્યે તથા હૃદયમાં સાંભળેલા દિવ્ય સાદ પ્રત્યે વફાદાર થવાની જરૂર વિષે મેં તમને કહ્યું ત્યારે ભૂતકાળમાં બનેલી કોઈ ઘટનાનો, યા તો તમારાથી થયેલા કોઇ સ્ખલનનો હું નિર્દેશ કરતો ન હતો. પરંતુ પ્રત્યેક કટોકટીને – અણિને – તથા વિરોધી શક્તિઓના હૂમલાને પ્રસંગે સાધકની એક મોટી જરૂરિયાત છે તેનું હું ફક્ત પ્રતિપાદન કરતો હતો, – એટલે કે એવે સમયે કોઇ પણ પ્રકારની વિરોધી સૂચનાને, પ્રભુપંથના વિરોધી આવેગોને, તથા લાલચોને સાંભળવાની પણ ના પાડવી, – અને પોતાના અંતરમાં સત્ય પ્રાપ્તિને માટે થયેલ સાદ, દિવ્ય જ્યોતિનો અનુલ્લંઘનીય – ન ઉથાપી શકાય એવો – અંગુલિ નિર્દેશ, થયો હોય તેની શક્તિ એ બધાના સામા પલ્લામાં મૂકવી. સર્વે પ્રકારની શંકાઓની અને નિરુત્સાહની સ્થિતિ આવે ત્યારે કહેવું, "હું તો પ્રભુનો થઈ ચૂક્યો છું, હું નિષ્ફળ થઇ શકું જ નહિ." તમારી અશુદ્ધિ અને નાલાયકાત વિષે મનમાં સૂચનાઓ આવે ત્યારે કહેવું, "હું, પ્રભુએ પસંદ કરેલ, શાશ્વતિનો પુત્ર છું; મારે તો ફક્ત મારા અંતરાત્મા પ્રત્યે તથા પ્રભુ પ્રત્યે વફાદાર રહેવાનું છે — વિજયની તો ખાત્રી છે જ. કદાચ હું પડીશ તો પણ હું પાછો ઊઠવાનો છું." જો અહીંથી જવાની વૃત્તિ થાય અને બીજો, કોઇ ઉતરતા પ્રકારનો, આદર્શ સેવવાનો આવેગ જાગે તો તેને કહેવું, "આજ સૌથી મહાન છે, મારા અંતરાત્માને તૃપ્તિ આપી

શકે એવું સત્ય કેવળ આ જ છે; સઘળી કસોટીઓ અને મુશ્કેલીઓમાંથી પસાર થઈને દિવ્ય યાત્રાના અંત સુધી હું ટકી રહેવાનો છું." દિવ્ય જ્યોતિ પ્રત્યે તથા અંતરના સાદ પ્રત્યેની વફાદારી હું કહું છું તેનો અર્થ આ છે.

આ જ લેખકનાં બીજાં પુસ્તકો

· ગુજરાતી ·

[અનુવાદક · **અંબાલાલ પુરાણી**]

યોગિક સાધન	૦-૮-૦
મા	૦-૮-૦
સૂત્રાવલી	૦-૫-૦
ભક્તિયોગ	૧ ૮-૦
વિજ્ઞાનયોગ	૨-૮-૦
શ્રીઅરવિંદ અંક (કૌમુદી)	૦-૧૦-૦
યોગ પર દીપ્તિઓ (Lights on Yoga)	૦-૧૦-૦
પૂર્ણયોગની ભૂમિકાઓ	૦-૮-૦

· હિન્દી ·

श्रीअरविंद ओर उनका योग	०-८-०
योगप्रदीप (Lights on Yoga)	०-८-०
इस जगतकी पहेली (Riddle of this World)	०-१०-०
श्रीअरविंदगीता (પ્રથમ ભાગ)	१-८-०
माता	०-४-०
क्या भारत सभ्य है ?	०-८-०
हमारी स्वतंत्रता कैसी हो ?	१-०-०

શ્રીઅરવિંદનાં અંગ્રેજી પુસ્તકોમાંનાં કેટલાંક :

Mother	1–0–0
Lights on Yoga	1–4–0
Bases of Yoga	3–0–0
Riddle of this World	2–0–0
Yogic Sadhan	1–0–0
Essays on the Gita 1st Series	6–0–0
Essays on the Gita 2nd Series	7–8–0
Isha Upnishad	1–8–0
Six Poems of Sri Aurobindo	1–0–0
Teachings and the Ashram of Sri Aurobindo	0-10-0
Life Sketch of Sri Aurobindo	0–4–0
Ideal of the Karmyogin	1-12-0
System of National Education	1–0–0
National Value of Art	0–8–0
Renaissance in India	1–4–0
Superman	0–6–0
Evolution	0–8–0
Uttarpara Speech	0–4–0

[દરેકનું ટ. ખ. જુદું]